# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
યામી ગૌતમ સ્ટારર 'આર્ટિકલ 370' પર ગલ્ફ દેશોમાં પ્રતિબંધ લાદી દેવાયો

પેજ-09
શુભમન ગિલે રાંચીમાં જે કર્યું તે અત્યાર સુધી વિરાટ-રોહિત પણ નથી કરી શક્યા



| હવામાન | | |
|---|---|---|
| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| અમદાવાદ | 33.00 | 22.00 |
| વડોદરા | 34.00 | 21.00 |
| સુરત | 36.00 | 22.00 |

પેજ 5



બિટકોઈન 2 વર્ષ પછી $57,000ને પાર : USમાં ક્રિપ્ટોકરન્સમાં...

**28** FEBRUARY-2024 WEDNESDAY

મંત્રીની મિલકત: બાંગ્લાદેશના પૂર્વ મંત્રી બ્રિટનમાં બે હજાર કરોડ...



પેજ 10

| શેરબજાર | | |
|---|---|---|
| સેન્સેક્સ | 73095.22 ▲ | 305.09 |
| નિફ્ટી | 22198.30 ▲ | 076.30 |
| સોનું | 62320.00 ▲ | 171.00 |
| ચાંદી | 69379.00 ▼ | 051.00 |



વર્ષ-13 । અંક-104 । વિક્રમ સંવત-2080 । ફાગણ વદ-04 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### હિમાચલમાં કોંગ્રેસ-ભાજપને 35-35 મત મળ્યા, છેવટે ચિઠ્ઠી ઉછાળી

# ભાજપે રાજ્યસભાની સીટ જીતી

### હિમાચલમાં કોંગ્રેસ જોખમમાં :
## બહુમત હોવા છતા કોંગ્રેસ હારી, આક્ષેપો વચ્ચે પરિણામ જાહેર

સિમલા | તા.27



હિમાચલપ્રદેશ રાજ્યસભાની ચૂંટણીનું ભારે વિરોધ, વિવાદ અને આક્ષેપો વચ્ચે પરિણામ જાહેર થયું છે. એક બેઠક માટે યોજાયેલા મતદાનમાં કોંગ્રેસ અને ભાજપને 35-35 મતો મળતાં બંને પક્ષો વચ્ચે આખરે ચિઠ્ઠી ઉછાળી નિર્ણય કરાયો છે, જેમાં ભાજપના ઉમેદવાર હર્ષ સંઘવીએ કોંગ્રેસના ઉમેદવાર અભિષેક મનુ સિંઘવીને હાર આપી છે. સૂત્રોના જણાવ્યા મુજબ છ ધારાસભ્યોએ કોંગ્રેસ વિરુદ્ધ ક્રોસ વોટિંગ કર્યું છે, અને તે મતો ભાજપમાં ટ્રાન્સફર થઈ ગયા છે.

### કોંગ્રેસના છ ધારાસભ્યોનું ભાજપ તરફી મતદાન

હિમાચલપ્રદેશમાં એક રાજ્યસભા બેઠક માટે યોજાયેલી ચૂંટણીમાં 68 ધારાસભ્યોએ મતદાન કર્યું હતું. ભાજપ અને કોંગ્રેસ, બંનેના ઉમેદવારોને 34-34 મતો મળ્યા છે. પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપ નેતા જયરામ ઠાકુરને દાવો કર્યો છે કે, બંને પક્ષોને એકસરખા મત મળ્યા છે. જોકે તેની સત્તાવાર જાહેરાત થવાની બાકી છે. અહેવાલો મુજબ ક્રોસ વોટિંગના કારણે હિમાચલમાં કોકડું ગૂંચવાયું છે. 6 ધારાસભ્યોએ કોંગ્રેસ વિરુદ્ધ ક્રોસ મતદાન કર્યું છે.

## ઉ.પ્રદેશ રાજ્યસભા ચૂંટણીમાં ભાજપના 8, સપાના બે ઉમેદવારની જીત

લખનૌ | તા.27

ઉત્તર પ્રદેશ રાજ્યસભાની ચૂંટણીમાં ભાજપના આઠ ઉમેદવારો અને સમાજવાદી પાર્ટીના બે ઉમેદવારોની જીત થઈ છે. 10 બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં 395 મતદારોએ મતદાન કર્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર ભાજપના તમામ ઉમેદાવાર સુધાંશુ ત્રિવેદી, આરપીએન સિંહ, ચૌધરી તેજવીર સિંહ, સાધના સિંહ, અમરપાલ મૌર્ય, સંગીતા બળવંત અને આગ્રાના મેયર નવીન જૈનની જીત થઈ છે,

### સપાના 7 ધારાસભ્યોનું ભાજપ તરફી મતદાન

રાજ્યસભાની ચૂંટણીમાં કુલ 399 મતદારોમાંથી 395 મતદારોએ મતદાન કર્યું હતું. પૂર્વ મંત્રી ગાયત્રી પ્રજાપતિની પત્ની મહારાજી દેવીએ મતદાન કર્યું નથી. મળતા અહેવાલો મુજબ સમાજવાદી પાર્ટીના ધારાસભ્યોએ ક્રોસ વોટિંગ કર્યું. સપાના 7 ધારાસભ્યોએ ભાજપ તરફી મતદાન કર્યું હતું.

### કર્ણાટક રાજ્યસભા ચૂંટણી :
## કોંગ્રેસ ત્રણ અને ભાજપ એક બેઠક પર વિજયી

બેંગ્લોર | તા.27



દેશના 15 રાજ્યોની 56 રાજ્યસભા બેઠકો પર આજે ચૂંટણી પ્રક્રિયા ચાલી રહી છે, ત્યારે કર્ણાટકની ચાર રાજ્યસભા બેઠક માટે ચૂંટણી યોજાયા બાદ પરિણામ જાહેર થઈ ગયું છે. કર્ણાટકમાં કોંગ્રેસના અજય માકન સહિત ત્રણ ઉમેદવારોનો વિજય થયો છે, જ્યારે ભાજપના એક ઉમેદવારનો વિજય થયો છે. કર્ણાટકમાં કોંગ્રેસના અજય માકન, નાસિર હુસૈન અને જીસી ચંદ્રશેખરની જીત થઈ છે, તો BJPના એક ઉમેદવાર નારાયણ બંદિગે અને JDSના એક ઉમેદવાર કુપેન્દ્ર રેડ્ડીની જીત થઈ છે.

### કોંગ્રેસને 139 તો ભાજપને 48 મત મળ્યા

રાજ્યસભાની ચૂંટણી દરમિયાન ક્રોશ વોટિંગ પણ થયું હતું. કર્ણાટકમાં ભાજપના ધારાસભ્ય એસ.ટી.સોમશેખરે ક્રોસ વોટિંગ કર્યું હતું. જ્યારે શિવરામ હબ્બાર મતદાનથી દુર રહ્યા હતા. ચૂંટણીમાં ભાજપને 48 મત મળ્યા, જ્યારે કોંગ્રેસને 139 અને જેડીએસને 35 વોટ મળ્યા. કર્ણાટકમાં અપક્ષ ધારાસભ્યો જનાર્દન રેડ્ડી, લતા મલ્લિકાર્જુન, પુટ્ટસ્વામી ગૌડા અને દર્શન પુટ્ટનૈયાએ કોંગ્રેસના ઉમેદવારને મત આપ્યો હતો.

### સુપ્રીમે પતંજલિને ફટકારી અવમાનનાની નોટિસ

# પતંજલિને SCની ફટકાર, જાહેરાતો પર લગાવ્યો પ્રતિબંધ

નવી દિલ્હી | તા.27

પતંજલિ આયુર્વેદની જાહેરાતો વિરુદ્ધ સુપ્રીમ કોર્ટે એક મોટું પગલું લીધું છે. સુપ્રીમ કોર્ટે પતંજલિ અને બળકૃષ્ણને અવમાનનાની નોટિસ જાહેર કરી છે. કોર્ટે બીમારીઓની સારવારને લઈને ભ્રામક જાહેરાતો પર જવાબ માંગ્યો છે. કોર્ટે સવાલ કર્યો છે કે તેમના વિરુદ્ધ કાર્યવાહી કેમ ન કરવામાં આવે. સુપ્રીમ કોર્ટે જાહેરાતોમાં છપાયેલ ફોટાના આધારે આ નોટિસ ફટકારી છે. સુપ્રીમ કોર્ટે પતંજલિની જાહેરાતો પર કેન્દ્ર સરકારને ફટકાર લગાવી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે આ પ્રકારની જાહેરાતો દ્વારા સમગ્ર દેશને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યો છે અને કેન્દ્ર સરકાર આંખ આડા કાન કેમ કરીને બેઠી છે. આ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે. કોર્ટે કહ્યું કે સરકારે તાત્કાલિક કેટલાક પગલાં લેવા પડશે.

### બીમારીઓની કાયમી સારવારની ભ્રામક જાહેરાતો પર માંગ્યો જવાબ



### અમે ભ્રામક જાહેરાતો ચલાવી નહીં લઈએ: કેન્દ્ર સરકાર



સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે તે બે લોકોને પક્ષકાર બનાવશે. જેમની તસ્વીરો જાહેરાત પર છે. તેમને નોટિસ આપવામાં આવશે. તેમને વ્યક્તિગત રીતે પોતાનો જવાબ દાખલ કરવાનો રહેશે. કોર્ટે કહ્યું કે અમે એ નથી જાણવા માંગતા કે કોણ શું છે? અમે પક્ષકાર બનાવીશું. કેન્દ્ર સરકારે પણ કહ્યું છે કે અમે કોઈપણ પ્રકારની ભ્રામક જાહેરાત સહન નહીં કરીએ, પછી તે કોઈપણ કેમ ન હોય. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે પતંજલિ આયુર્વેદની જાહેરાતોમાં કાયમી રાહત શબ્દ પોતે જ ભ્રામક અને કાયદાનું ઉલ્લંઘન છે.

## Quick Read

### ફિલ્મ અભિનેત્રી જયા પ્રદા ફરાર જાહેર... શોધીને કોર્ટમાં રજૂ કરવા પોલીસને આદેશ

નવી દિલ્હી | જાણિતી ફિલ્મ અભિનેત્રી અને ઉત્તર પ્રદેશના રામપુર જિલ્લાની પૂર્વ સાંસદ જયા પ્રદાને કોર્ટે આખરે ફરાર જાહેર કર્યા છે. લોકસભા ચૂંટણી-2019માં BJPના ઉમેદવાર રહેલા જયા પ્રદા પર રામપુરમાં આચાર સંહિતના બે કેસ નોંધાયા હતા, જેની રામપુરની એમપી-એમએલએ સ્પેશિયલ કોર્ટ (મેજિસ્ટ્રેટ ટ્રાયલ)માં ચાલી રહી છે. મળતા અહેવાલો મુજબ આ કેસમાં જયા પ્રદાને હાજર થવાનો આદેશ અપાયા છતાં તેમજ કોર્ટ દ્વારા પણ વારંવાર સમન્સ પાઠવાયું હોવા છતાં તેઓ હાજર થયા નથી.

### 'જમાત-એ-ઈસ્લામી' પર વધુ 5 વર્ષનો પ્રતિબંધ લગાવાયો, ગૃહ મંત્રાલયનો નિર્ણય

નવી દિલ્હી | ગૃહ મંત્રાલયે આગામી પાંચ વર્ષો માટે જમ્મુ કાશ્મીરના સંગઠન જમાત-એ-ઈસ્લામી પર પ્રતિબંધ વધારી દીધો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ પોતાના 'X' એકાઉન્ટ પર માહિતી આપતા તેની પુષ્ટિ કરી છે. શાહે કહ્યું કે, દેશની સુરક્ષાનો ખતરો પહોંચાડનારાઓને છોડીશું નહીં. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે લખ્યું કે, આતંકવાદ અને અલગાવવાદ વિરૂદ્ધ જીરો ટોલરેન્સની નીતિ હેઠળ સરકારે જમાત-એ-ઈસ્લામ પર પ્રતિબંધ પાંચ વર્ષ સુધી વધારી દેવાયો છે.

### જો કોર્ટ મને ED પાસે જવાનું કહે તો હું ચોક્કસ જઈશ - દિલ્હી મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ

નવી દિલ્હી | વોટ ઈન્ડિયા થિંક્સ ટુડે (WITT) ના પાવર કોન્ફરન્સમાં, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ED સમન્સ સંબંધિત તમામ પ્રશ્નોના નિખાલસતાથી જવાબ આપ્યા. તેમણે કહ્યું કે EDના સમન્સ સંપૂર્ણપણે ગેરકાનૂની છે. તેણે કહ્યું, હું તે જ કરીશ જે કાયદાકીય રીતે યોગ્ય હશે. હું જ્યારે પણ કોર્ટમાં જઈશ ત્યારે તેમને કહીશ કે આ સમન્સ ગેરકાયદેસર છે. તેણે કહ્યું કે, જો કોર્ટ પૂછશે તો હું ED પાસે જઈશ. તેમણે કહ્યું, ખબર નથી કે દારૂ કૌભાંડના નામે અત્યાર સુધી કેટલા લોકોની ધરપકડ કરવામાં આવી છે.

### ગાયને રાષ્ટ્રમાતા જાહેર કરવા શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદે 10 માર્ચે ભારત બંધનું કર્યું એલાન

વારાણસી | ગાયને રાષ્ટ્રમાતા જાહેર કરવા માટે શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદે કાશીમાં મોટું એલાન કર્યું છે. તેમણે કહ્યું કે દુર્ભાગ્યપૂર્ણ છે કે જે દેશમાં ગીતા, ગાય અને ગંગાને માતાનો દરજ્જો આપવામાં આવે છે ત્યાં આજ સુધી ગૌ હત્યા રોકવા માટે કોઈ કડક કાયદો બનાવવામાં નથી આવ્યો. તેથી ગાય માતાને રાષ્ટ્રમાતાનો દરજ્જો અપાવવા માટે અમે પદયાત્રા કરીશું અને ગૌહત્યાના વિરોધમાં 10 માર્ચે સવારે 10:00 વાગ્યાથી આગામી 10 મિનિટ માટે ભારત બંધનું એલાન પણ કરવામાં આવ્યું છે.

### લોકસભા ચૂંટણી પહેલા જ કેન્દ્ર સરકાર લેશે મોટો નિર્ણય

# કેન્દ્ર સરકાર માર્ચથી લાગુ કરી શકે છે CAA

નવી દિલ્હી | તા.27

નાગરિકતા સંશોધન કાયદો (CAA) આગામી માર્ચ મહિનાથી લાગુ કરવાની તૈયારી છે. માર્ચ મહિનાના પહેલા અઠવાડિયામાં જ લોકસભા ચૂંટણીનું એલાન થવાનું છે.

કેન્દ્ર સરકાર આચાર સંહિતા લાગુ થાય તે પહેલા જ તેને લાગૂ કરવાનો નિર્ણય લેવા જઈ રહી છે. તેનાથી પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશથી ઉત્પીડનનો શિકાર થઈને ભારતમાં શરણ લેનારા હિન્દુ, જૈન, બૌદ્ધ અને શીખ ધર્મના લોકોને ફાયદો મળશે. આ નિયમ હેઠળ 31 ડિસેમ્બર, 2014 સુધી પાડોશી ત્રણેય દેશોથી ઉત્પીડનનો શિકાર થઈને આવેલા લોકોને ભારતની નાગરિકતા મળી શકશે. અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશ ત્રણેય ઈસ્લામિક દેશ છે અને ત્યાં હિન્દુ, બૌદ્ધ, શીખ અને જૈન ધર્મના લોકો અલ્પસંખ્યક છે.




### પાડોશી દેશોના લોકો દાયકાઓથી પલાયન કરી ભારતમાં ઘૂસણખોરી કરે છે...

પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનથી મોટી સંખ્યામાં લોકો દાયકાઓથી પલાયન કરીને ભારત આવતા રહે છે. દિલ્હી, ઉત્તરપ્રદેશ સહિત કેટલાક રાજ્યોમાં આ લોકો વસવાટ કરી રહ્યા છે, પરંતુ લાખોની આ વસ્તીની પાસે ભારતની નાગરિકતા નથી. જેને લઈને તેમને મૂળભૂત સુવિધાઓ નથી મળી શકતી. તેવામાં આ કાયદો લાગુ થયા બાદ લોકોને નાગરિકતા મળશે તો મત આપવા સહિત તમામ વસ્તુઓની સુવિધા થઈ જશે. આ કાયદો સંસદથી મંજૂર થઈ ચૂક્યો છે, જેને હવે લાગુ કરાશે.

### શા માટે હિન્દુ સહિત 4 ધર્મોના લોકોને મળશે ફાયદો

હિન્દુ, શીખ, બૌદ્ધ અને જૈન ધર્મોની શરૂઆત ભારતથી જ થઈ હતી અને ક્યાંય પણ આ ધર્મોના લોકો પીડિત હોય તો ભારત તરફ જુએ છે. તેવામાં તેમને રાહત આપવા માટે આ કાયદો લવાયો છે. ઉલ્લેખનીય છે કે, નાગરિકતા સંશોધન કાયદા હેઠળ કોઈની નાગરિકતા નહીં જાય પરંતુ તે શરણાર્થિઓને નાગરિકતા મળશે, જે બીજા દેશોથી પીડિત થઈને આવ્યા છે. જણાવી દઈએ કે, દિલ્હી સહિત કેટલાક રાજ્યો આ કાયદાને મુસ્લિમ વિરોધી ગણાવતા તેમના વિરૂદ્ધ હિંસક પ્રદર્શન થયું હતું. જોકે, સરકારનું કહેવું છે કે, આ કાયદો કોઈ ધર્મ વિશેષ વિરૂદ્ધ નથી. સરકારનું કહેવું છે કે, તેનાથી માત્ર પાડોશી દેશોમાં પીડિત અલ્પસંખ્યકોને ભારતની નાગરિકતા મળી શકશે, જેની સ્વાભાવિક શરણસ્થળ ભારત જ છે.

## ગઝલ સમ્રાટ પંકજ ઉધાસ પંચમહાભૂતમાં વિલીન

### અંતિમ સંસ્કાર પહેલા આપવામાં આવ્યું રાજકીય સન્માન



મુંબઈ | તા.27

પ્રખ્યાત ગઝલ ગાયક પંકજ ઉધાસનો પાર્થિવ દેહ પંચતત્ત્વમાં વિલીન થયો. પંકજ ઉધાસના અંતિમ સંસ્કાર ઈલેક્ટ્રિક સ્મશાનગૃહમાં કરવામાં આવ્યા હતા, પરિવારના સભ્યોએ હાથ જોડીને અંતિમ સંસ્કારમાં હાજર રહેલા તમામ લોકોનો આભાર માન્યો હતો. તેમના અંતિમ સંસ્કાર મુંબઈના વરલી ખાતેના હિન્દુ સ્મશાનગૃહમાં કરવામાં આવ્યા. મંગળવારે સવારે તેમના પાર્થિવ દેહને મુંબઈમાં તેમના ઘરે લાવવામાં આવ્યો હતો. ગઈ કાલે એટલે કે સોમવારે 72 વર્ષની વયે તેમનું અવસાન થયું હતું. તેમના નિધનની માહિતી તેમની પુત્રી નાયાબ ઉધાસે સોશિયલ મીડિયા પર આપી હતી. પંકજ ઉધાસને 10 દિવસ પહેલાં શ્વાસ લેવામાં તકલીફ થવાને કારણે તેમને મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સોમવારે સવારે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

### દિલ્હીમાં AAPના 4 ઉમેદવાર જાહેર
## નવી દિલ્હીથી સોમનાથ ભારતી ઉમેદવાર

નવી દિલ્હી | તા.27



આમ આદમી પાર્ટી (AAP)એ દિલ્હીમાં લોકસભાની ચૂંટણી માટે પોતાના 4 ઉમેદવારો જાહેર કરી દીધા છે. દિલ્હીમાં 7 લોકસભાની બેઠકો છે. I.N.D.I.A ગઠબંધનના ભાગરૂપે AAP-કોંગ્રેસ વચ્ચે અનુક્રમે 4-3 બેઠકોને લઈને ગઠબંધન થયું છે. મંગળવારે યોજાયેલી પાર્ટીની સંસદીય બોર્ડની બેઠકમાં નવી દિલ્હી બેઠક પરથી સોમનાથ ભારતીને, પશ્ચિમ દિલ્હીથી મહાબલ મિશ્રાને, પૂર્વ દિલ્હીથી કુલદીપ કુમાર અને દક્ષિણ દિલ્હીથી સહીરામને ટિકિટ આપવામાં આવી છે. આ સાથે પાર્ટીએ હરિયાણાની કુરુક્ષેત્ર સીટથી સુશીલ ગુપ્તાને ટિકિટ આપી છે. દિલ્હી સરકારના મંત્રી અને આપના નેતા ગોપાલ રાયે કહ્યું કે પાર્ટીએ એવા ઉમેદવારોને ઉતાર્યા છે જેઓ I.N.D.I.A ગઠબંધન માટે બેઠકો જીતી શકે છે.

### ખેડૂત આંદોલન : વધુ એક ખેડૂતનું મોત
## ખનૌરી બોર્ડર પર ખેડૂતે જીવ ગુમાવ્યો

નવી દિલ્હી | તા.27



મંગળવારે (27 ફેબ્રુઆરી) ખેડૂતોના આંદોલનનો 15મો દિવસ છે. 29મી ફેબ્રુઆરી સુધી દિલ્હી કૂચ ટાળ્યા બાદ ખેડૂતો પંજાબ-હરિયાણાની શંભુ અને ખનૌરી બોર્ડર પર રોકાયેલા છે.

આંદોલન દરમિયાન ખનૌરી બોર્ડર પર વધુ એક ખેડૂતનું મોત થયું છે. મંગળવારે વિરોધ પ્રદર્શન દરમિયાન પટિયાલાના રહેવાસી કરનૈલ સિંહ (50)ની તબિયત લથડી હતી. હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. 15 દિવસથી ચાલી રહેલા આંદોલન દરમિયાન આ 8મું મોત છે. જેમાં ત્રણ પોલીસકર્મીઓનો પણ સમાવેશ થાય છે.

આંદોલનનું નેતૃત્વ કરી રહેલા કિસાન મઝદૂર મોરચા (KMM) અને સંયુક્ત કિસાન મોરચા (બિનરાજકીય) આજે રાષ્ટ્રીય સ્તરની બેઠક યોજશે.

### 40 વર્ષ પછી કોઈ ભારતીય સ્પેસમાં જઈ રહ્યા છે

# ગગનયાનના 4 અવકાશયાત્રીઓનાં નામ જાહેર

તિરુવનંતપુરમ | તા.27

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે કેરળના તિરુવનંતપુરમ પહોંચ્યા હતા. વડાપ્રધાને વિક્રમ સારાભાઈ ઈસરોના ચીફ એસ સોમનાથ સાથે સ્પેસ સેન્ટરની મુલાકાત લીધી છે. મોદી અહીં લગભગ રૂ.1800 કરોડના ત્રણ સ્પેસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને દેશના પ્રથમ મેન્ડ સ્પેસ મિશન ગગનયાનની સમીક્ષા કરી હતી. વડાપ્રધાને ગગનયાન મિશન પર મોકલવામાં આવનાર અવકાશયાત્રીઓના નામની જાહેરાત કરી અને તેમને અવકાશયાત્રી વિંગ્સ આપી. ગગનયાન મિશન પર જે અવકાશયાત્રીઓને મોકલવામાં આવશે તેમાં ગ્રૂપ કેપ્ટન પ્રશાંત બાલકૃષ્ણન નાયર, અજિત કૃષ્ણન, અંગદ પ્રતાપ અને વિંગ કમાન્ડર શુભાંશુ શુક્લા સામેલ છે.



### 140 કરોડ લોકોની આશાઓ અવકાશમાં લઈ જશે

વડાપ્રધાને કહ્યું- થોડા સમય પહેલાં દેશને પહેલીવાર 4 ગગનયાન યાત્રીઓ સાથે પરિચય થયો હતો. આ માત્ર 4 નામ કે 4 વ્યક્તિઓ નથી, આ ચાર શક્તિઓ છે જે 140 કરોડ ભારતીયોની આશાઓને અવકાશમાં લઈ જશે. 40 વર્ષ પછી કોઈ ભારતીય સ્પેસમાં જઈ રહ્યા છે પરંતુ આ વખતે સમય આપણો છે, કાઉન્ટડાઉન પણ આપણું છે અને રોકેટ પણ આપણું છે.

### 2035 સુધીમાં ભારતનું અવકાશમાં સ્પેસ સ્ટેશન હશે

PMએ કહ્યું- 2035 સુધીમાં ભારતનું અંતરિક્ષમાં પોતાનું સ્પેસ સ્ટેશન હશે. આ સ્પેસ સ્ટેશનની મદદથી ભારત અવકાશના અજાણ્યા વિસ્તારનો અભ્યાસ કરી શકશે. અમૃતકાળનો આ સમયગાળો ભારતીય અવકાશયાત્રીઓ આપણા પોતાના રોકેટમાં ચંદ્રની સપાટી પર ઊતરશે.

### PMએ કહ્યુ વિપક્ષે હાર સ્વીકારી લીધી છે



# PM મોદીએ તિરુવનંતપુરમમાં વિરોધીઓને આડેહાથ લીધા

નવી દિલ્હી | તા.27

પીએમ મોદી આજે કેરળના પ્રવાસે હતા. તેઓએ તિરુવનંતપુરમમાં સભા સંબોધન કરવા સભા સ્થળે પહોંચ્યા હતા. પીએમ મોદીએ જણાવ્યું કે તિરુવનંતપુરમની મુલાકાત લેવાનો હંમેશા આનંદ થાય છે અને આ શહેર અને તેના લોકો ખૂબ જ સરસ છે. જનસભા પહેલા ભાજપના કાર્યકરોએ મંચ પર પીએમ મોદીનું સન્માન પણ કર્યું હતું. પીએમ મોદીએ સભા સંબોધન દરમિયાન વિપક્ષ પર આકરા પ્રહાર કર્યા. તેમણે કોંગ્રેસ અને વામપંથી એક થઈને કામ કરતા હોવાના આક્ષેપ લગાવ્યા હતા. તેમણે કહ્યું કે કોંગ્રેસ અને વામપંથી એક બીજાના વિરોધી દેખાઈ શકે છે. પરંતુ જ્યારે કોઈ જોતુ નથી હોતુ ત્યારે તેઓ એક સાથે મળીને કામ કરે છે.

તેમણે કહ્યું કે વિપક્ષે લોકસભા ચૂંટણીમાં પોતાની હાર સ્વીકારી લીધી છે. વિપક્ષ પાસે દેશના વિકાસનો કોઈ રોડમેપ નથી, તેથી તેમની પાસે એક જ એજન્ડા છે - મોદીને ગાળો.

### કોંગ્રેસ-વામપંથી એક છે

PM નરેન્દ્ર મોદીએ મંગળવારે કહ્યું કે કેરળમાં વામપંથી અને કોંગ્રેસ દુશ્મનો છે, પરંતુ બહાર હંમેશા સારા મિત્રો છે. એક રેલીને સંબોધિત કરતી વખતે તેમણે તેમના હાવભાવમાં રાહુલ ગાંધી પર નિશાન સાધ્યું અને કહ્યું કે ડાબેરી મોરચા ઈચ્છે છે કે કોંગ્રેસના 'ક્રાઉન પ્રિન્સ'ને કેરળના વાયનાડમાંથી બહાર ફેંકી દેવામાં આવે. આ લોકો ક્રાઉન પ્રિન્સને કેરળથી દૂર રહેવાની સલાહ આપી રહ્યા છે.વાયનાડ લોકસભા સીટનું પ્રતિનિધિત્વ હાલમાં રાહુલ ગાંધી કરી રહ્યા છે.

### કોરોનામાં ઓનલાઈન ક્લાસ વેળા શખ્સે નંબર મેળવી મેસેજ કરતા યુવતીએ તેને બ્લોક કર્યો હતો

# કોલેજની વિદ્યાર્થિનીનો બે માસથી પીછો કરીને પ્રેમસંબંધ રાખવા દબાણ કરતા યુવાનની ધરપકડ

## યુવાન વિરુદ્ધ સિંગણપોર પોલીસે છેડતીનો ગુનો નોંધી ધરપકડ કરી છે

સુરત | તા.27

સુરતના ડભોલી વિસ્તારમાં રહેતી 18 વર્ષની કોલેજની વિદ્યાર્થિનીનો બે માસથી પીછો કરી પ્રેમસંબંધ રાખવા દબાણ કરતા અને જો ફોન કે મેસેજ નહીં કરે તો આત્મહત્યાની અને મારી નાંખવાની ધમકી આપતા યુવાન વિરુદ્ધ સિંગણપોર પોલીસે છેડતીનો ગુનો નોંધી ધરપકડ કરી છે. પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો મુજબ મૂળ સૌરાષ્ટ્રના વતની અને સુરતમાં ડભોલી વિસ્તારમાં રહેતા પરિવારની 18 વર્ષની દીકરી સૃષ્ટિ ( નામ બદલ્યું છે ) કોલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે.વર્ષ 2020 માં કોરોના સમયે તે ડભોલી વિસ્તારની એક સ્કુલમાં ધો.9 માં અભ્યાસ કરતી હતી ત્યારે સાથે ભણતા મીત મહેશભાઈ પરમાર ( રહે.ઘર નં.બી-203, સુમન સર્જન, ડભોલી રોડ, સુરત ) એ ઓનલાઈન ક્લાસ દરમિયાન તેનો નંબર મેળવી મેસેજ કરવાનું શરૂ કર્યું હતું. સૃષ્ટિને તે નહીં ગમતા તેને બ્લોક કર્યો હતો.દરમિયાન, બે મહિના અગાઉ સૃષ્ટિ કામ માટે કે કોલેજ જવા બહાર નીકળે ત્યારે મીત તેનો પીછો કરતો અને ફોન કરવા કે વ્હોટ્સએપ પર મેસેજ કરવા દબાણ કરી જો તેમ નહીં કરે તો આત્મહત્યા કરવાની ધમકી આપતો હતો. ચાર દિવસ અગાઉ મીતે સૃષ્ટિની કોલેજ ફ્રેન્ડના ઈન્સ્ટાગ્રામ આઈડી પર પોતાના ઈન્સ્ટાગ્રામ આઈડીથી મેસેજ કરી હું સૃષ્ટિને બહુ પ્રેમ કરું છું, તું તેને મારો પ્રસ્તાવ સ્વીકારી લે તે માટે સમજાવ.જો તે પ્રસ્તાવ નહી




સ્વીકારે તો જાનથી મારી નાખીને પોતે આત્મહત્યા કરી લેશે તેવી ધમકી આપી હતી.મીતે સૃષ્ટિના ઘરની બહાર આંટાફેરા મારી ત્યાં બેસી રહી ઈશારા પણ કરતા છેવટે ગતરોજ તેણે પિતાને જાણ કરી હતી.અગાઉ બદનામી અને અભ્યાસ છૂટી જવાની બીકે પિતાને જાણ નહીં કરનાર સૃષ્ટિને પિતાએ સમજાવતા તેણે મીત વિરુદ્ધ સિંગણપોર પોલીસ મથકમાં છેડતીની ફરિયાદ નોંધાવી હતી.પોલીસે 18 વર્ષીય મીતની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### વેરો ભરવામાં લોકોને સરળતા રહે તે માટે શનિ-રવિવારે પણ વોર્ડ ઓફિસો ખુલ્લી રાખવા નિર્ણય

# વડોદરા કોર્પોરેશનમાં વેરા ઉપર વ્યાજ વળતરની સ્કીમમાં અત્યાર સુધીમાં 86.42 કરોડ આવક

રાજકોટ | તા.27




વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તારીખ 3 જાન્યુઆરીથી તારીખ 31 માર્ચ સુધી ભાડા આકારણી અને ક્ષેત્રફળ આધારિત આકારણીમાં બાકી પડતા વેરા ઉપર પ્રોત્સાહક વ્યાજ વળતર યોજના શરૂ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં આ યોજના હેઠળ કોર્પોરેશનને 86.42 કરોડ આવક થઈ છે. જેમાં મિલકતવેરાની 66.96 કરોડ, પ્રોફેશનલ ટેક્સની 10.91 કરોડ, વાહન વેરાની 6.72 કરોડ, વોટર મીટર ચાર્જની 1.82 કરોડ આવકનો સમાવેશ થાય છે. દરમિયાન કોર્પોરેશન દ્વારા વેરો ભરવા માટે લોકોને પૂરતી સુવિધા મળી રહે તે માટે રજાઓના દિવસોમાં પણ તમામ વોર્ડ કચેરીઓ ધુળેટીના તહેવારને બાદ કરતા ખુલ્લી રાખવા નિર્ણય લેવાયો છે. 31 માર્ચ સુધી બીજા અને ચોથા શનિવારે અને રવિવારે તમામ વોર્ડ ઓફિસો સવારે 9:30 થી બપોરે 2 સુધી પણ ખુલ્લી રાખવા નિર્ણય કરવામાં આવ્યો છે. આ ઉપરાંત કોર્પોરેશનની વેબસાઈટ પર પણ ઓનલાઈન વેરો ભરી શકાય છે. ભાડા આકારણી પદ્ધતિ મુજબ તારીખ 1-4-2003 થી અત્યાર સુધીનો બાકી પ્રોપર્ટી ટેક્સ એક સાથે ભરી દે તો નક્કી કરેલા ટકા મુજબ પ્રોત્સાહક વ્યાજ વળતર અપાશે. જ્યારે ક્ષેત્રફળ આધારિત આકારણીમાં વર્ષ 2003 થી અત્યાર સુધીનો બાકી વેરો ભરી દે તો એમાં પણ નક્કી કરેલા ટકા મુજબ પ્રોત્સાહક વ્યાજ વળતર અપાશે. ભાડા આકારણી મુજબ વેરો બાકી હોય પણ ક્ષેત્રફળ આધારિત પદ્ધતિ મુજબ અત્યાર સુધીનો બાકી વેરો ભરી દે તો તેને પણ આ યોજનાનો લાભ કોર્પોરેશન આપશે. વડોદરા કોર્પોરેશન દ્વારા તા.1-4-2023 થી 26-2-2024 સુધીમાં મિલકત વેરાની 491.85 કરોડ, પ્રોફેશનલ ટેક્સની 54.49 કરોડ, વાહન વેરાની 42.93 કરોડ, વોટર મીટર ચાર્જની 2.74 કરોડ મળી કુલ 592.03 કરોડની વસૂલાત થઈ ચૂકી છે.

## હત્યાની કોશિષ અને લૂંટનો આરોપી તાંત્રિક 15 મહિના બાદ ઝડપાયો

ડેસર | તા.27

ડેસર તાલુકાના શિહોરારોડ પર એક ગાડીનો પીછો કરી તેનો કાચ તોડી નાંખી લૂંટ અને હત્યાના પ્રયાસના ગુનાનો આરોપી તેમજ સ્મશાનમાં તાંત્રિકવિધિઓ કરતા ભૂવાનો જિલ્લા પોલીસે ફિલ્મીઢબે પીછો કરી આણંદ જિલ્લાની હદમાંથી ઝડપી પાડયો હતો. ૧૫ મહિના પહેલાં નોંધાયેલા ગુનાના આરોપીને આખરે જેલના સળિયા પાછળ ધકેલી દેવાયો હતો. આ અંગેની વિગત એવી છે કે સંદિપ રમેશભાઇ જેસડીયા પોતાની ફોર વ્હિલ ગાડીમાં શિહોરાથી રાણીયા તરફ જતા હતા ત્યારે તેનો પીછો કરી ગાડી રોકી અને ગાડીના કાચ તોડી નાંખી તલવાર વડે હુમલો કરી હત્યાની કોશિષ કરી હતી તેમજ મોબાઇલ તોડી નાંખી



સોનાની ચેન અને રોકડની લૂંટ કરી હતી. આ બનાવ અંગે સંદિપ જેસડીયાએ રવિરાજ રાજુભાઇ રાઠોડ (રહે.શુભનગર સોસાયટી, હાથીજણ પાસે, બડોદરાગામ, તા.દસક્રોઇ, જિલ્લો અમદાવાદા)ની સામે ડેસર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### સર્વિસ બુકમાં નોંધ કરવામાં આવતી હોય છે

## વડોદરા જિ.પંચાયતની પ્રા.સ્કૂલોના બદલી થઇને આવેલા 100થી વધુ શિક્ષકોના હુકમોમાં છબરડા

વડોદરા | તા.27

વડોદરા જિલ્લા પંચાયતની પ્રાથમિક સ્કૂલોમાં જિલ્લા વિભાજનને કારણે બહારના જિલ્લામાંથી બદલી થઈને આવેલા શિક્ષકોના હુકમોમાં ભૂલ હોવાને કારણે સુધારો નહિં થતાં તેમનામાં રોષની લાગણી વ્યાપી છે. વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાનું વિભાજન થતાં કેટલાક શિક્ષકો વડોદરા જિલ્લામાં બદલી થઈને આવ્યા છે.આ શિક્ષકોને જિલ્લામાં હાજર થવાનું હોય છે અને તેના હુકમને આધારે તાલુકામાં અને પછી સ્કૂલમાં હાજર થવાનું હોય છે.જેની સર્વિસ બુકમાં નોંધ કરવામાં આવતી હોયછે. પરંતુ વડોદરા જિલ્લામાં આવેલા ૧૦૦ થી વધુ શિક્ષકોના બદલીના હુકમો ભૂલ ભરેલા હોવાથી તેની સર્વિસ બુકમાં નોંધ થતી નથી.આ ઓર્ડરો સુધારવા માટે શિક્ષકો વારંવાર ધક્કા ખાય છે.આ પૈકી કેટલાક હુકમો સુધારવા માટે મોકલવામાં આવ્યા છે.પરંતુ સુધારેલા હુકમો હજી મળતા નથી. સર્વિસબુકમાં નોંધ નહિં થતી હોવાને કારણે તાજેતરમાં જિલ્લા ફેર બદલીના અરસપરસ બદલી કેમ્પના ફોર્મમાં સહિ સિક્કા થઈ શકતા નથી.જ્યારે આવા સંજોગોમાં કોઈ શિક્ષકનું આકસ્મિક મોત થાય તો ખૂબ જ મુશ્કેલી વેઠવી પડે તેમ હોય છે. જેથી આ મુદ્દે વડોદરા જિલ્લા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ દ્વારા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને રજૂઆત કરવામાં આવી છે.એક સિનિયર ક્લાર્ક ઉપરી અધિકારીને ગેરમાર્ગે દોરતા હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે અને તેની સામે તપાસની માંગણી કરવામાં આવી છે.

## ખેડૂત આંદોલનમાં ડ્રાઇવરોની રોજી બંધ થતા 16 વર્ષથી વોન્ટેડ લૂંટારૂ ઝડપાયો

સુરત | તા.27

ભેંસાણ હાઈવે ઓખેશ્વર પાટિયા પાસેથી રૂ. 32 લાખના લોંખડની પ્લેટ ભરેલા ટ્રેલરના ડ્રાઈવર-ક્લીનરનું ઘાતક હથિયાર વડે બાનમાં લઈ અપહરણ-લૂંટની ઘટનમાં છેલ્લા 16 વર્ષથી વોન્ટેડ લૂંટારૂને રાંદેર પોલીસે પંજાબમાં તપાસ હાથ ધર્યા બાદ હજીરા વિસ્તારમાંથી ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. વર્ષ 008 માં ભેંસાણ હાઈવે ઉપર ઓખેશ્વર પાટિયા પાસે ઘાતક હથિયાર બતાવી રૂ. 32 લાખ કિંમતની 21.510 ટન લોંખડની પ્લેટ ભરેલા ટ્રેલર નં. જીજે-06 ટીટી-6416 ની લૂંટ કરવા ડ્રાઈવર-ક્લીનરનું અપહરણ કરી હાઈવે નજીકની હોટલમાં ટ્રેલર પાર્ક કરી ખેતરમાં બંનેને ગોંધી રાખ્યા હતા. પરંતુ ડ્રાઈવર-ક્લીનર તકનો લાભ લઈ ભાગી ગયા હતા. આ ગુનામાં વોન્ટેડ ગત 12 જાન્યુઆરીએ રાંદેર પોલીસે પ્રિતપાલસીંગ લાડી જોગીન્દરસીંગ માનની અમદાવાદથી ધરપકડ કરી પૂછપરછ હાથ ધરી હતી. જેમાં રામજીતસીંગ ઉર્ફે રામ બુધ્ધસીંગ ઉર્ફે બુધ્ધુસીંગ મતબીસીંગ (ઉ.વ. 40 રહે. આઈડલ ટ્રાન્સપોર્ટની ઓફિસમાં, હજીરા અને મૂળ. ફેરૂમાન, તા. બબકલા, અમૃતસર, પંજાબ) પણ સામેલ હોવાની અને તે હાલમાં પંજાબ ખાતે સબ્જી મંડીમાં ડ્રાઈવર તરીકે કામ કરતો હોવાની કબૂલાત કરી હતી.

### સ્નેચીંગના ગુનામાં બે રીઢા આરોપીઓને 7 વર્ષની સખ્તકેદ

વડોદરા | ડીંડીલી પોલીસે મોબાઈન સ્નેચીંગના ગુનામાં ઝડપેલા બે આરોપીઓ વિરુધ્ધનો કેસ આજે ફરિયાદપક્ષે નિઃશકપણે સાબિત કરતાં એડીશ્નલ સેશન્સ જજ દેવેન્દ્ર એસ.જોષીએ બંને આરોપીઓને ઈપીકો-379 એ(3)સાથે વાંચતા 114ના ગુનામાં દોષી ઠેરવી સાત વર્ષની સખ્તકેદ, રૂ.10 હજાર દંડનો હુકમ કર્યો છે. ડીંડોલી પોલીસ મથકની હદમાં રહેતા ફરિયાદી તીર્થ સુરેશ પટેલ તા.22-12-2019ના રોજ ઓમનગર રાધેક્રિષ્ના એપાર્ટમેન્ટ ત્રણ રસ્તા પાસેથી ચાલતા જતા હતા.જે દરમિયાન ત્રણ ઈસમોએ મોટર સાયકલ પર આવીને ફરિયાદીનો મોબાઈલ હાથમાંથી આંચકી દઈને નાસી ગયા હતા. જે અંગે ફરિયાદીએ ડીંડોલી પોલીસમાં ઈપીકો-379 એ(3)114 તથા 413ના ગુનાની ફરિયાદ નોંધાવી હતી.

### અલકાપુરી ગરનાળા પાસે CNG બસમાં આગ લાગતાં અફરાતફરી

વડોદરા | અલકાપુરી ગરનાળા નજીક આજે મોડી સાંજે સીએનજી બસમાં આગ લાગવાનો બનાવ બનતાં ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવી હતી. અલકાપુરી ગરનાળા પાસેથી સીએનજી બસ પસાર થઈ રહી હતી ત્યારે એકાએક ડ્રાઈવરની કેબિનમાં ભડકો થતાં અંદર બેઠેલા મુસાફરો ગભરાયા હતા અને તેઓ ફટાફટ નીચે ઉતરી ગયા હતા.તો બીજીતરફ ડ્રાઈવરે પણ સમયસૂચકતા રાખી બસ ઉભી રાખી હતી અને નીચે ઉતરી ગયો હતો. અફરાતફરીના દ્રશ્યો વચ્ચે ફાયર બ્રિગેડ અને પોલીસ આવી હતી અને સ્થિતિ સંભાળી હતી. પ્રાથમિક વિગતો મુજબ,બેટરી સ્પાર્ક થવાને કારણે બસમાં આગ લાગી હોવાનું મનાય છે.પરંતુ થોડી જ વારમાં આગ કાબૂમાં લઈ લેવાતાં કોઈ ખાસ નુકસાન કે જાનહાનિ થયા નથી.

### રાજીવ મોદી કેસ | બલ્ગેરિયન યુવતી અચાનક સામે આવી

# મારા જેવી અનેક યુવતી ભોગ બની, હું લડત આપીશ : બલ્ગેરીયન યુવતી

વડોદરા | તા.27

કેડીલાના સીએમડી રાજીવ મોદી પર દુષ્કર્મનો કેસ કરનારી બલ્ગેરિયન યુવતી અચાનક અમદાવાદમાં સામે આવી ગઈ છે. તાજેતરમાં જ પોલીસે એ સમરી રિપોર્ટ ભરીને રાજીવ મોદીને ક્લિન ચીટ આપી હતી. પરંતુ હવે પીડિતા હાજર થતા આ કેસમાં એક નવો જ વળાંક આવ્યો છે. રાજીવ મોદી પર દુષ્કર્મનો કેસ કરનારી બલ્ગેરિયન યુવતી ગાયબ થઈ ગઈ હતી. જેમાં કેડીલા કેસ મુદ્દે પીડીતાએ પોલીસ તપાસ પર આક્ષેપ કર્યા છે. જેમાં જણાવ્યું છે કે ઘટનાના ઘણા સમય વીત્યા બાદ મારા મેડિકલ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. પોલીસે શરૂઆતથી તપાસમાં ઢીલાશ મૂકી છે. ગુજરાત પોલીસે તપાસ યોગ્ય નહિ કરતા એ સમરી રિપોર્ટ ભરી દીધો છે. અમે સુપ્રીમ કોર્ટ સુધી ગયા પરંતુ ત્યાં પણ અમારે અરજી પરત લેવી પડી છે.






#### સમરી રિપોર્ટના લીધે અમે અરજી પરત ખેંચી

સમરી રિપોર્ટના લીધે અમે અરજી પરત ખેંચી છે. આ કેસની તપાસ અન્ય એજન્સીને સોંપવા પીડીતાની કોર્ટમાં માંગ છે. જેમાં પોલીસ અધિકારીઓ યોગ્ય જવાબ પણ આપ્યો નહીં તેમ પણ જણાવ્યું છે. અગાઉ પણ કેસને સમાધાન કરી બંધ કરવાની પોલીસે વાત કરી હતી. મારી સુરક્ષા પર પણ સવાલ ઉઠી રહ્યા છે. કેસની તપાસમાં જુના સાક્ષીઓની પૂછપરછ પોલીસે કરી જ નહીં નવા સ્ટફની પૂછપરછ પોલીસે કરી કેસનો સમરી રિપોર્ટ ભર્યો છે. આવી અનેક યુવતીઓ ભોગ બની છે તે પીડીતાની પૂછપરછ પણ કરી નથી. હું કાયદાકીય લડત આપીશ.

#### A સમરી રિપોર્ટનો 2જી માર્ચે જવાબ રજુ કરીશું: પીડિતાના વકીલ રાજેશ મિશ્રા

પીડિતાના વકીલ રાજેશ મિશ્રાએ જણાવ્યું છે કે સુપ્રીમ કોર્ટમાં અરજી અમે કરવા ગયા ત્યારે પોલીસે એ-સમરી રિપોર્ટ રજૂ કરી દીધો હતો. જેથી સુપ્રીમ કોર્ટમાં અરજી પરત લેવી પડી હતી. 1 વર્ષ બાદ કેસમાં પીડિતાના મેડિકલ રિપોર્ટ, નવા સ્ટાફની પૂછપરછનો કોઈ મતલબ નથી. તે સમયે અગોરા મોલ વખતે પીડિતા પર હુમલો થયો હતો. જેની તપાસ પોલીસે કરી જ નથી. પોલીસે તપાસમાં ઢીલાશ મુકતા અમે પોલીસે ભરેલા એ સમરી રિપોર્ટનો જવાબ આપીશું. 164 નું નિવેદન મુજબ તપાસ કરી નથી. જેમાં આ કેસ પુર્ણ થયો નથી. A સમરી રિપોર્ટનો 2જી માર્ચે જવાબ રજુ કરીશું.

## વડોદરા આરટીઓ ઇન્સ્પેક્ટરોનું વિરોધ પ્રદર્શન : કાળી પટ્ટી પહેરી કામગીરી કરી

વડોદરા | તા.27

રાજ્યભરમાં આરટીઓમાં ફરજ બજાવતા પ્રોબેશન આરટીઓ ઈન્સપેક્ટરો, આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટરો સહિતના ટેકનિકલ અધિકારીઓએ આજે રાજ્ય વ્યાપી વિરોધ પ્રદર્શનમાં વડોદરાના આરટીઓ કર્મચારીઓએ પણ ભાગ લીધો હતો અને કાળી પટ્ટી ધારણ કરીને કામગીરી કરી હતી. ટેકનિકલ અધિકારીઓની વિવિધ ૧૪ માગણી વર્ષોથી સ્વીકારવમાં આવતી નહી હોવાથી હવે આ અધિકારીઓ હડતાલના મુડમાં છે. ટેકનિકલ અધિકારીઓનું કહેવું છે કે 'વડોદરા આરટીઓમા ૪૦થી વધુ ટેકનિકલ અધિકારીઓ ફરજ બજાવે છે. તેઓ ૧૦ વર્ષથી પ્રોબેશન ઉપર જ છે તેઓને કાયમી કરવામાં આવતા નથી. આ ઉપરાંત પ્રમોશન પ્રક્રિયાનો લાભ નથી અપાતો, ચેકપોસ્ટ ખાતે શૌચાલય જેવી પ્રાથમિક સુવિધા નથી હોતી, વાહન ડીટેઈન કર્યા બાદ તેને રાખવાની જગ્યા નથી હોતી, વજનકાંટો નથી હોતો આ મુળભૂત સુવિધાઓનો અભાવ જોવા મળે છે. ટેસ્ટ ટ્રેકમાં જૂની સિસ્ટમ જ ઉપયોગમાં લેવાતી હોવાથી વારંવાર બગડી જાય છે અને અરજદારોને મુશ્કેલી સર્જાય છે આવા સંજોગોમાં અરજદારો અને ઈન્સ્પેક્ટરો સાથે સીધુ ઘર્ષણ થાય છે. આ પ્રકારની વિવિધ ૧૪ માગણીઓ છે જે સ્વીકારવામાં આવતી નથી એટલે ટેકનિકલ અધિકારીઓના એસોસિએશન દ્વારા વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ આપવામાં આવ્યો છે.

### કતારગામ પાસે ત્યજાયેલી નવજાત બાળાને કીડીએ ચટકા ભરી લીધા

સુરત | કતારગામ ખાતે બાળાશ્રમ પાસે આજે સવારે કોઈ નિુર વ્યક્તિએ એક નવજાત બાળકીને તરછોડી ફરાર થઈ ગઈ હતી. નવી સિવિલથી મળેલી વિગત મુજબ કતારગામ ખાતે બાળાશ્રમના ગેટ પાસે આજે સોમવારે સવારે એક દિવસની નવજાત બાળકી મળી હતી. જોકે ફૂલ જેવા નાજુક માસુમ બાળકીને શરીર ઉપર કરડી ગઈ હતી. અને લાલા નિશાન મળી આવ્યા હતા. જોકે ત્યાંથી પસાર થતા રાહદારીની નજર બાળકી ઉપર પડતા ૧૦૮ ને જાણ કરી હતા. બાદમાં ત્યાંથી પસાર થતા ઘણા લોકો ત્યાં એકત્ર થઈ ગયા હતા. જયારે ત્યાં એમ્બ્યુલન્સ તરત આવીને બાળકીને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં લઈ જતા એન.આઈ.સી.યુમાં દાખલ કરી છે. સુત્રો જણાવ્યુ કે કોઈ નિુર વ્યકિતએ ફુલ જેવી માસુમ બાળકીને કોઈ પણ કારણસર તરછોડીને ફરાર થઈ ગઈ હતી.

### વેપારીની પત્નીએ જીવન ટૂંકાવ્યું

## એક દીકરાની માતાએ નવમાં માળેથી મોતની છલાંગ લગાવી




સુરત | તા.27

સુરતના પોશ વિસ્તાર પાલ ખાતે રહેતા અને સલાબતપુરા વિસ્તારમાં રેડીમેડ કાપડનો ધંધા કરતા વેપારીના પત્નીએ નવમાં માળે આવેલા ફ્લેટમાંથી છલાંગ મારી આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. આપઘાતના પગલે પરિવામાં શોક પ્રસરી ગયો હતો. ઘટના અંગે જાણ થતા પાલ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, મહિલાના આપઘાતના પગલે એકના એક દીકરાએ માતાની છત્રછાયા ગુમાવી છે. પાલ પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, પાલ ભાઠાંગામ ખાતે આવેલ ગ્રીનસિટી રેસીડેન્સીમાં 30 વર્ષીય વર્ષાબેન શ્યામકુમાર પંજવાણી પરિવાર સાથે રહેતા હતા. વર્ષાબેનના લગ્નને આઠ વર્ષ થયા છે અને સંતાનમાં એક પાંચ વર્ષનો પુત્ર છે. તેમના પતિ સલાબતપુરા વિસ્તારમાં રેડીમેડ કાપડની દુકાન ધરાવે છે.

#### મહિલાએ નવમાં માળેથી છલાંગ મારી

ગતરોજ બપોરના સમયે નવમા માળે આવેલ ફ્લેટની બાલ્કનીમાંથી વર્ષાબેને છલાંગ મારી દીધી હતી. નવમા માળેથી નીચે પટકાતા સોસાયટીના રહીશો દોડી આવ્યા હતા. વર્ષાબેનને માથાના ભાગે તથા છાતીના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. પતિ સારવાર માટે તેમને એલ. પી.સવાણી રોડ ખાતે આવેલ એક ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યા ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.



### પોલીસે પરિવારના નિવેદન નોંધી તપાસ હાથ ધરી

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, તેમની માનસિક ડિપ્રેશનની દવા ચાલી રહી હતી. ડિપ્રેશનને લીધે તેમને આ પગલું ભર્યુ હોવાની શક્યતા છે. આ સાથે જ પતિ સાથે પણ અણબનાવ ચાલતો હોવાની સંભાવના છે. હાલ તો પોલીસ પરિવારના નિવેદન નોંધી આગળની તપાસ કરી રહી છે.

# મહેસાણા જિલ્લામાં 318 MSME એકમોને રૂ. 14.14 કરોડની વ્યાજ સહાય ચૂકવાઇ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું છે કે, રાજ્યના લઘુ, મધ્યમ અને સૂક્ષ્મ ઉદ્યોગોને સહાયરૂપ થવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. જેના ભાગરૂપે મહેસાણા જિલ્લામાં ૩૧૮ MSME એકમોને રૂ. ૧૪.૧૪ કરોડની વ્યાજ સહાય ચૂકવાઈ છે. વિધાનસભા ખાતે મહેસાણા જિલ્લામાં MSME એકમોને વ્યાજ સહાયના પ્રશ્નના પ્રત્યુતરમાં મંત્રી ઉમેર્યું કે, તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માઈક્રો સ્મોલ એન્ડ મીડિયમ એન્ટર પ્રાઈઝીસની ૩૫૦ અરજીઓ મંજૂર કરાઈ હતી. તે પૈકી ૩૧૮ અરજીઓમાં ૧,૪૧૪.૭૯ લાખની સહાય ચૂકવવામાં આવી છે. તેમણે અન્ય એક પૂરક પ્રશ્નના પ્રત્યુતરમાં ઉમેર્યું કે, મહેસાણા જિલ્લામાં હાલ ૩૪,૮૨૭ MSME એકમો નોંધાયા છે જેમમાં ૩૨,૪૪૬ સૂક્ષ્મ ઉદ્યોગો, ૨,૦૮૩ લઘુ ઉદ્યોગ અને ૨૯૮ મધ્યમ ઉદ્યોગોનો સમાવેશ થાય છે. આવા એકમોએ પોતાની નોંધણી ‘અનુબંધમ’ પોર્ટલ પર કરવાની હોય છે. આ તમામ પ્રક્રિયા પારદર્શી રીતે થાય છે. વિવિધ યોજનાકીય લાભો પણ ઓનલાઈન મંજૂર કરીને પૂરા પાડવામાં આવે છે તેમ તેમણે ઉમેર્યું હતું.

## રાજ્યમાં મહેસાણા, અમરેલી અને અંકલેશ્વર ખાતે પાયલોટ ટ્રેનિંગ સેન્ટર શરૂ કરાશે

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

નાગરિક ઉડ્ડયન મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું છે કે, રાજ્યના યુવાનો પાયલોટ બનીને રોજગારી મેળવી શકે તે આશયથી રાજ્ય સરકાર દ્વારા સઘન પ્રયાસો હાથ ધરાયા છે. જેના ભાગરૂપે આગામી સમયમાં મહેસાણા, અમરેલી અને અંકલેશ્વર ખાતે પાયલોટ ટ્રેનિંગ સેન્ટર શરૂ કરવામાં આવશે. વિધાનસભા ખાતે રાજ્યમાં પાયલોટ ટ્રેનિંગ સેન્ટર અંગેના પ્રશ્નના પ્રત્યુતરમાં મંત્રીએ કહ્યું કે રાજ્ય સરકાર હસ્તકની હવાઈપટ્ટીઓ ખાતે ટેન્ડર પદ્ધતિથી ૧૫૦૦ ચો.મી જગ્યા ફાળવવામાં આવે છે. મહેસાણા જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૭૪ વિદ્યાર્થીઓ દ્વારા મહેસાણા પટ્ટી ખાતે તાલીમ મેળવી છે જે પૈકી ૧૨૭ વિદ્યાર્થીઓને પાયલોટ માટેનું કોમર્શિયલ લાઈસન્સ પર મેળવ્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું.

### ગુજરાતના ૯ લાખ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી છે

# ‘પ્રાકૃતિક જીવન..શ્રેષ્ઠ જીવન’ વિષય પર સંવાદ કરતા રાજ્યપાલ આચાર્ય દેવવ્રત

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ



સુરતના સરસાણા ખાતે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ‘પ્રાકૃતિક જીવન..શ્રેષ્ઠ જીવન’ થીમ પર આયોજિત સમારોહમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો સાથે સંવાદ કરતાં જણાવ્યું કે, દેશના નાગરિકોનું સુપોષણ અને સુસ્વાસ્થ્ય સુનિશ્ચિત કરવા પ્રવર્તમાન કૃષિ પદ્ધતિઓ સુધારવાના દાયિત્વ સાથે ઉદ્યોગકારો આગળ આવે તે સમયની માંગ છે. તેમણે આ અભિયાનમાં ઉદ્યોગકારોને જોડાઈ જવા આહ્વાન કરતાં કહ્યું કે, ઉદ્યોગ અને ઉદ્યોગપતિઓ દેશના અર્થતંત્રની કરોડરજ્જુ છે, ત્યારે ઉદ્યોગો અને પ્રાકૃતિક જીવનનું સંતુલન સાધવા અને આર્થિક પ્રગતિ સાથે પ્રાકૃતિક જીવન જીવવા સંકલ્પબદ્ધ થવા ભારપૂર્વક જણાવ્યું હતું. રાસાયણિક અને જૈવિક ખેતીને બદલે પ્રાકૃતિક કૃષિથી થતા લાભાલાભ વિશે વિશદ્ સમજ આપતાં રાજ્યપાલએ કહ્યું કે, આગામી સમયમાં સારા અને સ્વાસ્થ્યપ્રદ ખોરાક માટે પ્રાકૃતિક કૃષિ આધારિત ખેતી, ખર્ચ ઘટવા સાથે ઉત્પાદકતા વધે તે માટે ગૌ આધારિત ખેતી કરવા માટે સૌ કટિબદ્ધ થઈએ તે આજના સમયની નિતાંત આવશ્યકતા છે. ગુજરાતના ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી પ્રત્યે આવેલી જાગૃતિની વિગતો આપતાં રાજ્યપાલએ કહ્યું કે, ગુજરાતના ૯ લાખ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી છે. રાજ્યપાલએ જાતે પોતાના ફાર્મ- ગુરુકુલ-કુરુક્ષેત્ર, હરિયાણામાં રાસાયણિક ખેતી કરી રહ્યા હોવાનું જણાવી સ્વાનુભવો વર્ણવતા કહ્યું કે, એક વખત એમના ખેતરમાં જંતુનાશક દવાઓનો છંટકાવ કરી રહેલો વ્યક્તિ દવા છાંટતાં બેભાન થઈ ગયો. તે દિવસથી તેમણે રાસાયણિક દવાઓ-ખાતરની ઝેરી અસરની ગંભીરતા સમજીને રાસાયણિક કૃષિને તિલાંજલિ આપી પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવી છે. તેઓ છેલ્લા નવ વર્ષથી કુરુક્ષેત્ર ફાર્મમાં પદ્ધતિસર પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. એટલું જ નહીં મબલખ ઉત્પાદન પણ મેળવી રહ્યા છે, અને એટલે જ પોતે અન્ય તમામ લોકો પણ કલ્યાણકારી પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવે એ માટે પરિશ્રમ કરી રહ્યા છે. રાજ્યપાલ દેવવ્રતએ પ્રાકૃતિક કૃષિનું મહત્વ વિગતવાર સમજાવીને તેની અતિ ઉપયોગિતા વર્ણવતાં કહ્યું કે, પ્રાકૃતિક ખેતીથી પર્યાવરણ અને સૂક્ષ્મ જીવાણુઓની રક્ષા થાય છે. હવા શુદ્ધ રહે છે અને જમીનની ફળદ્રુપતા વધે છે. ગાયમાતા અને ધરતીમાતાનું સંરક્ષણ થાય છે. આવનારા બે વર્ષમાં ગુજરાતને યુરિયા, ડી.એ.પી., રસાયણમુક્ત ખેતી કરતું રાજ્ય બનાવવું છે એમ સ્પષ્ટપણે જણાવી પ્રાકૃતિક ખેતી સાથે પ્રાકૃતિક જીવન જીવવાની સૌને હાંકલ કરી હતી. સરસાણા કન્વેન્શન હોલ ખાતે યોજાયેલા સંવાદ સમારોહમાં રાજ્યપાલએ વધુમાં કહ્યું કે, જંગલમાં ઉછરતા ઝાડ-પાન, ફળ-ફૂલને કોઈ રાસાયણિક ખાતરની જરૂર પડતી નથી. કુદરતી રીતે તેમાં તમામ ઓર્ગેનિક તત્વોની દેન પરમાત્માએ મુકી છે. સંપૂર્ણ પ્રાકૃતિક રીતે જો આ વન સંપદા ઉછરી શકતી હોય તો આપણા ખેતરમાં આ કેમ થઈ ના શકે ? આ પ્રકારે જંગલના પ્રાકૃતિક નિયમો આપણી કૃષિ પદ્ધતિમાં પણ લાગુ પડે છે.

# આંગણવાડીમાં જતા કોઈપણ બાળકનો જીવ જોખમાય નહિ તે સુનિશ્ચિત કરવું એ રાજ્ય સરકારની પ્રાથમિકતા

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

આંગણવાડીમાં જતા કોઈપણ બાળકનો જીવ જોખમાય નહિ તે સુનિશ્ચિત કરવું એ રાજ્ય સરકારની પ્રાથમિક જવાબદારી છે અને અમારી સરકાર આ જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવી રહી છે, તેમ મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાએ વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું. ગૃહમાં સભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રી બાબરીયાએ જણાવ્યું કે, મહીસાગર જિલ્લામાં ૩૦૫ આંગણવાડીઓ જર્જરિત હાલતમાં છે. આ આંગણવાડીના બાળકોની સલામતીની ચિંતા કરીને ૧૦૬ આંગણવાડીઓ ભાડાના મકાનમાં જ્યારે બાકીની ૧૯૯ આંગણવાડીઓ શાળાના ઓરડા, પંચાયતઘર અથવા સમાજ ઘર જેવી સલામત જગ્યાએ ખસેડવામાં આવી છે.

તેવી જ રીતે, આણંદ જિલ્લામાં પણ ૯૩ આંગણવાડી કેન્દ્રો જર્જરિત હાલતમાં છે. જે પૈકીના ૨૩ કેન્દ્રો ભાડાના મકાનમાં તેમજ બાકીના ૭૦ કેન્દ્રો શાળાના ઓરડા, પંચાયતઘર અથવા સમાજ ઘર જેવી જગ્યાએ ખસેડાયા છે. મંત્રીએ ઉમેર્યું હતું કે, રાજ્યમાં તમામ જર્જરિત આંગણવાડી કેન્દ્રોનું રીનોવેશન અને બાંધકામ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા બજેટમાં માતબર રકમની જોગવાઈ કરવામાં આવી છે.

## વલસાડ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં 16,246 રોજ રોજગાર વાંચ્છુકોને રોજગારી અપાઈ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

શ્રમ કૌશલ્ય અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું છે કે, સમગ્ર દેશમાં રોજગારી પૂરી પાડવા માટે ગુજરાત છેલ્લા ૨૦ વર્ષથી નંબર-૧ છે. વલસાડ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૧૬,૨૪૬ રોજગાર વાંચ્છુકોને રોજગારી પૂરી પાડવામાં આવી છે. વિધાનસભા ખાતે વલસાડ જિલ્લામાં રોજગારી અંગેના પ્રશ્નમાં તેમણે માહિતી આપતા કહ્યું કે, તાજેતરમાં વડાપ્રધાન દ્વારા નવસારી ખાતેથી પી.એમ. મિત્ર ટેક્ષટાઈલ પાર્કનું ભૂમિપૂજન કરાયું છે. જેના પરિણામે આગામી સમયમાં વધુ રોજગારી પ્રાપ્ત થશે. વલસાડ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રોજગાર કચેરી દ્વારા એનર્જી પાર્ક ઉત્પાદન, રેડીમેડ ગારમેન્ટસ, પ્લાસ્ટિક, રબર ઉદ્યોગ અને રસાયણ ક્ષેત્રે રોજગાર વાંચ્છુકોને રોજગારી અપાઈ છે.

### 11 ઋષિકુમારોએ શંખનાદ અને 10 ભૂદેવોએ વૈદિક મંત્રોચ્ચાર

# આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને વીર નર્મદ યુનિવર્સિટીનો 55મો પદવીદાન સમારોહ યોજાયો

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ



રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ૫૫મા પદવીદાન સમારોહમાં દીક્ષાંત પ્રવચનમાં યુવા છાત્રોને કોલેજ શિક્ષણ દ્વારા જે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે માત્ર સ્વઉત્કર્ષ માટે જ નહીં, પણ લોકકલ્યાણ અને રાષ્ટ્રના નિર્માણ માટે પણ ઉપયોગી થાય તેવો પુરૂષાર્થ કરવા આહ્વાન કર્યું હતું. વ્યક્તિએ આજીવન, જીવનની અંતિમ ક્ષણ સુધી વિદ્યાર્થી બની રહેવું જોઈએ, કારણ કે સતત શીખતા રહેવાથી જ્ઞાનમાં વૃદ્ધિ થતી રહે છે એવી માર્મિક શીખ તેમણે આપી હતી. શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાની વિશેષ ઉપસ્થિતિમાં યુનિવર્સિટીના કન્વેન્શન હોલ ખાતે આયોજિત સમારોહમાં રાજ્યપાલ અને મહાનુભાવોના હસ્તે ૧૨ વિદ્યાશાખાઓના ૯૬ અભ્યાસક્રમોના ૧૭,૩૭૫ યુવા છાત્ર-છાત્રાઓને મેડલ્સ તથા પદવીઓ એનાયત કરવામાં આવી હતી. આ ઉપરાંત ૮૧ પી.એચ.ડી. તથા ૪ એમ.ફિલ. ને પદવીઓ એનાયત થઈ હતી. સમારોહની વિશેષતા એ રહી કે સુરતની સૂર્યપૂર સંસ્કૃત પાઠશાળાના ૧૧ ઋષિકુમારોએ શંખનાદ અને ૧૦ ભૂદેવોએ વૈદિક મંત્રોચ્ચાર અને તૈત્તિરીય ઉપનિષદના શ્લોકગાન સાથે ભારતીય સંસ્કૃતિની પ્રાચીન ગુરૂકુળ પરંપરાને ઉજાગર કરી હતી. આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ જણાવ્યું હતું કે, ભારતની પ્રાચીન ગુરૂકુલ પરંપરામાં પણ ઋષિમુનિઓ પોતાના શિષ્યોને શિક્ષા-દીક્ષા અર્પણ કરી અંતમાં ‘ ’ સત્ય બોલવા, ધર્મનું આચરણ કરવા અને અભ્યાસમાં આળસ ન કરવાનો ઉપદેશ આપતાં હતા. તેમણે પદવી ધારણ કરતા વિદ્યાર્થીઓને સ્વાધ્યાયમાં-જ્ઞાન ઉપાર્જનમાં કયારેય આળસ નહીં કરવા જણાવ્યું હતું. સુશિક્ષિત હોવું પૂરતું નથી, ગુણવાન અને સુસંસ્કૃત હોવું જરૂરી છે એમ ભારપૂર્વક જણાવતાં તેમણે ઉમેર્યું કે, વિશ્વશાંતિને હણનારા કંઈ કેટલાય આતંકીઓ પણ ઉચ્ચ ડિગ્રીઓ ધરાવે છે, છતાં આતંકનો માર્ગ પસંદ કર્યો છે. એટલે જ શિક્ષણ મૂલ્યનિષ્ઠ, સભ્ય અને સમાજ પ્રત્યે જવાબદેહ હોવું જરૂરી છે.

## પાંચ વર્ષમાં 11,985 લાભાર્થીઓને રૂ. 1190.77 લાખની સહાય ચૂકવાઇ : રાજ્ય મંત્રી ભીખુસિંહ પરમાર

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

વિધાનસભા ગૃહમાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના સંદર્ભે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં સામાજિક ન્યાય અને અધિકારીતા રાજ્ય મંત્રી ભીખુસિંહજી પરમારે જણાવ્યું હતું કે,નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ છોટાઉદેપુર જીલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ૧૧,૯૮૫ લાભાર્થીઓને રૂપિયા ૧૧૯૦.૭૭ લાખની સહાય ચુકવવામાં આવી છે. નિરાધાર વિધવા મહિલાઓના પુન:સ્થાપન માટે આર્થિક સહાય પૂરી પાડવા અમદાવાદ શહેર અને જિલ્લામાં મળી બે વર્ષમાં ૪૫,૯૮૯ અરજીઓ મંજૂર કરાઈ. રાજ્યની નિરાધાર વિધવા મહિલાઓના પુન:સ્થાપન માટે આર્થિક સહાય પૂરી પાડવા માટે ગુજરાત સરકાર દ્વારા ગંગા સ્વરૂપા યોજના અમલમાં મૂકવામાં આવી છે, તેમ મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરીયાએ વિધાનસભા ગૃહ ખાતે સભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં જણાવ્યું હતું. તેમણે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૨ અને ૨૦૨૩ દરમિયાન અમદાવાદ શહેરમાં કુલ ૩૦,૭૬૧ તેમજ અમદાવાદ જિલ્લામાં કુલ ૧૫,૩૪૩ મળી કુલ ૪૬,૧૦૪ અરજીઓ મળી હતી. જે પૈકી રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ શહેર અને જિલ્લામાં મળી કુલ ૪૫,૯૮૯ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. જ્યારે જરૂરી દસ્તાવેજ-પુરાવાના અભાવે બાકીની ૧૧૫ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે.

### ગંગનાથ ભૂતનાથ મહાદેવ રોડ પરની ઘટના

# આગામી લોકસભા ચૂંટણી સંદર્ભે ગુજરાત યુનિવર્સિટી ખાતેથી ‘યુવા સંવાદ સંકલ્પ યાત્રા’નો પ્રારંભ કરાયો

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ



ગુજરાત યુનિવર્સિટી ખાતે અમદાવાદ જિલ્લા કલેકટર કચેરીના માર્ગદર્શનમાં આગામી લોકસભાની ચૂંટણી સંદર્ભે સ્વીપ એક્ટિવિટી અંતર્ગત યુવા મતદારોમાં મતદાન અંગે જાગૃતિ લાવવા અને અચૂક મતદાનના શપથ લેવડાવવા ‘યુવા સંવાદ સંકલ્પ યાત્રા’ નો પ્રારંભ કરાયો હતો. આજનો જવાબદાર યુવાન આવતીકાલનો જવાબદાર નાગરિક છે આ સંદેશ સાર્થક કરવા ગુજરાત યુનિવર્સિટીના શ્યામાપ્રસાદ મુખર્જી હોલ ખાતે આજે 450 જેટલા યુવાઓએ આગામી લોકસભાની ચૂંટણીમાં મતદાન કરી પોતાની ફરજનું પાલન કરવાના શપથ લીધા હતા. સ્વીપ એક્ટિવિટીના નોડલ ઓફિસર અને ગુજરાત યુનિવર્સિટી ગ્રંથપાલના કાર્યકારી ગ્રંથપાલ ડો.યોગેશ પારેખ જણાવે છે કે, આ ‘યુવા સંવાદ સંકલ્પ યાત્રા’ થકી આગામી દિવસોમાં શહેરના 150 જેટલા શૈક્ષણિક સંસ્થાઓ આવરી લેવામાં આવશે અને વધુમાં વધુ યુવાનોને મતદાન અંગે જાગૃતિ લાવવા તથા પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા શપથ લેવડાવાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, દેશના યુવાનોમાં લોકશાહીના મહાપર્વ સમાન ચૂંટણી માટે જાગૃતિ વધે તેમજ યુવાનો મોટી સંખ્યામાં મતદાર યાદીમાં નામ નોંધાવી પોતાના મતાધિકારનો ઉપયોગ કરે તે માટે કેન્દ્રીય અને રાજ્ય ચૂંટણી પંચ કાર્યરત છે. ત્યારે અમદાવાદ શહેર તથા જિલ્લાના યુવાઓમાં મતદાન અંગે જાગૃતતા લાવવા અને વધુમાં વધુ મતદાન કરાવવા જિલ્લા કલેકટર કચેરી કટિબદ્ધ છે. જેના ભાગરૂપે આગામી સમયમાં મતદાન અંગે જાગૃતિ ફેલાવવા આ પ્રકારના અનેક કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.

## કુંવરબાઇનું મામેરું યોજના અંતર્ગત એક વર્ષમાં 6198 અરજીઓ મંજુર કરી રૂ. 743.76 લાખની સહાય ચૂકવાઈ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | વિધાનસભા ગૃહમાં સામાજિક ન્યાય અને અધિકારિકતા રાજ્ય મંત્રી ભીખુસિંહજી પરમારે જણાવ્યું હતું કે, કુંવરબાઈનું મામેરું યોજના અંતર્ગત છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં ૬૨૧૫ અરજીઓ મળી હતી જેમાંથી ૬૧૯૮ અરજીઓ મંજૂર કરી હતી. આ યોજના અંતર્ગત લાભાર્થીઓને છેલ્લાં એક વર્ષમાં રૂ. ૭૪૩.૭૬ લાખની સહાય ચૂકવવામાં આવી છે. કુંવરબાઈનું મામેરું યોજના અંતર્ગત જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં ૧૦૫૯ અરજીઓ મંજૂર કરી રૂ.૧૨૬.૬૦ લાખની સહાય ચૂકવાઇ છે જ્યારે માળિયા અને કેશોદ તાલુકામાં અનુક્રમે ૯૮૭ અને ૯૧૩ અરજીઓ મંજૂર કરાઇ છે જેમાં રૂ. ૧૧૮.૪૪ લાખ તથા રૂ. ૧૦૯.૩૨ લાખની સહાય ચૂકવાઇ છે તેમ મંત્રીએ પુરક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું.

## સાબરમતી રિવરફ્રન્ટ ગ્રાઉન્ડ ખાતે 1 થી 3 માર્ચ દરમિયાન ‘મિલેટ મહોત્સવ-2024’નું આયોજન કર્યું

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પહેલ પર સંયુક્ત રાષ્ટ્ર એ વર્ષ ૨૦૨૩ની વૈશ્વિક સ્તરે ‘આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ’ તરીકે ઉજવણી કરી હતી. રાજ્ય સરકારે મિલેટ્સને પ્રોત્સાહન આપવા માટે આ વર્ષે પણ વિશેષ આયોજન કર્યું છે. કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા રાજ્યની આઠ મહાનગરપાલિકાઓમાં ૧ થી ૩ માર્ચ દરમિયાન ‘મિલેટ મહોત્સવ-૨૦૨૪’નું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ મહાનગરપાલિકામાં સાબરમતી રિવરફ્રન્ટ ગ્રાઉન્ડ ખાતે ૧ થી ૩ માર્ચ દરમિયાન બપોરના ૪ થી રાત્રિના ૧૦ વાગ્યા સુધી ‘મિલેટ મહોત્સવ-૨૦૨૪’નું આયોજન કરવામાં આવનાર છે. જેમાં મિલેટ થીમ પર વિવિધ પ્રકારનાં સ્ટોલ, હેન્ડીક્રાફ્ટ વેચાણના સ્ટોલ, મિલેટ અને મિલેટ ફુડ પ્રોડકટસના સ્ટોલ, મિલેટ બેઈઝડ લાઈવ ફૂડ ઝોન તેમજ દરરોજ રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવનાર છે.

# “સ્વચ્છ નવસારી, જવાબદારી અમારી, નારી સંમેલન, સંવાદોત્સવ તથા વિકાસલક્ષી કાર્યોનો લોકાર્પણ સમારોહ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ



નવસારી ખાતે પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં “સ્વચ્છ નવસારી, જવાબદારી અમારી, નારી સંમેલન, સંવાદોત્સવ તથા વિકાસલક્ષી કાર્યોનો લોકાર્પણ સમારોહ યોજાયો. આ પ્રસંગે પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલએ સંબોધન કરતા જણાવ્યુ કે, સાંસદ દિશાદર્શનના નામ પર અધિકારીઓ સાથે મળીને એક જિલ્લામાં શું કરી શકાય તેનું ઉત્તમ ઉદાહરણ આજે નવસારીએ સમગ્ર દેશને આપ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે લાલ કીલ્લા પરથી આદર્શ ગામ બનાવવાની જાહેરાત કરી ત્યારે સૌથી પહેલા આદર્શ ગામ તરીકે નવસારીનું ચિખલી ગામ હતું. જ્યારે મોદી સાહેબના આહ્વાનથી સંકલ્પ કર્યો હતો કે નવસારી જીલ્લાને સ્મોકલેસ જિલ્લો બનાવીશું અને તમામ બીપીએલ ધારકોને ગેસ કનેક્શન મળ્યા ત્યારબાદ જે લોકો પાસે બીપીએલ કાર્ડ નહોતા અને કનેક્શન ખરીદી શકે તેવી સ્થિતિમાં નહોતા તેવા લોકોને પણ ગેસ સિલિન્ડર આપી અને દેશનો પ્રથમ જીલ્લો નવસારી સ્મોકલેસ જીલ્લો બન્યો. દેશમાં સુપોષણ અભિયાન ચાલ્યું એમાં નવસારી જીલ્લાના બાળકો કૂપોષિત ના રહી જાય અને એના માટે મુખ્યત્વે આંગણવાડીની બહેનો, આશાવર્કર બહેનો, મહિલા મોરચાની બહેનો અને સૌ સરપંચ બહેનોનો મહત્વનો ફાળો હતો. દેશમાં સૌથી વધારે કુપોષણ માંથી બાળકોને બહાર જો કોઈ જિલ્લો લાવ્યો હોય તો એ નવસારી જીલ્લો છે. પાટીલએ વધુમાં જણાવ્યુ કે, સમગ્ર દેશમાં નવસારી જિલ્લો એક મહત્ત્વનું સ્થાન ધરાવે છે, દેશમાં દીકરાઓની સામે દીકરીઓની સંખ્યા ઓછી છે પરંતુ નવસારીમાં 1000 દીકરાઓની સામે 1007 દીકરીઓ છે. જેના ઘરમાં દીકરી હોય તેના ઘરે સ્વર્ગ કહેવાય અને એટલા માટે જ નવસારી એક સ્વર્ગ છે. અહિયાં બહેનો અને દીકરીઓની બોલબાલા છે અને બહેનોમાં રહેલા ટેલેન્ટને સતત બહાર લાવવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ સતત પ્રયત્નો કરતાં હોય છે. તાલુકા/જીલ્લા પંચાયત, નગરપાલિકા/ મહાનગરપાલિકામાં 50 ટકા સીટો પર બહેનોને રિઝર્વેશન આપ્યું અને આજે બહેનો દેશમાં અગ્રેસર છે. હમણાં જ ઐતિહાસિક લોકસભા અને રાજ્યસભા ભવન તૈયાર થયું અને તે સમયે એક ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો કે રાજ્યસભા અને લોકસભામાં 33% બહેનોને રિઝર્વેશન આપવામાં આવે. આજ દિનસુધીની કોઈપણ સરકારે બહેનોને તેમનો અધિકાર નહોતો આપ્યો. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દેશના પહેલા એવા પ્રધાનમંત્રી છે કે જેમને દેશની મહિલાઓ માટે કાળજી લીધી છે અને તેમના માટે યોજનાઓ બનાવી અને તેમને અધિકાર આપ્યા છે. પાટીલએ વધુમાં જણાવ્યુ કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે લાલ કીલ્લા પરથી સફાઈ અને ટોઈલેટની વાત કરી ત્યારે વિરોધીઓ હસતાં હતા. બહેનોને ટોઈલેટ માટે અંધારાની રાહ જોવી પડતી હતી અને તેના કારણે ઘણી બીમારીઓ સર્જાતી હતી એની ચિંતા કરી અને મોદીએ દેશના દરેક ઘરે સરકાર તરફથી ટોઈલેટની વ્યવસ્થા કરી. નવસારી એ એક સંકલ્પ કર્યો હતો કે, “સ્વચ્છ નવસારી, જવાબદારી અમારી” આ સંકલ્પ પૂર્ણ થયો અને નવસારીના તમામ ગામો સ્વચ્છ થઈ ગયા. નવસારી એક સંસ્કારી નગરી છે.


### સહકારી પ્રવૃત્તિ “ડબલિંગ ઓફ ફેમિલી ઇનકમ”ના સિદ્ધાંત ઉપર કામ કરે

# સહકાર વિભાગની રૂ.1515.78 કરોડની માંગણી આજે વિધાનસભા ગૃહમાં પસાર


ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

વિધાનસભા ગૃહ ખાતે સહકાર વિભાગની અંદાજપત્રીય માંગણીઓની ચર્ચાનો જવાબ આપતા સહકાર રાજ્ય મંત્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતુ કે,વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સહકારથી સમૃદ્ધિના સંકલ્પને સાચા અર્થમાં ચરિતાર્થ કરીને ભારતને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવામાં ગુજરાતનું સહકાર ક્ષેત્ર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં તાજેતરમાં જ ગુજરાત કો.ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનની સુવર્ણ જયંતીની ઉજવણી વિશ્વના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં કરવામાં આવી હતી. આ પ્રસંગે વડાપ્રધાનએ અમૂલ ડેરી, સાબર ડેરી, સરહદ ડેરી, દૂધધારા ડેરી તથા રાજકોટ ડેરીના વિવિધ પ્લાન્ટના રૂ. ૯૫૮ કરોડના કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મંત્રી વિશ્વકર્માએ ગૃહમાં જણાવ્યું હતું કે,ભારતનું ભવિષ્ય ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિ એમ ચાર વર્ગના કલ્યાણથી વિકસિત થવાનું છે. એટલા માટે જ, રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં ‘GYAN’: G-ગરીબ, Y-યુવા, A-અન્નદાતા (કિસાન), N-નારી શક્તિનું સૂત્ર આપવામાં આવ્યું છે. તેમણે કહ્યું હતું કે, છેવાડાના માનવીનું કલ્યાણ થાય અને તમામનો સર્વાંગી વિકાસ થાય તે માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર ખભેથી ખભા મિલાવીને પોતાનું શ્રેષ્ઠ આપવાનો પ્રયત્ન કરી રહી છે. જરૂરિયાતમંદ પરિવારના કલ્યાણની દિશામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ટીમ ગુજરાત સતત અને અવિરત પ્રયત્ન કરી રહી છે.આગવા વિઝન અને મિશનથી સહકાર ક્ષેત્રને સાચા અર્થમાં વાઈબ્રન્ટ બનાવનાર સહકારી નીતિ, સહકારી યુનિવર્સિટી, પેક્સ કોમ્પ્યુટરરાઈઝેશન, નેશનલ કો ઓપરેટિવ ડેટાબેઝ પોર્ટલ જેવા નવા આયામો ઊભા કરી સરકાર અને સહકાર શુભ સમન્વય સાધનાર કેન્દ્રીય સહકાર મંત્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં સમગ્ર દેશ “સહકાર થી સમૃધ્ધિ”ના મંત્રને આત્મસાત કરી આગળ વધી રહ્યો છે. મંત્રીએ જણાવ્યું હતુ કે, સહકારી પ્રવૃત્તિ “ડબલિંગ ઓફ ફેમિલી ઈનકમ”ના સિદ્ધાંત ઉપર કામ કરે છે. આ પ્રવૃત્તિ સાથે પુરુષ અને મહિલા બંને જોડાય છે, તેથી પરિવારની બેવડી આવક ઊભી થાય છે અને વિકાસ પણ બમણો થાય છે.


## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**
તમે ક્યારેય કાર્યક્ષેત્રમાં થતાં ફેરફારોથી ડરતા નથી. પરંતુ, આજે સરકાર કે તંત્ર તરફથી કેટલાંક બદલાવ આવી રહ્યા છે જે તમને ખૂબ પરેશાન કરી શકે છે. હિંમત ના છોડવી વધારે સારું રહેશે.




**વૃષભ (બ,વ,ઉ)**
લાંબા સમય પછી આજે તમને કોઈ સારા સમાચાર મળશે. મહત્વપૂર્ણ કાર્ય પૂરા થતાં લાભદાયી તકો પ્રાપ્ત થશે. આ ઉપરાંત સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્રે આજનો દિવસ તમારા માટે લાભકારક રહેશે.




**મિથુન (ક,છ,ઘ)**
આજે તમે અનેક પ્રકારની મૂંઝવણોમાં રહેશો. એકતરફ તમારા પ્રેમી અથવા પ્રિય વ્યક્તિ માટે કોઈપણ વસ્તુ અથવા ભેટ ખરીદવાની ઉતાવળ થશે. બીજી તરફ તમારા કાર્યસ્થળમાં પણ કામનું દબાણ વધારે રહેશે.




**કર્ક (ડ,હ)**
તમે હંમેશાં બીજાના ભરોસે બેઠા છો. જો બીજા લોકો કાર્ય કરશે તો જ તમે કામ કરશો. તમારે આજે આ ટેવ બદલવી પડશે. નહીં તો તમે ઘણું ગુમાવશો. જે તમને નુકસાન પહોંચાડી શકે છે. સખત મહેનત કરવી.



**સિંહ (મ,ટ)**
આજે કેટલાંક લોકો તમારા કામમાં મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. તમે નારાજ થઈ શકો છો અને તમારા કાર્યો પૂરા કરતા પહેલા જ તે છોડી શકો છો. જો તમે આવી સમસ્યાઓ ઉકેલશો નહીં તો તમે ક્યારેય પ્રગતિ કરી શકશો નહીં.




**કન્યા (પ,ઠ,ણ)**
સમાજસેવા એક એવું ક્ષેત્ર છે જ્યાં તમારી બમણી પ્રગતિ થશે. જો તમે કોઈ સંસ્થા સાથે સંકળાયેલા છો તો સારી વાત છે. આજે તમને ઘણી તક મળશે, જેની સાથે તમને જીવનમાં સફળતા મળી શકે છે.




**તુલા (ર,ત)**
તમારા પ્રયત્નો રંગ લાવી રહ્યા છે. આજે તમારી આર્થિક સ્થિતિમાં સુધારો થશે. તમારા સાથીદારો પ્રત્યેનું તમારું વર્તન ઉદાર રહેશે અને તમે તેમની બધી ભૂલોને માફ કરવા માટે તૈયાર છો.




**વૃશ્ચિક (ન,ય)**
આજે તમે તમારા મિત્રો અને પ્રિયજનો માટે ખૂબ ચિંતા કરી શકો છો. તમારું કાર્ય છોડીને તમે અન્ય લોકો સાથે તેમના કોઈ કાર્યમાં ભાગ લઈને તમારો કિંમતી સમય બગાડો છો. આ ટેવ છોડો.




**ધન (ભ,ધ,ફ)**
આજે કાર્યસ્થળમાં બીજા પર ભરોસો રાખવાને બદલે તમારી મહેનત પર ધ્યાન કેન્દ્રિત કરો. જે તમને ફાયદો કરાવશે, નહીં તો તમારે આ ક્ષેત્રમાં ભારે નુકસાનનો સામનો કરવો પડી શકે છે.



**મકર (ખ,જ)**
તમારું મન સંત સાથેની મુલાકાતથી ખુશ રહેશે. તમે ગુસ્સે થશો ત્યારે પણ ગુસ્સો નહીં આવે. આની મદદથી તમે ખરાબ વાતાવરણને વધુ સારું બનાવી શકશો.



**કુંભ (ગ,શ,સ)**
આજે ભાવનાત્મક અને લાગણી સંબંધિત કેટલીક બાબતો સામે આવશે. પરંતુ જો તમારે કોઈ નિર્ણય લેવો હોય તો તે કાળજીપૂર્વક લો નહીં તો તમારી કરુણા અને ઉદારતા તમને મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.



**મીન (દ,ચ,ઝ,થ)**
આજે ઉદાસ વલણ અને શંકાના વાદળ તમારા મનને ઘેરી લેશે. જે તમને માનસિક રીતે નુકસાન પહોંચાડી શકે છે. ઘરમાં શાંતિનું વાતાવરણ રહેશે. માતા-પિતા સાથે સારો સમય પસાર કરો.

# કેનેરા બેંકને લઈ બે અગત્યના સમાચાર આવ્યા, આજે શેરમાં કેવી અસર જોવા મળશે?




નવી દિલ્હી | તા.27

કેનેરા બેંકે તેના સ્ટોકને નાના રોકાણકારો માટે પોસાય તેવા બનાવવા માટે સ્ટોક સ્પ્લિટને મંજૂરી આપી છે. રૂપિયા10ની ફેસ વેલ્યુ ધરાવતા સ્ટોકને હવે રૂપિયા 2ની ફેસ વેલ્યુના પાંચ ભાગમાં વહેંચવામાં આવશે. કેનેરા બેંકના સ્ટોક સ્પ્લિટને હવે બેંકિંગ ક્ષેત્રના નિયમનકાર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મંજૂરી લેવી પડશે. આરબીઆઈને તેની તપાસમાં જાણવા મળ્યું છે કે કેનેરા બેંકે ક્રેડિટ ઈન્ફોર્મેશન કંપનીઓને આપવામાં આવેલી માહિતીમાં અનુગામી સુધારાને સુધાર્યા નથી અને આ અસ્વીકાર પ્રાપ્ત થયાના સાત દિવસની અંદર તેને ફરીથી અપલોડ કર્યો છે. આ ઉપરાંત આવા ખાતાઓની પુનઃરચના કરવામાં આવી હતી જે પ્રમાણભૂત અસ્કયામતો ન હતી.આ કારણોસર જ્યાં કેનેરા બેંક પર 32.30 લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. કેનેરા બેંકે તેના સ્ટોકને નાના રોકાણકારો માટે પોસાય તેવા બનાવવા માટે સ્ટોક સ્પ્લિટને મંજૂરી આપી છે. રૂપિયા10ની ફેસ વેલ્યુ ધરાવતા સ્ટોકને હવે રૂપિયા 2ની ફેસ વેલ્યુના પાંચ ભાગમાં વહેંચવામાં આવશે. કેનેરા બેંકના સ્ટોક સ્પ્લિટને હવે બેંકિંગ ક્ષેત્રના નિયમનકાર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મંજૂરી લેવી પડશે. નાના રોકાણકારો ખરીદી શકે તે માટે સ્ટોક સ્પ્લિટ કરાયો કેનેરા બેંકની બોર્ડ મીટિંગ 26 ફેબ્રુઆરી 2024ના રોજ મળી હતી. બોર્ડની બેઠકમાં રૂપિયા 10ની ફેસ વેલ્યુ ધરાવતા શેરના પેટાવિભાગના પ્રસ્તાવને પાંચ ભાગમાં મંજૂરી આપવામાં આવી હતી. આ નિર્ણય પાછળનો તર્ક એ છે કે તે બજારમાં કેનેરા બેંકના શેરનો પુરવઠો વધારવામાં મદદ કરશે. ઉપરાંત પેટાવિભાગ પછી શેરના ભાવમાં ઘટાડો થશે જે રિટેલ રોકાણકારો માટે સ્ટોકને પોસાય તેમ બનાવશે. આ નિર્ણય રિટેલ રોકાણકારોનો આધાર વધારવામાં પણ મદદ કરશે. કેનેરા બેંકના શેરના સબ-ડિવિઝનની પ્રક્રિયા બોર્ડ મીટિંગ માટે જારી કરવામાં આવેલી નોટિસની તારીખથી 2 થી 3 મહિનામાં પૂર્ણ કરવામાં આવશે. એક્સચેન્જ ફાઈલિંગમાં જણાવવામાં આવ્યું હતું કે બોર્ડના આ નિર્ણય બાદ ડિરેક્ટરો, બેંકના નિયુક્ત વ્યક્તિઓ અને તેમના સંબંધીઓ સાથે જોડાયેલા લોકોની ટ્રેડિંગ વિન્ડો 29 ફેબ્રુઆરી 2024થી ખુલશે. કેનેરા બેંકમાં શેરમાં વધારો થયો કેનેરા બેંકના સ્ટોક સબ-ડિવિઝન અંગેનો નિર્ણય બજાર બંધ થયા બાદ આવ્યો છે. તે પહેલા, કેનેરા બેંકનો શેર 1.24 ટકાના વધારા સાથે રૂ. 573.25 પર બંધ થયો હતો. જાહેર ક્ષેત્રના મલ્ટીબેગર શેરોમાં કેનેરા બેંકનો સમાવેશ થાય છે. આ શેરે રોકાણકારોને એક વર્ષમાં 111 ટકા, બે વર્ષમાં 162 ટકા અને ત્રણ વર્ષમાં 265 ટકા વળતર આપ્યું છે. એક વર્ષ પહેલા શેર રૂ. 268 પર ટ્રેડ થતો હતો, જે રૂ. 598.80ની ઊંચી સપાટીએ પણ પહોંચી ગયો છે. ડિસ્ક્લેમર : tv9 દ્વારા અત્રે એ વાતની સ્પષ્ટતા કરવામાં આવે છે કે શેરબજારનું રોકાણ આર્થિક જોખમોને આધીન હોય છે. બજારમાં નફાના અંદાજ સાથે કરાયેલ રોકાણમાં હંમેશા નફો નહીં પણ નુકસાનનો સામનો પણ કરવો પડી શકે છે. અમારી સલાહ છે કે રોકાણ કરતા પહેલા હંમેશા નિષ્ણાતની સલાહ લેવી જરૂરી છે.

# બિટકોઈન 2 વર્ષ પછી $57,000ને પાર : ઉડમાં ક્રિપ્ટોકરન્સમાં 5%થી વધુની તેજીમાં વધારો

## 11 જાન્યુઆરીના ટ્રેડિંગ દરમિયાન બિટકોઈન એક્સચેન્જ ટ્રેડેડ ફંડ (ETF)માં લગભગ $5.6 બિલિયન

નવી દિલ્હી | તા.27

Cryptocurrency Bitcoin એ લગભગ 2 વર્ષ પછી પ્રથમ વખત $57,000 (આશરે રૂ. 47.25 લાખ)નો આંકડો પાર કર્યો છે. અગાઉ 2021માં, ડિજિટલ ચલણ $ 69,000 ના આંકને વટાવી ગયું હતું. મંગળવારે સવારે ડિજિટલ એસેટ 4.4% વધીને $57,039 થઈ. જો કે, તેનો ઉછાળો ઓછો થયો અને 10:22 વાગ્યે તે $56,473 પર ટ્રેડ થઈ રહ્યો હતો.

આ વર્ષે બિટકોઈનના ભાવમાં 30%નો વધારો થયો રોકાણકારોની માગ તેમજ એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ્સ દ્વારા માઈક્રોસ્ટ્રેટેજી ઈન્કની ખરીદીને કારણે મંગળવારે વધારો જોવા અને સિંગાપોરમાં 1% થી વધુ હતો. આ વર્ષે બિટકોઈનની કિંમતમાં 30%નો વધારો જોવા મળ્યો છે.



**માઇક્રોસ્ટ્રેટેજીએ આ મહિને 3000થી વધુ ટોકન્સ ખરીધા :** એન્ટરપ્રાઈઝ સોફ્ટવેર ફર્મ માઈક્રોસ્ટ્રેટેજીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેણે આ મહિને 3000થી વધુ ટોકન્સ ખરીદ્યા છે. હવે કંપની પાસે લગભગ $10 બિલિયન (આશરે રૂ. 82,894 કરોડ)ના બિટકોઈન્સ છે. 11 જાન્યુઆરીના ટ્રેડિંગ દરમિયાન બિટકોઈન એક્સચેન્જ ટ્રેડેડ ફંડ (ETF)માં લગભગ $5.6 બિલિયન (આશરે રૂ. 46,415 કરોડ)નું રોકાણ કરવામાં આવ્યું હતું.

### તમે ભારતમાં તમારા પોતાના જોખમે ક્રિપ્ટોનો વેપાર કરી શકો છો

ચુકવણીના માધ્યમ તરીકે ક્રિપ્ટોકરન્સીનો ઉપયોગ કરવા અંગે ભારતમાં કોઈ નિયમન નથી. તેનો અર્થ એ કે ભારત સરકારની કોઈ સત્તા તેની પરવાનગી આપતી નથી. આને લગતા કોઈપણ વિવાદ માટે કોઈ નિયમ કે માર્ગદર્શિકા નથી. રોકાણકારો પોતાના જોખમે તેમાં વેપાર કરી શકે છે. કોઈ પણ સરકાર કે કંપની તેની પર નિયંત્રણ કરી શકતી નથી. આ કારણે તેમાં અસ્થિરતા છે. તે બ્લોકચેન ટેક્નોલોજી અને ડિસ્ટ્રિબ્યુટેડ સિસ્ટમ પર કામ કરે છે, તેને કોઈ હેક કરી શકતુ નથી. આ સિવાય તેમાં કોઈ છેડછાડ પણ થઈ શકતી નથી

# આજથી પ્લેટિનમ ઈન્ડસ્ટ્રીઝના IPOમાં રોકાણ કરવાની તક

મુંબઈ | તા.27

સ્ટેબિલાઈઝર્સ મેન્યુફેક્ચરિંગ કંપની પ્લેટિનમ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડનો IPO રિટેલ રોકાણકારો માટે આજથી એટલે કે 27મી ફેબ્રુઆરીથી ખુલ્યો છે. તમે આમાં 29 ફેબ્રુઆરી સુધી બોલી લગાવી શકશો. કંપનીના શેર નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) પર 5 માર્ચે લિસ્ટ થશે.

પ્લેટિનમ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ આ IPO દ્વારા 235.32 કરોડ એકત્ર કરવા માગે છે. આ માટે કંપની 13,761,225 નવા શેર જારી કરશે. આ સંપૂર્ણપણે નવો IPO છે, જેમાં કંપનીના હાલના રોકાણકારો અને પ્રમોટર્સ ઓફર ફોર સેલ દ્વારા એક પણ શેર વેચશે નહીં. ન્યૂનતમ રોકાણ 14,877 હશે

પ્લેટિનમ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે આ ઈશ્યૂની પ્રાઈસ બેન્ડ 162-171 નક્કી કરી છે. છૂટક રોકાણકારો ઓછામાં ઓછા એક લોટ એટલે કે 87 શેર માટે બિડ કરી શકે છે. જો તમે 171ના IPOના ઉપલા પ્રાઈસ બેન્ડ મુજબ 1 લોટ માટે અરજી કરો છો, તો તમારે 14,877નું રોકાણ કરવું પડશે.

જ્યારે રિટેલ રોકાણકારો મહત્તમ 13 લોટ એટલે કે 1131 શેર માટે અરજી કરી શકે છે. આ માટે રોકાણકારોએ અપર પ્રાઈસ બેન્ડ મુજબ 193,401 ખર્ચવા પડશે.ગ્રે માર્કેટમાં પ્લેટિનમ ઈન્ડસ્ટ્રીઝનું પ્રીમિયમ 58% PO ખુલ્યો તે પહેલાં, કંપનીના શેર્સ ગ્રે માર્કેટમાં 58% એટલે કે 100 પ્રતિ શેરના પ્રીમિયમ પર પહોંચી ગયા હતા. આવી સ્થિતિમાં, 171ના ઉપલા પ્રાઈસ બેન્ડ અનુસાર, તેનું લિસ્ટિંગ 271 પર થઈ શકે છે. જો કે, આ માત્ર એક અંદાજ છે, શેરની લિસ્ટિંગ કિંમત ગ્રે બજાર કિંમતથી તદ્દન અલગ છે.

# ક્રિસ્ટલ ઈન્ટિગ્રેટેડ સર્વિસિસ માર્ચમાં રૂ. 300 કરોડનો IPO લોંચ કરશે

નવી દિલ્હી | તા.27

ભારતના ઈન્ટિગ્રેટેડ ફેસિલિટી મેનેજમેન્ટ સેક્ટરમાં અગ્રણી કંપની ક્રિસ્ટલ ઈન્ટિગ્રેટેડ સર્વિસિસ માર્ચ, 2024માં રૂ. 300 કરોડના મૂલ્યના પ્રારંભિક જાહેર ભરણા (આઈપીઓ) સાથે મૂડી બજારમાં પ્રવેશવા માટે સજ્જ છે, તેમ બજારના સૂત્રોએ જણાવ્યું હતું. આ ઓફરમાં ફ્રેશ ઈશ્યૂ અને ઓફર ફોર સેલ (ઓએફએસ) સામેલ છે.

ક્રિસ્ટલ ફેસિલિટી મેનેજમેન્ટ સર્વિસિસનો વ્યાપક સમૂહ ધરાવે છે, જેની સાથે તે ભારતની જૂજ કંપનીઓ પૈકીની એક છે કે જે વિશાળ ભૌગોલિક ઉપસ્થિતિ અને ગ્રાહક આધાર ધરાવે છે, જે 31 માર્ચ, 2024 સુધીમાં લગભગ તમામ એન્ડ-યુઝર સેગમેન્ટ્સને સેવા પ્રદાન કરે છે.

તેની સોફ્ટ સર્વિસિસમાં હાઉસકિપિંગ, સેનિટેશન, લેન્ડસ્કેપિંગ, ગાર્ડનિંગ તથા હાર્ડ સર્વિસિસમાં મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ અને પ્લમ્બિંગ સર્વિસિસ સાથે સોલિડ, લિક્વિડ અને બાયોમેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ, પેસ્ટ કંટ્રોલ, ક્લનિંગ, પ્રોડક્શન સપોર્ટ, વેરહાઉસ મેનેજમેન્ટ અને એરપોર્ટ મેનેજમેન્ટ સર્વિસિસ સામેલ છે. કંપની સ્ટાફિંગ સોલ્યુશન્સ,




પેરોલ મેનેજમેન્ટ, પ્રાઈવેટ સિક્યુરિટી, મેન ગાર્ડનિંગ સર્વિસિસ અને કેટરિંગ સર્વિસિસ પણ પ્રદાન કરે છે.

ઈન્ટિગ્રેટેડ ફેસિલિટી મેનેજમેન્ટ માટે બેસ્પોક સોલ્યુશન્સની જોગવાઈઓમાં મજબૂતાઈ, ઓરિજનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર (ઓઈએમ) પાસેથી સ્પર્ધાત્મક સોર્સિંગ, બેસ્ટ-ઈન-ક્લાસ પ્રોડક્ટ્સ અપનાવવી તેમજ સ્માર્ટ ટેક્નોલોજી સાથે ક્રિસ્ટલ ઈન્ટિગ્રેટેડ સર્વિસિસ સરકારી ક્ષેત્રમાં મહત્વપૂર્ણ સોલ્યુશન્સ પ્રોવાઈડર છે. તે મોટા કોન્ટ્રાક્ટ્સના અમલીકરણમાં નોંધપાત્ર ટ્રેક રેકોર્ડ ધરાવે છે તેમજ વ્યાપક, મલ્ટી-લોકેશન સરકારી પ્રોજેક્ટ્સના સર્વિસ માટે ભારતમાં પસંદગીની કંપનીઓ પૈકીની એક છે.

ક્રિસ્ટલની કામગીરી ભારતના 14 રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં ફેલાયેલી છે. દેશભરમાં 21 બ્રાન્ચ ઓફિસની વ્યૂહાત્મક સ્થાપના તેની વ્યાપક ભૌગોલિક પહોંચમાં યોગદાન આપે છે. ક્રિસ્ટલે નાણાકીય વર્ષ 2021માં કામગીરીમાંથી રૂ. 471.3 કરોડની આવક નોંધાવી હતી, જે નાણાકીય વર્ષ 2023માં વધીને રૂ. 707.6 કરોડ થઈ છે. નાણાકીય વર્ષ 2023માં પ્રોફિટ આફ્ટર ટેક્સ વધીને રૂ. 38.4 કરોડ થયો છે, જે નાણાકીય વર્ષ 2021માં રૂ. 16.8 કરોડ હતો.

# સ્નેપડીલે તેના લાઈફસ્ટાઈલ પોર્ટફોલિયોનું વિસ્તરણ કર્યું


## ત્રણ મહિનામાં 1200 બ્રાન્ડ ઉપસ્થિત આગામી બે મહિનામાં વધુ 800 બ્રાન્ડ ઉમેરવાનું લક્ષ્ય

નવી દિલ્હી | તા.27

ભારતનું અગ્રણી વેલ્યૂ ઈ-કોમર્સ પ્લેટફોર્મ સ્નેપડીલે વાજબી ભાવે બ્રાન્ડેડ મર્ચેન્ડાઈઝની વધતી માગને પહોંચી વળવા વેલ્યૂ લાઈફસ્ટાઈલ પોર્ટફોલિયોને વિસ્તરિત કરતાં મજબૂત બનાવ્યો છે. સ્નેપડીલ બ્રાન્ડ આધારિત વલણ, વેલ્યૂ-ફોકસ્ડ શોપિંગ સહિતની બાબતોને ઓળખી વેલ્યૂ-સેવી ગ્રાહકોને ટાર્ગેટ કરતાં ગુણવત્તાયુક્ત મર્ચેન્ડાઈઝ ઓફર કરતા લાઈફસ્ટાઈલ બ્રાન્ડ્સની વિવિધ શ્રેણી ઓફર કરશે.

સ્નેપડીલની નવી ફેશન લાઈનઅપમાં જોકી, રોસલાઈન બાય ઝિવામે, વરંગા, હાઉસ ઓફ રામરાજ કોટન, જ્હોન પ્લેયર્સ, ક્લોવિયા, રેડ ટેપ, જનસ્ય, ઓરેલિયા, નૌટી નટી અને હાલમાં લોન્ચ કેચ સહિતની આકર્ષક બ્રાન્ડ્સનો પોર્ટફોલિયો સમાવિષ્ટ કર્યો છે. આ બ્રાન્ડ્સ સ્ટાઈલ અને ગુણવત્તા સાથે બાંધછોડ કર્યા વિના રૂ. 249થી માંડી રૂ. 999 સુધીની રેન્જમાં કપડાંઓની વિશાળ રેન્જ ઓફર કરે છે.

ફુટવેર કેટેગરીમાં સ્નેપડીલે કાલર્ટન લંડન, સ્પાર્ક્સ, કેમ્પસ અને એક્શન જેવી બ્રાન્ડને આવરી લીધી છે. જે કમ્ફર્ટ, સ્ટાઈલ અને અર્ફોડેબિલિટી સાથે માત્ર રૂ. 599માં સ્ટાઈલિશ વિકલ્પ ઓફર કરે છે. આ




બ્રાન્ડની ફુટવેર ફેશન સ્નેપડીલના વિસ્તિરત ગ્રાહક આધાર માટે નવો વિકલ્પ પ્રદાન કરશે. વધુમાં સ્નેપડીલની એસેસરીઝ લાઈનઅપમાં બેગિટ, ડેનિઅલ ક્લેન, અને અન્ય પ્રચલિત બ્રાન્ડની વિશાળ રેન્જ ઓફર કરશે. જે કોઈપણ કપડાંના શ્રેષ્ઠ અને આકર્ષક લુકમાં વધારો કરશે.

વાજબી/સસ્તા દરે ગુણવત્તાયુક્ત પ્રોડક્ટ્સ ઓફર કરવાની પ્રતિબદ્ધતા સાથે સ્નેપડીલ એ ગ્રાહકો માટે તેમની ફેશન પસંદગીઓમાં સ્ટાઈલ અને પરવડે તેવી ક્ષમતાનો સહયોગ પૂરો પાડે છે. પ્લેટફોર્મનું આ વ્યૂહાત્મક પગલું વાજબી મૂલ્ય પ્રત્યે સભાન દુકાનદારોની માંગને પહોંચી વળવા માટે તૈયાર કરાયેલ મર્ચેન્ડાઈઝ સાથે વિવિધ બ્રાન્ડ્સને ઓનબોર્ડ કરે છે. સ્નેપડીલના સીઈઓ હિમાંશુ ચક્રવર્તીએ જણાવ્યું હતું કે, 'અમારૂ વિઝન સ્નેપડીલને મૂલ્ય-કેન્દ્રિત લાઈફસ્ટાઈલ માટેનું લોકપ્રિય સ્થળ તરીકે સ્થાપિત કરવાનું છે. સ્નેપડીલ નોંધપાત્ર વૃદ્ધિના તબક્કામાં પ્રવેશી છે, આ એક સર્વગ્રાહી ફેશન સેગમેન્ટમાં વિકસિત થવાના અમારા પ્રગતિશીલ વલણને પ્રતિબિંબિત કરે છે. ગ્રાહકો માટે કે જેઓ વાજબી ભાવે ગુણવત્તાયુક્ત લાઈફસ્ટાઈલને પ્રાથમિકતા આપે છે. અમે પોર્ટફોલિયોમાં સતત નવી બ્રાન્ડ ઉમેરીને સ્ટાઈલિશ અને મૂલ્યો આધારિત પ્રોડક્ટ્સ પ્રદાન કરવા પ્રતિબદ્ધ છીએ.'

સ્નેપડીલના 72 ટકા ખરીદદારો નાના શહેરો અને નગરોમાંથી આવવાની સાથે તેના 86 ટકા ઓર્ડર મેટ્રો શહેરોની બહારના હોય છે. તદુપરાંત સ્નેપડીલ પર 95 ટકા પ્રોડક્ટ્સ રૂ. 1000થી નીચી કિંમતે ઉપલબ્ધ હોવાથી ટીઅર-2 અને ટીઅર-3 શહેરોના ગ્રાહકો માટે સરળતા અને અફોર્ડેબિલિટીની ખાતરી સુનિશ્ચિત કરે છે. સ્નેપડીલની વેબસાઈટ કે મોબાઈલ એપ મારફત તેની લેટેસ્ટ ફેશન ટ્રેન્ડ્સ અને લાઈફસ્ટાઈલ પ્રોડક્ટ્સ જોઈ અને ખરીદી શકો છો. જે ગુણવત્તાની સાથે વાજબી કિંમતે ઉપલબ્ધ છે.

# સિંગાપોર સ્થિત એક્સીલરેટે ફેડરેટેડ હર્મ્સ પ્રાઈવેટ ઈક્વિટી દ્વારા રૂ. 200 કરોડથી વધુની ઈક્વિટી એકત્રિત કર્યાની જાહેરાત કરી

મુંબઈ : ભારતની સૌથી મોટી સોશિયલ, ઈન્ડસ્ટ્રીયલ કમ્પ્લાયન્સીસ સર્વિસીસ પ્રોવાઈડર અપારિજતાની પેરેન્ટ કંપની સિંગાપોરમાં હેડક્વાર્ટર ધરાવતી જીઆરસી અને ઈએસજી પ્લેટફોર્મ એક્સીલરેટ પીટીઈ લિમિટેડે 25 મિલિયન યુએસ ડોલર (રૂ. 207.20 કરોડ) થી વધુની ઈક્વિટી એકત્રિત કરવાની નજીક પહોંચ્યાની મંગળવારે જાહેરાત કરી હતી. એક્સીલરેટ ખૂબ જ નિયંત્રિત અને જટિલ ઉદ્યોગો તથા બજારોમાં ટેક-એનેબલ્ડ, સ્કેલેબલ કમ્પ્લાયન્સીસ ઓફર કરે છે જેનાથી કોર્પોરેટ્સને ઉચ્ચ સ્તરના ગવર્નન્સ સ્ટાન્ડર્ડ્સ જાળવવામાં, રિસ્ક મેનેજ કરવામાં અને આંતરિક તથા બાહ્ય વિવિધ નિયમો, કાયદાઓ તથા નિયમનો સાથે અનુપાલન સુનિશ્ચિત કરવામાં મદદ મળે છે. આ તાજેતરનો રાઉન્ડ 31 ડિસેમ્બર, 2023ના રોજ 757.6 અબજની એસેટ અંડર મેનેજમેન્ટ ધરાવતી તથા ઈનોવેટિવ અને હાઈ ગ્રોથ બિઝનેસીસમાં રોકાણનો 30 વર્ષનો ટ્રેક રેકોર્ડ ધરાવતી અગ્રણી પ્રાઈવેટ ઈક્વિટી ઈન્વેસ્ટર ફેડરેટેડ હર્મ્સ પ્રાઈવેટ ઈક્વિટીની આગેવાની હેઠળ યોજાયો હતો.

## અપગ્રેડના એમડી મયંક કુમાર કહે છે કે ટુ-મિનિટ નૂડલ્સ જનરેશનના લોકો ગ્રેજ્યુએશન માટે લાંબા અભ્યાસની તરફેણમાં નથી

# નવી સ્કિલ્સ:અત્યારના સમયમાં શિક્ષણ ક્ષેત્ર ફાસ્ટ ફૂડની જેમ ઝડપી બદલાઈ રહ્યું છે

ઈન્દોર | તા.27

રોજગાર અને શિક્ષણ ક્ષેત્રે મોટા ફેરફારો થઈ રહ્યા છે. કાયમી નોકરીની જગ્યાએ હવે નવા વિભાગો અને તકો ખુલી રહી છે. આ માટે નવી સ્કિલ્સ જરૂરી છે. ટુ-મિનિટ નૂડલ પેઢીના ઘણા લોકો લાંબા સમય સુધી સ્નાતક અભ્યાસક્રમો માટે ઉત્સાહી નથી. આ નવા ટ્રેન્ડનો લાભ ઉઠાવતા, મોટા શહેરોમાંથી કાર્યરત અપગ્રેડ જેવા ઓનલાઈન લર્નિંગ પ્લેટફોર્મ્સ મુખ્યત્વે વ્યાવસાયિકોને તાલીમ આપવા માટે ટાયર-2/3 શહેરોમાં વિસ્તરી રહ્યાં છે. અપગ્રેડએ ઓફલાઈન લોન્ચ માટે મધ્ય પ્રદેશના ઈન્દોર શહેરને પસંદ કર્યું છે. દૈનિક ભાસ્કરે આ પહેલ અંગે અપગ્રેડના એમડી મયંક કુમાર સાથે વાત કરી હતી.

ઓનલાઈન ક્લાસીસ પછી ઓફલાઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ કરવાનો હેતુ શું છે?



જે દેખાય છે તે વેચાય છે. આ સિવાય અમે 21-24 વર્ષની ઉંમરના કોલેજ જતા યુવાનોને જોડવા માંગીએ છીએ. તેમને શિસ્ત સાથે બાંધવા માટે ફિઝિકલ જગ્યા જરૂરી છે. અમારા 90% થી વધુ વર્ગો ફિઝિકલ રીતે એટલે કે ઓફલાઈન ચલાવવામાં આવશે.જો કોઈ વિદ્યાર્થી કોઈપણ વર્ગ ચૂકી જાય, તો તે ઈચ્છે તો ગમે ત્યારે તેને ઓનલાઈન લઈ શકે છે. શૈક્ષણિક કેમ્પસમાં ગયા વિના સ્કિલ ડેવલપ કરવા માંગતા વ્યાવસાયિકો માટે ઓનલાઈન શિક્ષણ ચાલુ રહેશે.

શા માટે ઈન્દોર પ્રથમ પસંદગી છે?

આ પછી તમે ક્યાં વિસ્તરણ કરશો?

ઈન્દોર ખૂબ જ મહત્વાકાંક્ષી શહેર છે. ઈન્દોર અને તેની આસપાસના વિસ્તારોમાંથી લગભગ 100 કિલોમીટરની ત્રિજ્યામાં મોટી સંખ્યામાં લોકો પણ અમારા ઓનલાઈન ક્લાસમાં જોડાય છે. તેથી અમે વિચાર્યું કે શા માટે આ બજારની નજીક જઈને અમારી હાજરી સ્થાપિત ન કરીએ. ગ્રેજ્યુએશન સાથે અપ-સ્કિલિંગ અને સાઈડ સ્કિલિંગ એ લેટેસ્ટ ટ્રેન્ડ છે. અમે આ નવા વિચાર સાથે લોકો સુધી પહોંચવા માંગીએ છીએ. અમારી નજર દેશના તમામ યુવા વસ્તીવાળા વિસ્તારો પર છે. જેમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઝારખંડ, બિહાર અને ઓડિશાનો સમાવેશ થાય છે. અમે ટૂંક સમયમાં જયપુર, પટના અને ગુવાહાટીમાં પણ કેન્દ્રો ખોલીશું. અમારી યોજના ઓછામાં ઓછા 20 શહેરો માટે છે. મોટાભાગના ટાયર-2/3 શહેરો છે. આ વર્ષે અમે દક્ષિણ ભારતમાં પણ અમારી હાજરી વધારીશું.

યુનિવર્સિટીનો દરજ્જો ન હોવા છતાં, તમને લાગે છે કે યુવા વિદ્યાર્થીઓ તમારા અભ્યાસક્રમોમાં જોડાશે? શું તમે માનો છો કે એજ્યુકેશન ઈન્ડસ્ટ્રીઝ નવી દિશામાં આગળ વધી રહ્યો છે?

ચોક્કસ, એકંદર શિક્ષણ ફાસ્ટ ફૂડની જેમ ઝડપથી બદલાઈ રહ્યું છે. હવે કોઈ પણ વ્યક્તિ તેની આખી કારકિર્દી માટે સમાન નોકરી મેળવવા માંગતો નથી. લોકો ઝડપથી એક ઉદ્યોગમાંથી બીજા ઉદ્યોગમાં જઈ રહ્યા છે.લાંબા ગાળાના ડિગ્રી કોર્સનો ખ્યાલ જૂનો છે. લાંબા અભ્યાસક્રમોને ફાઈન ડાઈનિંગ ગણી શકાય. હવે લોકો શોર્ટ ટર્મ કોર્સ પર ફોક્સ કરી રહ્યા છે. આને ફાસ્ટ ફૂડ કહી શકાય. હવે ડિગ્રીને બદલે ક્રેડિટ મહત્વની રહેશે. ઉદાહરણ તરીકે, જો કોઈ વિદ્યાર્થી શાળા/કોલેજમાં 165 ક્રેડિટ પૂર્ણ કરે છે.

# તમારી કાર માટે ઝીરો ડેપ્રિશિએશન ઈન્સ્યોરન્સ શા માટે ખરીદવો જોઈએ?

નવી દિલ્હી | જ્યારે તમે કાર ઈન્સ્યોરન્સ પોલિસી ખરીદો છો, ત્યારે ઈન્સ્યોરન્સ આપનાર તમને એડ-ઓન્સ વીમા ઈન્સ્યોરન્સ વિશે જણાવે છે, જે કવરેજને વધારાનો વિસ્તાર આપી શકે છે. મહત્વનું છે કે ઝીરો ડેપ્રિશિએશન કવર એ સૌથી લોકપ્રિય કાર વીમા એડ-ઓન્સમાંથી એક છે. સુનિશ્ચિત કરે છે કે ક્લેઈમના દાવાના મામલામાં તમામ ભાગોના સંપૂર્ણ મૂલ્યની ભરપાઈ કરવામાં આવશે, તમને ડેપ્રિશિએશનની અસરથી બચાવશે. તેથી તમારે તમારી સૌથી મૂલ્યવાન સંપત્તિની સુરક્ષા માટે કંઈપણ ઓછું કરવાની જરૂર નથી.

તો ફોર-વ્હીલર ઈન્સ્યોરન્સ યોજનાઓ માટે ઝીરો ડેપ્રિશિએશન કવરનો અર્થ શું થાય છે અને તમારે તેને શા માટે ખરીદવો જોઈએ? ચાલો તેને સમજીએ. કાર ઈન્સ્યોરન્સમાં ઝીરો ડેપ્રિશિએશન શું છે?

જ્યારે તમારી કારને નુકસાન થાય છે અને તમે દાવો કરો છો, ત્યારે તમે જે રકમ મેળવવા માટે હકદાર છો, તે કાર લીધેલ સમય અને ઉપયોગને કારણે જમા થયેલા ડેપ્રિશિએશનની અસરને આવરી લેવા માટે કાપવામાં આવશે. તમારી કાર માટે ડેપ્રિશિએશનની ટકાવારી 0 થી 6 મહિના અને 5 વર્ષ માટે 5% થી 50% સુધીની હોઈ શકે છે. ઝીરો ડેપ્રિશિએશન કવર, અથવા નીવ ઝીરો ડેપ્રિશિએશન કલર, જેને અન્ય કહેવામાં આવે છે, તે એક એડ-ઓન છે જે આ કપાતને કવર કરે છે અને જો લાગુ થવા પર તમને સંપૂર્ણ કવરેજ રકમ મેળવવા માટે સક્ષમ બનાવે છે.

તેથી, ઝીરો ડેપ્રિશિએશન કાર ઈન્સ્યોરન્સ ડેપ્રિશિએશનની અસરને નકારી કાઢે છે અને તમારી કાર ઈન્સ્યોરન્સ પોલિસીના કવરેજને વિસ્તૃત કરે છે.

શા માટે તમારે ઝીરો ડેપ્રિશિએશન ઈન્સ્યોરન્સ ખરીદવો જોઈએ? જાણો 6 કારણો

ઝીરો ડેપ્રિશિએશન કવર સાથેનો કાર ઈન્સ્યોરન્સ એકંદર કવરેજને વધારે છે. ભારે નુકસાનના મામલામાં તમે તમારી કારને તેની મૂળ સ્થિતિમાં પુનઃસ્થાપિત કરી શકો તેની ખાતરી કરવા માટે આ સમારકામના ખર્ચના ઊંચા ખર્ચને કવર કરી લે છે.

જ્યારે આને એક વ્યાપક કાર ઈન્સ્યોરન્સ પોલિસીમાં એડ કરવામાં આવે છે, ત્યારે તે સમારકામના કોઈપણ સ્તરના ખર્ચને અસરકારક રીતે હેન્ડલ કરવા માટે વ્યાપક કવરેજ પ્રદાન કરી શકે છે.

ઝીરો ડેપ્રિશિએશન ઈન્સ્યોરન્સ ડેપ્રિશિએશનના ખર્ચને કવર કરી લેવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે, તમે ઉચ્ચ દાવાની રકમ માટે હકદાર હશો જે સમગ્ર સમારકામ ખર્ચને કવર કરી શકે છે. તે ખરાબ થયેલા ભાગોને બદલવાના ખર્ચને કવર કરી શકે છે જે ડેપ્રિશિએશનને સંબંધિત વીમાકૃત જાહેર કરેલ મૂલ્યને ઘટાડી શકે છે.

કાર ઈન્સ્યોરન્સના દાવાના મામલામાં, તમારે ભાગોના ડેપ્રિશિએશન મૂલ્યની કિંમત સહન કરવી પડશે. ઝીરો ડેપ્રિશિએશન કવર ડેપ્રિશિએશનની અસરને દૂર કરે છે અને તમારા ખિસ્સામાંથી થતા ખર્ચમાં ઘટાડો કરે છે.

ઝીરો ડેપ્રિશિએશન કવર એ એક એડ-ઓન છે, જે વધારાના પરંતુ પોસાય તેવા પ્રીમિયમ પર ઉપલબ્ધ છે. આ સિવાય જ્યારે તમે તમારી કારના સંપૂર્ણ સમારકામ અથવા લાંબા સમય સુધી નુકસાન થયેલા ભાગો બદલવાના ખર્ચને ધ્યાનમાં લેશો ત્યારે તમને ખ્યાલ રકમની કિંમત છે. ફાસ્ટ ક્લેમ સેટલમેન્ટ જ્યારે તમારી પાસે ઝીરો ડેપ્રિશિએશન કવર હોય.

# ચાલવું જરૂરી છે...

## કઈ ઉંમરે કેટલું ચાલવું, નહીં થાય હેલ્થને નુકસાન



અનેક લોકો એવા છે જે પોતાને ફિટ રાખવા માટે જિમ, યોગ કરવાને બદલે ચાલવાનું પસંદ કરે છે. હેલ્ધી બોડી અને માઈન્ડ માટે રોજ વોક કરવાનું જરૂરી છે. વોક કરવાનું સૌથી બેસ્ટ માનવામાં આવે છે કેમકે તેનાથી આખા શરીરની કસરત થાય છે અને બોડી એક્ટિવ રહે છે. તમને જણાવી દઈએ કે અલગ અલગ કસરત કરવાને બદલે તમે વોક કરવાથી ફાયદો થશે. હવે સવાલ એ છે કે કોણે એક દિવસમાં કેટલું વોક કરવું. વોક કરવાથી કેટલો ફાયદો થાય છે. એક સંશોધન અનુસાર ઉંમરના આધારે વ્યક્તિએ ચાલવું જરૂરી છે. તેનાથી વજન કંટ્રોલમાં રહે છે. સાથે લાઈફસ્ટાઈલ સાથેની કેટલીક બીમારીનો ખતરો પણ ઘટે છે. ડાયાબિટીસ, હાઈબીપી અને હાર્ટ સંબંધી મુશ્કેલીઓ પણ ઓછી થાય છે.

### જાણો કઈ ઉંમરે કેટલું ચાલવું

**6 થી 17 વર્ષની ઉંમરે કેટલું ચાલવું**

6-17 વર્ષની વયના લોકો જેટલું વધુ ચાલશે, તેમને તેટલા વધુ લાભ મળશે. આ ઉંમરના લોકોએ એક દિવસમાં ઓછામાં ઓછા 15 હજાર પગલાં ચાલવા જોઈએ. જ્યારે સ્ત્રીઓએ 12 હજાર પગલાં ચાલવા જોઈએ.

**18 થી 40 વર્ષની ઉંમરે**

પુરુષો અને સ્ત્રીઓએ એક દિવસમાં ઓછામાં ઓછા 12 હજાર પગલાં ચાલવા જોઈએ.

**40 વર્ષની ઉંમરે**

આ ઉંમરના લોકોએ એક દિવસમાં 11 હજાર પગલાં ચાલવા જોઈએ.

**50 વર્ષથી વધુ ઉંમર**

50 વર્ષથી વધુ ઉંમરના લોકોએ દરરોજ 10 હજાર પગલાં ચાલવા જોઈએ.

**60 વર્ષની ઉંમર પછી**

60 વર્ષથી વધુ ઉંમરના લોકોએ એક દિવસમાં ઓછામાં ઓછા 8 હજાર પગલાં ચાલવા જોઈએ. જ્યારે પણ તમે ચાલો ત્યારે ઉર્જા સાથે ચાલો. તેમ છતાં, જો તમને ચાલતી વખતે થાક લાગે છે, તો પછી બેસો અને પછી ફરી ચાલશો નહીં.



# ગુજરાતનું એક એવુ ગામ જ્યાં 200 વર્ષથી નથી થઇ હોળીની ઉજવણી

હોળીનો તહેવાર એક એવો તહેવાર છે જે સમગ્ર દેશમાં રંગોના રૂપમાં ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે, પરંતુ ગુજરાતમાં એક એવી જગ્યા છે જ્યાં છેલ્લા 200 વર્ષથી હોળી રમાઈ નથી. હા, અમે સંપૂર્ણ સત્ય કહી રહ્યા છીએ. ગુજરાતના બનાસકાંઠા જિલ્લાનું રામસણ ગામ, જ્યાં છેલ્લા ઘણા સમયથી હોળીના રંગો જોવા મળ્યા નથી. તો જાણો આ પાછળનું કારણ શું છે. રામસણ ગામના લોકોનું માનવું છે કે આ ગામમાં 200 વર્ષ પહેલા હોલિકા દહન કરવામાં આવ્યું હતું અને હોળીની ઉજવણી ખૂબ જ ધામધૂમથી કરવામાં આવી હતી, પરંતુ હોળીના જ દિવસે અચાનક આખા ગામમાં આગ લાગી હતી અને તે દરમિયાન ઘણા ઘરો બળીને રાખ થઈ ગયા. જે બાદ ગામના લોકોમાં એટલો ગભરાટ ફેલાયો હતો કે હોળીના તહેવારની ઉજવણી જ બંધ કરી દેવામાં આવી હતી.



### શું છે લોકમાન્યતા ?

ગામમાં આગ લાગવા પાછળ એક લોક માન્યતા એ છે કે આ ગામના રાજાએ સાધુ સંતોનું અપમાન કર્યું હતું. આ પછી સાધુ સંતો એ ક્રોધિત થઈને શ્રાપ આપ્યો હતો કે હોળીના દિવસે આ ગામમાં આગ લાગશે ત્યાર બાદ હોળી પ્રગટાવતા જ ગામમાં ભયંકર આગ લાગી ગઈ હતી અને આ ગામના અનેક ઘર બળીને ખાખ થઈ ગયાં હતાં, ત્યારબાદ ફરી બે વાર ફરી હોળી મનાવવા માટે પ્રયાસ કરાયો પરંતુ ત્યારે પણ ગામમાં આગ લાગી હતી. આખું ગામ આગની લપેટમાં આવી ગયું હતું. બાદમાં આ ગામના લોકોએ ભેગા થઈ હોળી પર પ્રતિબંધ ફરમાવી દીધો અને ત્યારથી આજ સુધી રામસણ ગામમાં હોળી પ્રગટાવવામાં આવતી નથી. તેની પાછળનું કારણ એ છે કે એક અહંકારી રાજાના ખરાબ કાર્યોને કારણે કેટલાક સંતોએ આ ગામને રંગહીન રહેવાનો શ્રાપ આપ્યો હતો, ત્યારબાદ આ ગામમાં હોળી ઉજવવામાં આવતી નથી. ત્યારથી આ પરંપરા ચાલી આવે છે. ત્યારથી લઈને અત્યાર સુધી અહીં ન તો રંગ અને ગુલાલ વગાડવામાં આવે છે અને ન તો હોલિકા દહન થાય છે.

**શું છે પરંપરા |** વર્ષો પહેલા શ્રાપના કારણે હોળી પ્રગટાવવાની સાથે ગામમાં આગ લાગતી હતી. તેના પુરાવા આજે પણ ગામમાં મળી આવે છે. કોઈ ખોદકામ થાય ત્યારે જમીનમાંથી કોલસા કે રાખ આજે પણ જોવા મળે છે જેથી ગામના વડવાઓએ કહેલી વાત ને આજે પણ ગામના યુવાનો માને છે. ઋષિના શ્રાપના કારણે આ ગામમાં આજે પણ હોળી જેવા પવિત્ર પર્વને ગ્રામજનો અશુભ માની રહ્યા છે અને હોળીના દિવસે હોળી પ્રગટાવવાની જગ્યાએ મંદિરમાં નાળિયર મૂકી દર્શન કરી પ્રસાદી વહેંચી આ તહેવારની ઉજવણી કરે છે

# બેડ કોલેસ્ટ્રોલથી લઈને વજન ઘટાડવા સુધી રામબાણ છે 1 ડ્રાયફ્રૂટ, જાણો ફાયદા

દર વર્ષે આજે (26 ફેબ્રુઆરી) લોકો 'રાષ્ટ્રીય પિસ્તા દિવસ' ઉજવે છે. આ દિવસનો મુખ્ય ઉદ્દેશ્ય પિસ્તાના સ્વાસ્થ્ય લાભો વિશે જાગૃતિ લાવવાનો છે. લોકો આજે 'રાષ્ટ્રીય પિસ્તા દિવસ'ની ઉજવણી કરી રહ્યા છે, તેથી તમારે તેના ફાયદાઓ વિશે પણ જાણવું જોઈએ. ડ્રાય ફ્રૂટ્સમાં કાજુ, બદામ અને કિસમિસ પછી મોટાભાગના લોકો પિસ્તા ખાવાનું પસંદ કરે છે. તો જાણો કે તે તમને કઈ તકલીફોમાં રાહત આપવાનું કામ કરે છે.



**શું મળે છે પિસ્તામાંથી |** પિસ્તામાં ઘણા પ્રકારના પોષક તત્વો હોય છે જેમ કે એન્ટીઓક્સીડેન્ટ, અનસેચ્યુરેટેડ ફેટ, ફાઈબર, આયર્ન, મેગ્નેશિયમ, ફોસ્ફરસ, પોટેશિયમ, વિટામિન બી6, પ્રોટીન વગેરે હોય છે, જે શરીર માટે ખૂબ જ મહત્વપૂર્ણ અને ફાયદાકારક છે. તમારે તમારા દૈનિક આહારમાં પિસ્તાનો સમાવેશ કરવો જોઈએ. પિસ્તાનો સ્વાદ થોડો મીઠો અને ખારો હોય છે.

**આંખો સ્વસ્થ રહેશે |** જો તમે પિસ્તા ખાશો તો તમારી આંખોની રોશની ક્યારેય નબળી નહીં પડે. એન્ટીઑકિસડન્ટ ઝેક્સાન્થિન અને લ્યુટીનની હાજરીને કારણે તમારી આંખો લાંબા સમય માટે સ્વસ્થ રહે છે. તમને મેક્યુલર ડીજનરેશન, મોતિયા, દ્રષ્ટિની ખામી જેવી સમસ્યાઓ નહીં થાય.

**હાડકાં મજબૂત રહે છે |** નિયમિતપણે પિસ્તા ખાવાથી બોન ડેન્સિટી વધે છે, જે હાડકાંને મજબૂત બનાવે છે. જો તમે દરરોજ 5-6 પિસ્તાનું સેવન કરો છો.

**ડાયાબિટીસના દર્દીઓએ પિસ્તા ખાવા જોઇએ |** જે લોકોને ડાયાબિટીસ છે તેમના માટે પિસ્તાનું સેવન કરવું સારું છે. જો તમે તેનું નિયમિત સેવન કરો છો તો તમે ડાયાબિટીસથી બચી શકો છો. તેના ઓછા ગ્લાયસેમિક ઈન્ડેક્સને કારણે ડાયાબિટીસમાં તેનું સેવન કરી શકાય છે. તેનાથી બ્લડ શુગર લેવલ કંટ્રોલમાં રહે છે. જો તમે ઈચ્છો તો પિસ્તાનું સેવન કરતા પહેલા ડોક્ટરની સલાહ પણ લઈ શકો છો.

**પાચનતંત્રને સ્વસ્થ રાખે છે |** તેમાં ભરપૂર માત્રામાં ફાઈબર હોય છે, જે પેટને સાફ રાખે છે. કબજિયાત અટકાવે છે. આંતરડાની હિલચાલને નિયમિત કરે છે. નિયમિતપણે પિસ્તા ખાવાથી પાચનતંત્ર સ્વસ્થ રહે છે. પ્રીબાયોટિક્સ પેટમાં સારા અને સ્વસ્થ બેક્ટેરિયાને વધારે છે, જે ખરાબ બેક્ટેરિયાને ખતમ કરે છે. તેનાથી પેટનું સ્વાસ્થ્ય સારું રહી શકે છે.

**વજન વધવા નથી દેતું |** ફાઈબરથી ભરપૂર હોવાને કારણે પિસ્તા શરીરનું વજન વધવા નથી દેતા. કારણ કે ફાઈબરયુક્ત ખોરાક ખાવાથી પેટ ભરેલું લાગે છે. ભૂખ ઓછી લાગે છે. તમે વારંવાર ખાવાનું ટાળો છો. વધારાની કેલરી શરીરમાં પ્રવેશતી નથી. આ રીતે વજન પણ નિયંત્રણમાં રહે છે.

# ગઝલ સમ્રાટ પંકજ ઉધાસ ના મૃત્યુથી ગઝલ પ્રેમીઓ થયા ઉદાસ...

**"ચીઠ્ઠી આઇ હે આઇ હે ચીઠ્ઠી આઇ હે,
બડે દીનો કે બાદ વતન સે ચીઠ્ઠી આઇ હૈ."**

...ગઝલ સમ્રાટ શ્રી પંકજ ઉધાસ જી નું મૃત્યુ થયું આ સમાચાર સાંભળીને મોટાભાગ ના ગઝલ ગીત પ્રેમીઓ માં શોકનું વાતવરણ થઈ ગયું. સંગીત પ્રેમીઓ મોટાભાગ એ ગઝલકારની ગઝલ ને ગાયકના અવાજ પ્રત્યે રીતસરનો પ્રેમ હોય છે.ભારતીય સંગીત ને તલત અઝીઝ અને જગજીત સિંહ જેવા અન્ય સંગીતકારો સાથે ગઝલ શૈલી ને લોકપ્રિય સંગીત દાયરા માં લાવવાનું શ્રેય પંકજ ઉધાસ ને જાય છે. ગુજરાત ના જેતપુર માં જનમ્યા ને મોટા થયા બાદ ભાવનગર ની બી.પી ટી આઈ કોલેજ માં ભણ્યા હતા.એના દાદાજી એ ભાવનગર ના રાજાના દીવાન હતા.એ ભાવનગર ભણતા હતા એ દરમિયાન એના પિતાજી પરિવાર સાથે મુંબઈ શિફ્ટ થયા એટલે બાકી નું શિક્ષણ મુંબઈ ની સેંટ ઝેવિયર્સ કોલેજમાં લીધું હતું.૧૯૮૬ માં નામ ફિલ્મ નું સોંગ " ચીઠી આઈ હૈ આઈ હે ચીઠી આઈ હૈ" ખૂબ સુપર હિટ રહ્યું હતું એના કારણે એની કારકિર્દી ને વેગ મળ્યો હતો.તબલા વાદક માં રુચિ હતી પરંતુ બાદ માં એના ગુરુ કાદિર ખાન પાસે શાસ્ત્રીય સંગીત ની તાલીમ લીધી.ત્યાર બાદ ગ્વાલિયર ઘરના નવરંગ નાગપુર પ્રશિક્ષણ માટે મુંબઈ ગયા હતા.ગઝલ ગાયક માં કારકિર્દી માટે ઉર્દૂ ભાષા શીખ્યા હતા..



૧૯૮૬ માં આવેલ નામ ફિલ્મ બાદ અનેક ફિલ્મો માં લતા મંગેશકર વગેરે સાથે ગીતો ગાયા હતા.૧૯૯૦ માં ઘાયલ ફિલ્મ નું લતાજી સાથે "માંહિયા તેરી કસમ.." સોંગ ખૂબ હિટ હતું..૧૯૯૪ માં સાધના સરગમ સાથે મોહરા ફિલ્મ નું સોંગ " ના કજરે કી ધાર ના મોતીઓ કે હાર" એ ખૂબ લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી. પંકજ જી એ એની કારકિર્દી માં ૫૩ જેટલા ગઝલ આલ્બમ બહાર પાડ્યા છે આહત,નશા,મુકરર, આફરીન,શગુફ્તા,નબીલ, કૈફ રૂબાઈ,એક ધૂન પ્યાર કી,વો લડકી યાદ આતી હે વગેરે વગેરે આલ્બમ એ ગઝલ ના શોખીનો ના ખાસ બન્યા છે. મહેશ ભટ્ટ ની ફિલ્મ ફિર તેરી કહાની યાદ આયી નું સોંગ "દિલ દેતા હે રો રો દુહાઈ કિસી કો કોઈ પ્યાર ના કરે.."....સોંગ ને પ્રેક્ષકો એ ખૂબ વખાણ્યું હતું..

ભારતીય સંસ્કૃતિ માં મુઘલ સામ્રાજ્ય ના લીધે ઉર્દૂ ભાષા અને ગઝલ,નઝમ, શાયરી એ સંગીત માં સ્થાન પ્રાપ્ત કર્યું છે. બ્લેક & વાઈટ ફિલ્મ થી ફિલ્મ સંગીત માં ગઝલ એ પ્રવેશ કર્યો છે. કુંદન લાલ સહેગલ નું સોંગ "જબ દિલ હિ તૂટ ગયા" એ એક ગઝલ છે ને એને સાયગલ સાહેબે અદભૂત અવાજ થી રજૂ કર્યું છે..મલિકા-એ ગઝલ બેગમ અખ્તર ની "દિવાના બનાના હે તો.." જેવી અનેક ગઝલ ગાય ને મંત્રમુગ્ધ કર્યા હતા.મન્નાડે ની "ફિર કહી કોઈ ફૂલ"..ગઝલ રજૂ કરતી વખતે એનો અવાજ રીતસરનું પ્રેક્ષકો ને વશીકરણ કરી નાખતો હતો. પ્રસિધ્ધ ગાયક હેમંત કુમાર એ પ્યાસા ફિલ્મ માં પ્રખ્યાત ગઝલકાર ની ગઝલ " જાને વો કૈસે લોગ.." થી ખૂબ સનમાન પ્રાપ્ત કર્યું હતું..

૨૦ ના દાયકા ની શરૂઆત માં મુકેશ ના મુખે ગવાયેલ ગઝલ " દિલ જલતા હૈ તો..".સાંભળ્યું ત્યારે સહગલ જી એ ખુશ થઈને મુકેશ ને હાર્મોનિયમ ભેટ આપ્યું હતું.. મુકેશજી ની અન્ય ગઝલ પર ગવાયેલ ગીત " યે મેરા દિવાનાપન હે..".. વગેરે આજ પણ ગઝલ રસિકો ની પહેલી પસંદ છે..શહેનશાહે - એ - ગઝલ તલાટ મહેમુદ નું દેવાનંદ ની ફિલ્મ ટેક્સી ડ્રાઈવર "જાએ તો જાએ કહા.." સોંગ પણ ગઝલ પર થી ગવાયું હતું..મહમદ રફી નું નામ આવતાં જ અનેક ફિલ્મો ના સોંગ એક પછી એક સામેથી વાગતા હોય એવું લાગે છે. એક ઈન્ટરવ્યૂ માં દેવાનંદ એ કહ્યું હતું કે મારા કોઈપણ ગીત માં ગઝલ વધારે લાગે ત્યારે હું રફી ને કહું છું કે આ નક્કી તે ગાયું છે..સુરૈયા જી ના અવાજમાં અલગ જ નશો હતો એના પ્રત્યેક ગીત માં ઉર્દૂ ની છાટ વધારે હતી એનું સોંગ " તુમ આપના રનજો ગમ અપની પરેશાની મુજે દે દો" એ ખુદ ગઝલ કાર,શાયરીઓ નો શોખીન હતા..

૭૦ ના દાયકા ના ગઝલ ગાયક ભૂપિંદર સિંહ ની યાદગાર સોંગ ગુલઝારની ગઝલ " દિલ ઢુંધતા હે વો ફિર વહી ફુરસત કે રાત દિન"..આ સોંગ સંજીવ કુમાર અને શર્મિલા ટાગોર ની ફિલ્મ મૌસમ નું છે..આ ગીતે ભૂપી જી ને નમકિત ગાયક તરીકે ઓળખાણ અપાવી હતી. ગઝલ શબ્દો ની અંદર રહેલ ઉર્દૂ ભાષા ની મીઠાશ ને ગાયક જ્યારે પ્રસ્તુત કરે છે ત્યારે એ સાંભળનાર ના જીભ પર સ્વાદિષ્ટ મીઠાઈ ની જેમ આવ્યા કરે છે.૧૯૮૦ થી ૧૯૯૯ ના દાયકા માં જગજીત સિંહ,પંકજ ઉધાસ અનુપ જલોટા, ચિત્રા સિંહ,મનહર ઉધાસ, ચંદન દાસ, પિનાઝ માસની, તલાટ અઝીઝ, અનિતા સિંઘવી,ગઝલ શ્રી નિવાસ, રૂપ કુમાર રાઠોર,સોનાલી રાઠોર,સોનું નિગમ વગેરે અનેક ગાયક એ ગઝલ ના માધ્યમ થી પોતાની કારકિર્દી બનાવી ને પ્રખ્યાત થયા છે.




**અલવિદા...**

**- રુપાલી દવે**

જગજીત સિંહ નa કંઠે ગવાયેલ ગઝલ " જુકી જુકી સી નજર બેકરાર હે કે નહિ.."..''તુમ ઈતના જો મુસ્કુરા રહે હો ક્યાં ગમ હે જિન્કો છુપા રહે હે"..''હજુર ઈસ કદર ભી ના ઈકરાકે ચલીએ ખૂલે આમ બાલો કો લહેરા કે ના ચલીએ.. "..''ચીઠ્ઠી ના કોઈ સંદેશ કહા તુમ ચલે ગયે..". "હોશ વાલો કો ખબર ક્યાં..".. વગેરે વગેરે ખૂબ પ્રખ્યાત અને લોકપ્રિય ગઝલ પરથી ગયેલા સોંગ છે. જગજીત સિંહ અને એની પત્ની ચિત્રા સિંહ ના સાથે પણ ઘણા ગઝલ આલ્બમ છે.પુત્ર ના મૃત્યુ બાદ બન્ને અલગ થઈ ગયા ને ત્યારે ચિત્રા સિંહ નું સોંગ " જીંદગી યે તો નહિ થી.."..ગઝલ ના પ્રત્યેક શબ્દ એ સાંભળનાર ને પોતાના લાગે છે એનું કારણ માણસ નું જીવન કિતાબ માં લખેલ એનેક શબ્દો ની ગઝલ છે..એ દુઃખ દર્દ ને પીડા માં જ લખાય છે એવું નથી એ સુખ,આનંદ અને ખુશીઓ માં પણ લખાય છે. પ્રખ્યાત ગઝલ ગાયક મનહર ઉધાસ ના મુખે ગવાયેલ "દીકરો મારો લાડકવાયો.."..''શાંત ઝરુખે વાતો કરતી.."..''નયન ને બંધ રાખીને મે જ્યારે તમને જોયા છે.."..''બચપન મારું શોધી લાવ.."..''જ્યારે પ્રણય ની જગ મા શરૂઆત થઈ હશે"..''તારી ઉદાસ આંખ માં સ્વપ્ના ભરી શકું.."..''થાય સરખામણી તો ઉતરતા છીએ.."..''જોતોજ રહીયો બસ તમને."..વગેરે વગેરે જેવી અનેક ગઝલો ઓડિયન્સ માં બેઠેલા લોકો ને ભાવવિભોર કરી મૂકે છે..

સાચું કહું હું ગઝલ ની શોખીન પાકિસ્તાન ના ગઝલ ગાયક ગુલામ અલી ને સાંભળી ને થઈ છું. "ચૂપકે ચૂપકે રાત દિન.",''યે દિલ યે પાગલ દિલ મેરા..વગેરે ખૂબ ફેવરિટ છે.ગુલામ અલી અને જગજીત સિંહ ની સાથે ગાયેલ ગઝલ "કલ ચૌધવી કી રાત થી સબ ભર રહા ચર્ચા તેરા.. સોંગ અત્યંત કર્ણપ્રિય છે અચૂક સાંભળજો ગઝલ સાથે પ્રેમ થઈ જશે એ નક્કી..

# 'પંકજ ઉધાસ' : 80ના દાયકામાં ફિલ્મ સંગીત કરમાતા ગઝલ યુગમાં ઝળક્યો સિતારો



મૂળ સૌરાષ્ટ્રના જેતપુરના પંકજ ઉધાસનું ઊર્દૂ ગઝલને લોકભાગ્ય બનાવવામાં યોગદાન : દેશભરના ચાહકોમાં આઘાત

## પાંચ વર્ષના બાળકને અજાણ્યા શ્રોતાએ 51 રૂપિયાનો પુરસ્કાર આપ્યો અને પંકજ ઉધાસની કારકિર્દી શરુ થઈ

મુંબઈ | સંજોગોએ પણ પંકજ ઉધાસને કેવો સાથ આપ્યો. હિંદી ફિલ્મોમાં સૂરીલાં સંગીતનો સુવર્ણ યુગ ક્યારનોય ખત્મ થઈ ચૂક્યો હતો. અમિતાભ બચ્ચનની મારધાડ ધરાવતી એક્શન ફિલ્મોમાં એવું અમર સંગીત સર્જાતું ન હતું. હજુ ૯૦ના દશકાનો રોમાન્ટિક મેલોડિયસ ગીતોનો ગૂંજારવ શરુ થવાનો બાકી હતો. આ એક આશરે ૨૦થી ૨૫ વર્ષનો એવો તબક્કો હતો જ્યારે પંકજ ઉધાસ અને જગજીતસિંહ સહિતના ગઝલગાયકો સાચા અર્થમાં નામ અને દામ કમાયા.ભારત-ચીન યુદ્ધ પછીનો સમય. એક સ્ટેજ કાર્યક્રમમાં મોટાભાઈએ પોતાના પાંચ વર્ષના નાના ભાઈ ને સ્ટેજ પર ઊભો રાખી દીધો. આ નાનકડા બાળકે બહુ સૂરીલા અવાજે ગીત ગાયું અને ઓડિયન્સમાં રહેલા સૌ કોઈની આંખો ભીની થઈ ગઈ. એ વખતે એક કદરદાન શ્રોતા સ્ટેજ પર આવીને આ નાના બાળકના હાથમાં ૫૧ રુપિયા મૂકી દીધા. એ જમાનામાં આ કેટલી મોટી રકમ કહેવાય તેની પણ સમજ એ બાળકને ન હતી, પરંતુ એ જ ક્ષણથી ભારતીય સંગીતમાં વધુ એક સ્ટાર પેદા થઈ ચૂક્યો હતો. એ બાળક એટલે પંકજ ઉધાસ અને એ ગીત એટલે ભારત-ચીન યુદ્ધ પછી તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરુ સહિત સમગ્ર દેશની આંખો અને આત્માને ભજવી ગયેલું પ્રદીપનું અમર ગીત 'અય મેરે વતન કે લોગો.' મૂળ ગુજરાતનાં સૌરાષ્ટ્રના જેતપુર ગામના વતની પંકજ ઉધાસને અને તેમના પરિવારને પણ એટલું સમજાઈ ચુક્યું હતું કે પંકજની કારકિર્દી ગાયનમાં છે. સંગીત તો જોકે સમગ્ર પરિવાર સાથે સંકળાઈ ચૂક્યું હતું. તેમના પિતા કેશુભાઈ એક સરકારી કર્મચારી હતા, પરંતુ રાજકોટમાં વસવાટ દરમિયાન અબ્દુલ કરીમ ખાને તેમને દિલરુબા વગાડતાં શીખવાડ્યું અને આ સમગ્ર પરિવારની જિંદગી સાત સૂરોની આલમમાં કેન્દ્રિત થઈ ગઈ. નિર્મલ, મનહર અને પછી સૌથી નાના પંકજે નાનપણથી જ તબલાંવાદનમાં પ્રવીણતા મેળવી અને બાદમાં ગુલામ કાદિર ખાન સાહેબ પાસે શાસ્ત્રીય સંગીતની બાકાયદા તાલીમ પણ હાંસલ કરી. એ અરસામાં પરિવાર મુંબઈ શિફ્ટ થઈ ચૂક્યો હતો. પંકજે મુંબઈમાં એક તરફ સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં એડમિશન મેળવ્યું, તો બીજી તરફ ગ્વાલિયર ઘરાનાના નવરંગ નાગપુરકરના શિષ્ય તરીકે શાસ્ત્રીય સંગીતની તાલીમ આગળ વધારી. સેન્ટ ઝેવિયર્સમાંથી સાયન્સના સ્નાતક થયેલા પંકજ ઉધાસન ૧૯૭૧માં ઉષા મંગેશકરના સંગીત દિગ્દર્શન હેઠળ 'કામના' ફિલ્મથી બ્રેક મળ્યો હતો. જોકે પંકજ બોલિવુડના કે સુગમ સંગીતના અન્ય ગાયકો કરતાં સાવ જ જુદી એવી ગઝલ સિંગિંગની રાહ પકડશે અને તેમાં નામ કમાશે તેવી કોઈને કલ્પના ન હતી. ખુદ પંકજ ઉધાસે વર્ષો પછી કહ્યું હતું તેમ, રાજકોટમાં તેમના ઘરે રેડિયો પર તેઓ ક્યારેક ક્યારેક બેગમ અખ્તરને સાંભળતા. એ સાંભળીને જ નાનપણમાં તેમના માનસમાં ગઝલગાયકી માટે ચાહત જન્મી હતી. મુંબઈમાં મનુભાઈ ગઢવીએ ઉધાસ બંધુઓને મનોરંજનની દુનિયામાં સ્થાયી થવામાં ખાસ્સી મદદ કરી. થોડાં વર્ષો સુધી યુવાન પંકજે કેનેડામાં કેટલાક શો કર્યા અને ઠીક ઠીક જાણીતા થયા. પહેલો મોટો બ્રેક આવ્યો ૧૯૮૦માં. એ આલ્બમનું નામ હતું 'આહટ'. એ આલ્બમે પંકજને ભારતના ટોચના ગઝલ ગાયકોમાં સ્થાપિત કરી દીધા. એ પછી 'મુકરાર', 'તરન્નુમ', 'મહેફિલ' એમ એક પછી એક આલ્બમો આવતાં ગયાં. આ સૂરીલી સફલ એમને લંડનના રોયલ આલ્બર્ટ હોલમાં પ્રતિષ્ઠિત શો સુધી લઈ ગઈ. એ તો જાણીતી વાત છે કે પંકજ ઉધાસને અસલી નામ અને દામ મેળવી આપવામાં મહેશ ભટ્ટની 'નામ' ફિલ્મના 'ચીઠ્ઠી આઈ હૈ' ગીતે સૌથી મહત્ત્વનો ફાળો આપ્યો. ગઝલો નહીં સાંભળતા સરેરાશ શ્રોતા માટે પંકજ ઉધાસ એટલે 'ચિઠ્ઠી આઈ હૈ'ના ગાયક એવી જ ઓળખાણ દાયકાઓથી પાકી થઈ ચુકી છે. ૧૯૮૬માં રિલીઝ થયેલી 'નામ'નું આ ગીત આવ્યાને આજે ૩૮ વર્ષ થઈ ગયાં છે , પરંતુ હજુ સુધી એનઆરઆઈઓની પેઢી-દર-પેઢી આ ગીત સાંભળીને વતનઝુરાપો અનુભવતી રહી છે.

### એક્ટિંગ નહીં કરું તેમ કહી રાજેન્દ્રકુમારને 'ચિઠ્ઠી આઈ હૈ ' માટે ના પાડી દીધી હતી

'નામ' ફિલ્મ બની રહી હતી ત્યારની આ વાત. આ ફિલ્મ મૂળ તો રાજેન્દ્ર કુમારે દીકરા કુમાર ગૌરવની લથડી ગયેલી કરીઅરને ફરીથી સેટ કરવા માટે બનાવી હતી. સલીમ-જાવેદની મશહૂર લેખક જોડી છુટી પડી ચુકી હતી અને તે પછી સલીમે પોતાની પાસે રહેલી કેટલીક લાગણીભરી વાર્તાઓમાંથી એક વાર્તા રાજેન્દ્ર કુમારને સંભળાવી હતી, જેના પરથી 'નામ'નો આઈડિયા જન્મ્યો હતો. સલીમ ખાન, નિર્દેશક મહેશ ભટ્ટ અને નિર્માતા રાજેન્દ્ર કુમારની ત્રિપુટીએ એવું નક્કી કર્યું કે 'ચિઠ્ઠી આઈ હૈ' ગીત ભલે સંજય દત્ત પર ફિલ્માવાય પણ તે એક પ્લેબેક સોંગ નહીં હોય. દેખીતી રીતે જ આ ગાયક પણ એવા હોવા જોઈએ જેમને ભારત સહિત દુનિયાભરમાં વસેલા અન્ય ભારતીયો પણ ઓળખતા હોય. પંકજ ઉધાસનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે રાજેન્દ્ર કુમારને ના પાડી દીધી હતી કે પોતે પડદા પર એક્ટિંગ નહીં કરે! એક તબક્કો તો એવો પણ આવ્યો જ્યારે પંકજ ઉધાસે રાજેન્દ્ર કુમારના ફોન ઉપાડવાના બંધ કરી દીધા હતા. આખરે મનહર ઉધાસે તેમને માંડ માંડ સમજાવ્યા. તેમને કહેવામાં આવ્યું કે વાસ્તવમાં તેમણે કોઈ સ્ટેજ શોમાં ગાતા હોય તે રીતે ગાવાનું છે અને એક્ટિંગની બહુ ચિંતા કરવાની નથી. પંકજ ઉધાસ માંડ માંડ માન્યા અને તે પછી જે થયું તે ઈતિહાસ છે.

**ગઝલોના બાદશાહની લવસ્ટોરી પણ બિલકુલ ફિલ્મી |** પંકજ ઉધાસ ગ્રેજ્યુએશન કરતા હતા એ જ વખતે તેમના એક પડોશીએ તેમની મુલાકાત એરહોસ્ટેસ ફરિદા સાથે કરાવી હતી. પંકજ ઉધાસ ફરિદાને જોતાં વેંત તેમના પ્રમમાં પડી ગયા હતા. બંને વચ્ચ મુલાકાતો વધતી ગઈ અને છેવટે તેમણે લગ્ન કરવાનું નક્કી કર્યું. જોકે હિન્દુ પંકજ અને મુસ્લિમ ફરિદા વચ્ચેનાં લગ્ન બહુ સરળ ન હતાં. ફરિદાના પિતા રિટાયર્ડ પોલીસ અધિકારી હતા. પંકજે ભારે હિંમત કરીને તેમને રુબરુ મળીને ફરિદાનો હાથ માગ્યો હતો. પંકજ અને ફરિદાને બે દીકરીઓ નાયાબ અને રીવા છે. તેમાંથી નાયાબ તો મ્યુઝિક ઈન્ડસ્ટ્રી સથે જ સંકળયેલી છે અને પોતાનું બેન્ડ પણ ચલાવે છે.

**'ચિઠ્ઠી આઈ હૈ'માં વિદેશી ભારતીયોને પંકજ ઉધાસે વગર ગ્લિસરીને રોવરાવ્યા હતા |** પંકજ ઉધાસના લાંબી માંદગી બાદ થયેલા અવસાનને કારણે ૮૦-૯૦ની એક પેઢી ખૂબ જ દુ:ખ વ્યક્ત કરી રહી છે ત્યારે તેમની કેટલીક અજાણી વાતો પણ ગુજરાત સાથે સંકળાયેલી છે. આ અંગે વાત કરતાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વાધ્યક્ષ અંબાદાન રોહડિયા જણાવે છે કે અમે પાકિસ્તાન હિંગળાજ દર્શને ગયા હતા ત્યારે ત્યાંના વાહનોમાં પંકજ ઉધાસની ગઝલો વાગતી હતી. અમે પૂછ્યું કે અમને ભારતીય સમજીને આ ગઝલો સંભળાવો છો. ત્યારે ત્યાંના કાર ચાલકોએ જણાવ્યું હતું કે અમે પાકિસ્તાનમાં પંકજ ઉધાસની જ ગઝલો સાંભળીએ છીએ. માત્ર પાકિસ્તાનમાં જ નહીં પરંતુ અફઘાનિસ્તાનમાં પણ પંકજ ઉધાસની ગઝલો ખૂબ પ્રચલિત હતી અને આજે પણ છે. આજે પણ ત્યાંની એક પેઢી પંકજ ઉધાસની ગઝલો સાંભળે છે. રાજકોટ પાસેના ચરખડી ગામના જમીનદાર એવા કેશુભાઈ ગઢવી ઉધાસના પુત્ર પંકજ ઉધાસ માત્ર ગુજરાતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં તેમની ગઝલો ખ્યાતનામ હતી. અંબાદાન રોહડિયા વધુમાં પંકજ ઉધાસ સાથેના અનુભવોની વાત કરતાં જણાવે છે કે એક પ્રસંગમાં અમે 'તેમને ચીઠ્ઠી આઈ હૈ' ગીત વિશે હસતાં હસતાં પૂછ્યું હતું કે આ ગીતમાં જે લોકો રડી રહ્યા છે તે બધાં જ ગ્લીસરિન લગાડીને રડે છે કે પછી ખરેખર રડે છે ? ત્યારે પંકજીએ જવાબ આપ્યો હતો કે એ મારો લાઈવ પ્રોગ્રામ હતો. જે લોકો તેમાં બેઠા હતાં તે વિદેશમાં વસતા ભારતીયો જ હતા અને આ ગીત સાંભળતા સાંભળતા તેઓ ખરેખર નેચરલી રડવા લાગ્યા હતા અને તેની અસર લાંબા અરસા સુધી રહી અને ગીત પણ લોકોમાં અમર થઈ ગયું. તેઓ વધુમાં ઉમેરે છે કે તેઓ નિયમિત રીતે પોતાના ગામ ચરખડી પરિવાર સાથે આવતા અને પોતાના સગાવ્હાલાને મળતા તેમના કુળદેવીના દર્શન પણ કરતાં. તેઓ બહુ મોટા ગજાના દાતા પણ હતા. તેમના કાર્યક્રમમાંથી આવતી રકમમાંથી સમાજના જરુરિયાતમંદ પરિવારો માટે દાન પણ કરતાં અને ચેરિટી શો પણ કરતા. અમદાવાદની સીએનમાં થયેલો એક જામપેક કાર્યક્રમ આજે પણ એ સમયના ચાહકોને યાદ છે.

## કરીના કપૂરે માનસિક સ્વાસ્થ્ય અંગે મૌન તોડ્યું, કહ્યું- 'પરિવાર સાથે ખુશ...'



મુંબઈ | કરીના કપૂર ખાન તેના મજબૂત પાત્ર અને શાનદાર અભિનય માટે જાણીતી છે. આ વર્ષે તેની ઘણી ફિલ્મો રીલિઝ થવા જઈ રહી છે જેના કારણે તે ખૂબ જ વ્યસ્ત રહેશે. કરીના તેના બે બાળકો તેમજ ઘર અને વ્યવસાયિક જીવનને ખૂબ સારી રીતે મેનેજ કરે છે. અભિનેત્રી કરીના કપૂરની ફિલ્મો જોવા માટે લોકો આજે પણ આતુરતાથી રાહ જુએ છે. હાલમાં જ કરીનાએ 'માનસિક સ્વાસ્થ્ય'ના મહત્વ પર ભાર મૂકતા કેટલાક ખુલાસા કર્યા છે. અભિનેત્રીએ જણાવ્યું કે તે પોતાનું ઘર અને કામ કેવી રીતે મેનેજ કરે છે. આ દિવસોમાં કરીના કપૂર, તબ્બુ અને કૃતિ સેનન તેમની આગામી ફિલ્મ 'ક્રુ'ને લઈને ચર્ચામાં છે. હાલમાં કરીના કપૂર ખાને માનસિક સ્વાસ્થ્ય વિશે ચર્ચા કરી હતી અને કહ્યું હતું કે દરેક વ્યક્તિ કોઈની ચિંતા કર્યા વિના જે ઇચ્છે છે તે પ્રાપ્ત કરી શકે છે. જોકે, તે જેની સૌથી વધુ કિંમત કરે છે તે તેની ખુશી છે. કરીના કપૂરે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે તેનું માનસિક સ્વાસ્થ્ય તેની ખુશીમાં ફાળો આપે છે જેને તે ખૂબ જ મહત્વપૂર્ણ માને છે. જો તમારું માનસિક સ્વાસ્થ્ય સારું છે અને તમે ખુશ છો તો તમે બધું જ સારી રીતે કરી શકશો. સાથે જ પ્રસિદ્ધિ, પૈસા, પરિવાર કે સંતાનનું સંચાલન કરવું પણ જરૂરી છે જેના માટે સારું માનસિક સ્વાસ્થ્ય હોવું જરૂરી છે.અભિનેત્રી કરીના કપૂરે આગળ કહ્યું હતું કે, 'મને લાગે છે કે દરેક વ્યક્તિ પાસે આ બધું હોઈ શકે છે. પરંતુ મને લાગે છે કે મારી પાસે જે છે તે સૌથી મહત્વની બાબત એ છે કે હું ખુશ છું અને ખુશી એ છે જે મારી પાસે છે કારણ કે મારી ખુશી એ મારું સારું માનસિક સ્વાસ્થ્ય છે.

## પ્રભાસની 'કલ્કી 2898 AD' મહાભારત કાળથી શરૂ થશે

મુંબઈ | બાહુબલી સુપરસ્ટાર પ્રભાસ માટે વર્ષ 2023 કંઈ ખાસ ન હતું. તેમની ફિલ્મ 'આદિપુરુષ' મોટા પડદા પર ખરાબ રીતે ફ્લોપ રહી હતી. ત્યાર પછી સાલાર' આવી પણ આ ફિલ્મ પણ વધારે અજાયબી ન કરી શકી. જો કે, પ્રભાસ માટે 2024 ઘણું મોટું સાબિત થવાનું છે, કારણ કે તેનો ફિલ્મ પ્રોજેક્ટ એટલે કે 'કલ્કી 2898 એડી' ટૂંક સમયમાં આવી રહ્યો છે. આ ફિલ્મ ભારતીય સિનેમાના ઈતિહાસની અત્યાર સુધીની સૌથી મોટી ફિલ્મ હોવાનું કહેવાય છે, જેમાં 9 ભાગ હશે. આ ફિલ્મને લઈને એક તાજેતરના ઈન્ટરવ્યૂ દરમિયાન પ્રોજેક્ટ K ના પ્રોડયૂસર નાગ અશ્વિને જણાવ્યું કે આ ફિલ્મ મહાભારત કાળથી શરૂ થાય છે અને 2898માં પૂરી થાય છે, જે છ હજાર વર્ષનું અંતર કાપે છે.કલ્કિ 2898 એડી'ના તાજેતરના એક કાર્યક્રમ દરમિયાન, ફિલ્મ નિર્માતા નાગ અશ્વિને આ ફિલ્મના શીર્ષક પાછળની વાર્તા જાહેર કરી. તેણે કહ્યું કે અમારી ફિલ્મ મહાભારત કાળમાં શરૂ થાય છે અને 2898માં પૂરી થાય છે અને આ ફિલ્મનું ટાઈટલ પણ છે. તેમણે વધુમાં કહ્યું કે અમે અહીં અસ્તિત્વમાં છે તે વિશ્વ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ, તે કેવી રીતે હોઈ શકે તેની કલ્પના કરી રહ્યા છીએ. અમે હજુ પણ તેને ભારતીય રાખીશું, તેમણે કહ્યું કે જો આપણે 2898 એડી'થી છ હજાર વર્ષ પાછળ જઈશું, તો આપણે 3102 ઈસ.પૂર્વે સુધી પહોંચીશું, જ્યારે એવું કહેવાય છે કે ભગવાન કૃષ્ણનો છેલ્લો અવતાર થયો હતો.

## શહનાઝ ગીલ ઓફ શોલ્ડર ડ્રેસમાં ગ્લેમરસ લાગી, બોલ્ડનેસ પર ફેન્સ થયા ફિદા



મુંબઈ | બિગ બોસથી ખ્યાતિ મેળવનારી શહનાઝ ગિલ પણ આ દિવસોમાં બોલિવૂડ પર પ્રભુત્વ જમાવી રહી છે. આ દરમિયાન અભિનેત્રીનો મોહક લુક સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે. અભિનેત્રી શહનાઝ ગિલ સોશિયલ મીડિયા પર ફેન્સ સાથે જોડાયેલી રહે છે. અભિનેત્રીએ તેના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ પર તેની નવીનતમ તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં તેનો ગ્લેમરસ લુક ફેન્સને ખૂબ જ પસંદ આવી રહ્યો છે. શહનાઝ ગિલ પોતાની બોલ્ડનેસના કારણે ચર્ચામાં રહે છે. હાલમાં જ તેણે લેટેસ્ટ ફોટોશૂટની કેટલીક તસવીરો શેર કરી છે. જેમાં તે રેડ ઓફ શોલ્ડર ડ્રેસમાં કિલર બ્યુટીથી ઓછી દેખાઈ રહી છે. અભિનેત્રી પંજાબની કેટરીના કૈફ તરીકે પ્રખ્યાત છે. શહનાઝ ગીલે તેના હોટ લુકથી તેના ચાહકોના દિલની ધડકન વધારી દીધી છે. શહનાઝનો સિઝલિંગ લુક ઈન્ટરનેટ પર ચર્ચાનો વિષય બન્યો છે. શહનાઝ ગિલ લાલ ડ્રેસમાં પોઝ આપીને ચાહકોને દિવાના બનાવી રહી છે. ફોટોશૂટ દરમિયાન તે શિપ પર બેસીને કિલર સ્ટાઈલમાં પોઝ આપતી જોવા મળે છે. અભિનેત્રી બોલ્ડ લુકમાં પોતાની સુંદરતાથી બધાને મનાવી રહી છે.

## યામી ગૌતમ સ્ટારર 'આર્ટિકલ 370' પર ગલ્ફ દેશોમાં પ્રતિબંધ લાદી દેવાયો




મુંબઈ | યામી ગૌતમ અભિનીત એક્શન પોલિટિકલ થ્રિલર 'આર્ટિકલ પર 370' પર ગલ્ફ દેશોમાં પ્રતિબંધ મૂકાયો છે.'આર્ટિકલ 370' આવી સેન્સરશિપનો સામનો કરનાર વર્ષની બીજી ફિલ્મ છે.અગાઉ હૃતિક રોશન અને દીપિકા પાદુકોણ અભિનીત ફિલ્મ 'ફાઈટર' પર યુએઈ સિવાય તમામ ગલ્ફ દેશોમાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આદિત્ય સુહાસ જાંભલે દ્વારા નિર્દેશિત 'આર્ટિકલ 370' ફિલ્મ રાજકીય મુદ્દાઓને ઊંડાણમાં દર્શાવે છે. આ ફિલ્મ જમ્મુ-કાશ્મીરને અપાયેલ વિશેષ દરજ્જો રદ કરવાના PMOના નિર્ણય પર આધારિત છે. ફિલ્મમાં આવા ઘણા મુદ્દા બતાવાયા છે, જેનાથી લોકો આજે પણ અજાણ છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સારું પ્રદર્શન કરી રહી છે, પરંતુ બહેરીન, કુવૈત, ઈરાક, ઓમાન, કતાર, સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાતમાં તેના પર પ્રતિબંધ મુકાયો છે. અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે ગલ્ફ દેશો અને બોલિવૂડ વચ્ચે કદાચ બધું બરાબર નથી. એક રિપોર્ટ અનુસાર, આ દેશોમાં ભારતીય સિનેમાના ઘણા ચાહકો છે. કલમ 370 અને ફાઈટર જેવી ફિલ્મો પર પ્રતિબંધ બાદ મોટા પ્રશ્નો ઊભા થવા લાગ્યા છે.આર્ટિકલ 370'માં યામી ગૌતમે જૂની હક્સર નામના ગુપ્તચર અધિકારીની ભૂમિકા ભજવી છે. વડાપ્રધાન મોદીજીએ પણ એક ભાષણમાં આ ફિલ્મનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું 'મેં સાંભળ્યું છે કે આ અઠવાડિયે 'આર્ટિકલ 370' પર એક ફિલ્મ રિલીઝ થવા જઈ રહી છે... તે સારી વાત છે, કારણ કે તે લોકોને સાચી માહિતી મેળવવામાં મદદ કરશે.'આર્ટિકલ 370' બોક્સ ઓફિસ પર સારું કલેક્શન કરી રહી છે. 23 ફેબ્રુઆરીએ રિલીઝ થયેલી આ ફિલ્મે પહેલા દિવસે દેશભરમાં 6 કરોડ 12 લાખ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. આ ફિલ્મે સપ્તાહના અંતે વિશ્વભરમાં અંદાજે રૂ. 34.71 કરોડનું કલેક્શન કર્યું છે.

## મને નથી લાગતું કે મારે આરાધ્યાને કોઈ સલાહ આપવાની જરૂર છે: નવ્યા



આરાધ્યા બચ્ચન ચર્ચામાં, આરાધ્યા ખૂબ જ બુદ્ધિશાળી છે, તેને મારી નાની બહેન તરીકે મેળવીને હું ખુશ છું, આટલી નાની ઉંમરે તેને સમાજ અને દુનિયા વિશે ઘણું જ્ઞાન છે

મુંબઈ | ઐશ્વર્યા રાય બચ્ચન અને અભિષેક બચ્ચનની દીકરી આરાધ્યા બચ્ચન આ દિવસોમાં ચર્ચામાં છે. ખરેખર, શ્વેતા બચ્ચન નંદાની પુત્રી નવ્યા નંદાએ પોતાના ઈન્ટરવ્યૂમાં આરાધ્યા બચ્ચન વિશે વાત કરી હતી. તેણે કહ્યું કે આરાધ્યા ખૂબ જ બુદ્ધિશાળી છે. નવ્યાને પૂછવામાં આવ્યું કે મોટી બહેન તરીકે તે આરાધ્યાને શું સલાહ આપવા માંગે છે. આના પર તેણે કહ્યું કે હું તેને શું સલાહ આપીશ. આરાધ્યાની ઉંમર 12 વર્ષની છે અને તે તેની ઉંમર પ્રમાણે ખૂબ જ હોશિયાર છે. મને નથી લાગતું કે મારે તેને કોઈ સલાહ આપવાની જરૂર હોય. તેણે કહ્યું કે, આરાધ્યામાં ઘણો આત્મવિશ્વાસ છે. આટલી નાની ઉંમરે તેને સમાજ અને દુનિયા વિશે ઘણું જ્ઞાન છે. તે દરેક બાબતમાં ખૂબ જ જાગૃત છે. આજની પેઢીમાં આવું ભાગ્યે જ જોવા મળે છે. ઘરમાં નાની બહેન હોવાથી હું ખૂબ જ ખુશ છું. હું મારી ઘણી બધી બાબતો તેની સાથે શેર કરું છું. હું તેને નાની બહેન તરીકે મેળવીને ખુશ



છું. મને નથી લાગતું કે હું તેને કોઈ સલાહ આપી શકું, હું તેની ખૂબ પ્રશંસા કરું છું.'

# ટીમ ઈન્ડિયાએ સતત 17મી હોમ સિરીઝ જીતી

## ભારતે અંગ્રેજોને રગદોળી નાખ્યા: ઇંગ્લેન્ડ સામે જીતની હેટ્રિક નોંધાવી; 12 વર્ષથી ઘરઆંગણે હારી નથી ટીમ ઈન્ડિયા

ટીમ ઈન્ડિયાએ રાંચી ટેસ્ટમાં ઇંગ્લેન્ડને 5 વિકેટે હરાવ્યું હતું. સોમવારે ચોથા દિવસે ટીમે 5 વિકેટ ગુમાવીને 192 રનનો ટાર્ગેટ ચેઝ કર્યો હતો. આ જીત સાથે ટીમ ઈન્ડિયા સિરીઝમાં 3-1થી આગળ છે એટલે કે પાંચ મેચની શ્રેણી પણ જીતી લીધી છે. આ સિરીઝ જીત સાથે જ ભારતીય ટીમે ઘરઆંગણે સતત 17મી ટેસ્ટ સિરીઝ જીતી છે. ધ્રુવ જુરેલે ટોમ હાર્ટલીના બોલ પર બે રન બનાવીને ટીમ ઈન્ડિયાને જીત અપાવી હતી. ભારત તરફથી કેપ્ટન રોહિત શર્મા (55) અને શુભમન ગિલ (52)એ બીજી ઇનિંગમાં અડધી સદી ફટકારી હતી. ટીમ ઈન્ડિયાએ ચોથા દિવસે તેની બીજી ઇનિંગ 40/0ના સ્કોર સાથે આગળ ધપાવ્યો હતો. ઇંગ્લિશ ટીમ ત્રીજા દિવસના ત્રીજા સેશનમાં બીજા દાવમાં 145 રનમાં ઓલઆઉટ થઇ ગઇ હતી. પ્રથમ દાવમાં ઇંગ્લેન્ડની 46 રનની લીડના આધારે ભારતને 192 રનનો ટાર્ગેટ મળ્યો હતો. આ પહેલાં ઇંગ્લેન્ડની ટીમ પહેલી ઇનિંગમાં 353 રન અને ભારતીય ટીમ 307 રનમાં ઓલઆઉટ થઇ ગઇ હતી.



**ઇંગ્લેન્ડ સામે ઘરઆંગણે સતત ત્રીજી શ્રેણી જીતી :** ભારતે ઈંગ્લેન્ડ સામે ઘરઆંગણે સતત ત્રીજી શ્રેણી જીતી છે. 2012 પછી ભારતે 2016-17માં ઈંગ્લેન્ડને 3-0થી, 2020-21માં 3-1થી હરાવ્યું હતું અને હવે આ સિરીઝમાં 3-1ની લીડ મેળવી લીધી છે. આ સમયગાળા દરમિયાન ભારતે ઓસ્ટ્રેલિયાને ઘરઆંગણે સતત ત્રણ વખત હરાવ્યું છે. વેસ્ટ ઈન્ડિઝ, સાઉથ આફ્રિકા, ન્યૂઝીલેન્ડ, બાંગ્લાદેશ અને શ્રીલંકા સામે સતત 2-2 શ્રેણી જીતી છે. અફઘાનિસ્તાન સામે 1 મેચની શ્રેણી જીતી.

**વિદેશમાં પણ ભારતે સૌથી વધુ શ્રેણી જીતી :** છેલ્લા 12 વર્ષમાં વિદેશમાં ટીમ ઈન્ડિયાનું પ્રદર્શન પણ શાનદાર રહ્યું છે. ટીમે ઘરની બહાર સૌથી વધુ શ્રેણી જીતી છે. ભારતીય ટીમે 1 જાન્યુઆરી, 2013થી અત્યાર સુધી ઘરની બહાર 19 શ્રેણી રમી છે, જેમાંથી તેમણે 8માં જીત મેળવી છે, જ્યારે ટીમને 8માં હારનો સામનો કરવો પડ્યો છે. તો 3 શ્રેણી ડ્રો રહી છે.

**જો હવેની મેચ પણ જીતીશું તો જીત અને હાર વચ્ચેનો તફાવત ખતમ થઈ જશે :** રાંચી ટેસ્ટ સહિત ભારત અત્યાર સુધીમાં 578 ટેસ્ટ મેચ રમી ચુક્યું છે. તેમાંથી, ટીમ 177 જીતી છે, 178માં પરાજય થયો છે, 1 મેચ ટાઈ રહી છે અને 222 ડ્રો રહી છે. ભારતીય ટીમને હજુ પણ ટેસ્ટ ક્રિકેટમાં જીત કરતાં વધુ હાર છે. જો ટીમ ઈન્ડિયા ઈંગ્લેન્ડ સામેની સિરીઝની છેલ્લી ટેસ્ટ મેચ પણ જીતી લે છે તો આ અંતર સમાપ્ત થઈ જશે. હાલમાં, ટેસ્ટ ક્રિકેટમાં માત્ર ત્રણ ટીમ એવી છે જે હાર કરતાં વધુ જીતી છે. જેમાં ઓસ્ટ્રેલિયા (412 જીત, 232 હાર), ઈંગ્લેન્ડ (392 જીત અને 322 હાર) અને પાકિસ્તાન (148 જીત અને 142 હાર)નો સમાવેશ થાય છે.



### ઇંગ્લેન્ડ સામે સૌથી વધુ ટેસ્ટ જીત 34મી છે

રાંચીમાં મળેલી જીત ભારતની ઈંગ્લેન્ડ સામે અત્યાર સુધીની 135 ટેસ્ટ મેચમાં 34મી જીત છે. ભારતે આ ફોર્મેટમાં સૌથી વધુ વખત ઈંગ્લેન્ડને હરાવ્યું છે. જો કે, ભારતે બ્રિટિશ સામે 51 ટેસ્ટ મેચ પણ હારી છે. ટેસ્ટ ક્રિકેટમાં કોઈપણ ટીમ સામે ભારતની આ સૌથી મોટી હાર છે. બંને ટીમ વચ્ચે 50 ટેસ્ટ મેચ ડ્રો રહી છે. ઈંગ્લેન્ડ બાદ ભારતે સૌથી વધુ 32 વખત ઓસ્ટ્રેલિયાને હરાવ્યું છે. આ 32 જીત 107 ટેસ્ટ મેચમાં મળી છે.



# ક્રિકેટર મોહમ્મદ શમીની સર્જરી સફળ

નવી દિલ્હી | તા.27

ટીમ ઈન્ડિયાના ફાસ્ટ બોલર મોહમ્મદ શમીની સોમવારે લંડનમાં એડીની સફળ સર્જરી કરવામાં આવી હતી. શમીએ તેના સોશિયલ મીડિયા પર એક ફોટો પોસ્ટ કરીને આ માહિતી આપી હતી. શમીએ ગયા વર્ષે ટીમ ઈન્ડિયા માટે ODI વર્લ્ડ કપ રમ્યો હતો, જે બાદ તે ઈજાના કારણે ક્રિકેટ રમી શક્યો નહોતો. શમીએ સોશિયલ મીડિયા પર ફોટા પોસ્ટ કરીને લખ્યું, મારી એડીનું સફળ ઓપરેશન થયું. રિકવરી થવામાં સમય લાગશે પરંતુ હું મારા પગ પર ઊભો થવા અને જલદી બોલિંગ કરવા માટે ઉત્સાહિત છું. 8 મહિના માટે બહાર હોઈ શકે છે સર્જરી બાદ શમીને લગભગ 3 થી 4 મહિના આરામ કરવો પડી શકે છે. આ પછી જ તે પ્રેક્ટિસ શરૂ કરશે. NCA તરફથી ફિટનેસ ક્લિયરન્સ મળ્યા બાદ જ તેને મેચ રમવાની મંજૂરી મળશે. આમાં 6 થી 8 જણાવ્યા અનુસાર, સર્જરી બાદ શમી IPL બાંગ્લાદેશ અને ન્યૂઝીલેન્ડ શ્રેણી માટે પણ તેના માટે ફિટ રહેવું મુશ્કેલ છે. જોકે BCCIને આશા છે કે ડિસેમ્બરમાં ઓસ્ટ્રેલિયા સામે શરૂ થનારી ટેસ્ટ શ્રેણી સુધીમાં શમી ફિટ થઈ જશે.મોહમ્મદ શમીએ IPL 2023માં પણ જોરદાર પ્રદર્શન કર્યું હતું. તેણે 17 મેચમાં 18.64ની એવરેજથી સૌથી વધુ 28 વિકેટ લીધી હતી અને તે સિઝનનો પર્પલ કેપ વિનર બન્યો હતો. તેની IPL કારકિર્દી ઘણી શાનદાર રહી છે. તેણે અત્યાર સુધી 110 IPL મેચ રમી છે, જેમાં તેણે 26.87ની એવરેજ અને 8.44ની ઈકોનોમી રેટથી 127 વિકેટ લીધી છે. તેણે બે વખત એક ઈનિંગમાં ચાર વિકેટ લીધી છે. શમી વર્લ્ડ કપમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર હતો મોહમ્મદ શમી ઈજા છતાં ગયા વર્ષે ઓક્ટોબર અને નવેમ્બરમાં વનડે વર્લ્ડ કપ રમ્યો હતો. તેણે ટુર્નામેન્ટની 7 મેચમાં સૌથી વધુ 24 વિકેટ લીધી હતી. આ સાથે તે વર્લ્ડ કપમાં 50થી વધુ વિકેટ લેનારો પ્રથમ ભારતીય બોલર બન્યો છે. ગયા વર્ષે નવેમ્બરમાં વર્લ્ડ કપ પૂરો થયા બાદ શમી ટેસ્ટ શ્રેણીમાંથી બહાર થઈ ગયો હતો. તે ગયા વર્ષના અંતમાં દક્ષિણ આફ્રિકા પ્રવાસ માટે ટીમ ઈન્ડિયાનો ભાગ હતો. પરંતુ બે ટેસ્ટ મેચની શ્રેણી પહેલાં તે એડીની ઈજાને કારણે બહાર થઈ ગયો હતો. આ પછી, તે ઈંગ્લેન્ડ સામે ચાલી રહેલી ઘરેલુ ટેસ્ટ શ્રેણીનો ભાગ પણ બની શક્યો ન હતો.શમી જાન્યુઆરીના છેલ્લા સપ્તાહમાં લંડન ગયો હતો. જ્યાં તેણે પગની ઘૂંટી માટે ખાસ ઈન્જેક્શન લીધાં હતાં. ડૉક્ટરોએ તેને કહ્યું કે તે 3 અઠવાડિયાં પછી દોડવાનું શરૂ કરી શકે છે. જો તેને સારું લાગ્યું હોત તો તેણે દોડ્યા પછી બોલિંગ શરૂ કરી દીધી હોત, પરંતુ ઈન્જેક્શનની અપેક્ષા મુજબ અસર દેખાઈ નહીં. આવી સ્થિતિમાં શમી પાસે સર્જરી કરાવવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચ્યો ન હતો.

# પોલિટિશિયનના પુત્ર પર બૂમ પાડી, વિહારીએ કેપ્ટનશીપ ગુમાવવી પડી

નવી દિલ્હી | તા.27



હનુમા વિહારીએ ખુલાસો કર્યો છે કે તે આંધ્રપ્રદેશ માટે ફરીથી નહીં રમે. વિહારીએ ઈન્સ્ટાગ્રામ પર જાહેર કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે એક ખેલાડી સાથેના વિવાદ બાદ તેને રાજીનામું આપવાનું કહેવામાં આવ્યું હતું, જેના પિતા રાજકારણી હતા અને તેણે આંધ્ર પ્રદેશ ક્રિકેટ એસોસિયેશનને ફરિયાદ કરી હતી. 30 વર્ષીય બેટર્સે એસોસિયેશનના પ્રમુખને લખેલ એક પત્ર પણ શેર કર્યો હતો, જેમાં તેના સાથી ખેલાડીઓ દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યો હતો, જેમાં તેને તેના સાથી ખેલાડીઓ તરફથી મળેલ સમર્થન દર્શાવવામાં આવ્યું હતું. જેમાં ખેલાડીઓએ સ્પષ્ટતા આપતા કહ્યું હતું કે વિહારીએ ખેલાડી સાથે અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો નથી. અમે તેને કેપ્ટન તરીકે જોવા માગતા હતા. અમે માગ કરીએ છીએ કે વિહારીને કેપ્ટન બનાવવામાં આવે.વિહારીએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, દુઃખની વાત એ છે કે એસોસિયેશન માને છે કે તેઓ જે કહે છે તે ખેલાડીઓએ સાંભળવું પડે છે અને ખેલાડીઓ તેમના કારણે ત્યાં છે. મેં નક્કી કર્યું છે કે હું આંધ્ર માટે ક્યારેય નહીં રમું જ્યાં મેં મારું આત્મસન્માન ગુમાવ્યું છે.

# WPL 2024માં દિલ્હીની પહેલી જીત, યુપીની સતત બીજી મેચમાં હાર

WPL 2024માં ચોથી મેચમાં દિલ્હી અને યુપી વચ્ચે રમાયેલ મેચમાં દિલ્હીએ ખૂબ જ આસાનીથી યુપીને હરાવી આ સિઝનની પહેલી જીત હાંસલ કરી હતી, જ્યારે યુપીએ સતત બીજી મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો. આ મેચમાં પહેલા દિલ્હી કેપિટલ્સના બોલરોએ યુપીના બેટ્સમેનો માટે વિકેટ પર ટકી રહેવું મુશ્કેલ બનાવ્યું અને પછી શેફાલી વર્મા અને મેગ લેનિંગની તોફાની ઈનિંગ્સના આધારે યુપીની બોલિંગને સંપૂર્ણ રીતે બેઅસર કરી દીધી. દિલ્હી આ મેચ 10 વિકેટે જીતવાની નજીક હતી પરંતુ છેલ્લી ક્ષણે આઉટ થઈ ગઈ હતી. શેફાલી વર્મા અને કેપ્ટન મેગ લેનિંગની શાનદાર અડધી સદીની ઈનિંગ્સના આધારે દિલ્હી કેપિટલ્સે સોમવારે સ્ટેડિયમમાં રમાયેલી મહિલા પ્રીમિયર લીગ મેચમાં યુપી વોરિયર્સને હરાવ્યું હતું.

# રાંચી ટેસ્ટમાં હાર બાદ બેન સ્ટોક્સની બહાનાબાજી, આપ્યું મોટું નિવેદન

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રાંચીમાં રમાયેલી ચોથી ટેસ્ટ મેચમાં ભારતે પાંચ વિકેટે જીત મેળવી હતી અને આ સાથે જ પાંચ મેચની ટેસ્ટ શ્રેણીમાં 3-1ની અજેય સરસાઈ મેળવી લીધી હતી. રાંચી ટેસ્ટ બાદ ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે હારનું કારણ જણાવ્યું છે. પરંતુ સ્ટોક્સનું નિવેદન સાંભળીને આશ્ચર્ય થાય છે કારણ કે તેની પાસેથી આવા નિવેદનની અપેક્ષા ન હતી. ભારતીય ક્રિકેટ ટીમે રાંચીના ઝારખંડ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાયેલી ચોથી ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડને હરાવ્યું હતું. ટીમ ઈન્ડિયાએ આ મેચ પાંચ વિકેટે જીતી લીધી હતી. આ સાથે ભારતે પાંચ મેચની ટેસ્ટ શ્રેણીમાં 3-1ની સરસાઈ મેળવી લીધી છે. આ શ્રેણીની પ્રથમ મેચ ઈંગ્લેન્ડે જીતી હતી. બીજી મેચમાં ઈંગ્લેન્ડે પણ ટીમ ઈન્ડિયાને ટક્કર આપી હતી, પરંતુ ત્રીજી અને ચોથી મેચમાં ઈંગ્લેન્ડની ટીમ ભારતને વધુ ટક્કર આપી શકી નહોતી અને બંને મેચ હારી ગઈ હતી. રાંચીમાં ઈંગ્લેન્ડના બેઝબોલ ક્રિકેટનો જાદુ ન ચાલ્યો. ભારતે ચોથા દિવસે જ જીત મેળવી હતી. આ હાર બાદ ઈંગ્લેન્ડનો કેપ્ટન બેન સ્ટોક્સ રડવા લાગ્યો છે અને હારનું બહાનું બનાવવા લાગ્યો છે. આશ્ચર્યની વાત એ છે કે સ્ટોક્સે આ હાર માટે એક રીતે પોતાના યુવા ખેલાડીઓને જવાબદાર ગણાવ્યા છે. આ મેચમાં ઈંગ્લેન્ડે પ્રથમ દાવમાં 353 રન બનાવ્યા હતા. ટીમ ઈન્ડિયા તેની પ્રથમ ઈનિંગમાં 307 રનમાં સમેટાઈ ગઈ હતી. અહીં એવું લાગતું હતું કે ઈંગ્લેન્ડની ટીમ જીતશે, નો ટાર્ગેટ મળ્યો હતો, જેને સોમવારે ચોથા દિવસે પાંચ વિકેટ ગુમાવીને ટીમ ઈન્ડિયાએ હાંસલ કરી લીધો હતો.રોહિતે જીત બાદ પોતાની યુવા બ્રિગેડની પ્રશંસા કરી હતી, જ્યારે સ્ટોક્સના નિવેદન પર નજર કરીએ તો સ્પષ્ટ જણાય છે કે હારની જવાબદારી લેવાને બદલે તે યુવા ખેલાડીઓને બલિનો બકરો બનાવવા માંગે છે. મેચ બાદ સ્ટોક્સે કહ્યું કે આ મેચ શાનદાર રહી. મને મારી ટીમ પર ગર્વ છે.

# ક્રિકેટરોની સેલરી વધશે, BCCI ટેસ્ટ રમતા ખેલાડીઓના પગારમાં વધારો કરી શકે છે

નવી દિલ્હી | તા.27

ટેસ્ટ રમનાર ભારતીય ખેલાડીઓ માટે સારા સમાચાર છે. આવનારા જદિવસોમાં તેની સેલેરીમાં વધારો થઈ શકે છે. એવા સમાચાર છે કે, બીસીસીઆઈ આના પર વિચાર કરી રહ્યું છે. તેની પાછળ બીસીસીઆઈની વિચાર શું છે તે જાણો. ટેસ્ટ રમનાર ભારતીય ખેલાડીઓ માટે સારા સમાચાર છે. આવનારા જદિવસોમાં તેની સેલેરીમાં વધારો થઈ શકે છે. એવા સમાચાર છે કે, બીસીસીઆઈ આના પર વિચાર કરી રહ્યું છે. તેની પાછળ બીસીસીઆઈની વિચાર શું છે તે જાણો. ટેસ્ટ રમનાર ભારતીય ખેલાડીઓને મોટી ભેટ મળી શકે છે. એવા સમાચાર છે કે, BCCI રેડ ક્રિકેટ રમનારા ખેલાડીઓની સેલેરી વધારવાના મુડમાં છે. આના પર તે વિચાર કરી રહી છે. એવું માનવામાં આવી રહ્યું છે કે, ઈશાન કિશનની ટીમ મેનેજમેન્ટ વિશે વારંમવાર સ્થાનિક ક્રિકેટમાં રમવાના કોલને નજરઅંદાજ કરવાને લઈ બીસીસીઆઈએ ફરીથી ટેસ્ટ મેચની સેલેરીને લઈ વિચાર કરી રહ્યું છે. તમને જણાવી દઈએ કે, લાંબા ફોર્મેટમાં રમતને નજર અંદાજ કરી ઈશાન કિશન, પંડ્યા બ્રધર્સની સાથે આઈપીએલ રમવાની તૈયારીઓમાં લાગ્યો છે.

### ટેસ્ટ મેચોની ફીમાં વધારો થઈ શકે છે

આ મોટા સમાચાર ત્યારે સામે આવ્યા જ્યારે ભારતીય ટીમે ઈંગ્લેન્ડ વિરુદ્ધ ટેસ્ટ સીરિઝ જીતી છે આ ઉપરાંત, આ પગલું ટેસ્ટ ક્રિકેટને પ્રોત્સાહન આપવાના BCCIના ઉદ્દેશ્ય સાથે પણ જોડવામાં આવી રહ્યું છે.ધ ઈન્ડિયન ખેલાડીઓ રેડ બોલ ક્રિકેટથી દુર રહી કરતાં IPLને પ્રાધાન્ય આપતા ખેલાડીઓના આ વિચારને ધ્યાનમાં રાખીને, હવે BCCI પણ તેના એક ઈરાદાને અમલમાં મૂકી શકે છે.

# મધ્યપ્રદેશ રણજી ટ્રોફીની સેમિફાઈનલમાં પહોંચ્યું

ભોપાલ | તા.27

મધ્યપ્રદેશના ફાસ્ટ બોલર અનુભવે મેચમાં કુલ નવ વિકેટ ઝડપી હતી. તેણે પ્રથમ દાવમાં 33 રનમાં ત્રણ અને બીજા દાવમાં 52 રનમાં છ વિકેટ ઝડપી હતી.સેમિફાઈનલમાં પહોંચનારી બીજી ટીમ બની છે. હવે જોવાનું રહેશે ફાઈનલમાં કઈ 2 ટીમની ટક્કર થાય છે. અનુભવ અગ્રવાલની શાનદાર બોલિંગના દમ પર મધ્યપ્રદેશે રણજી ટ્રોફીની રોમાંચક ક્વાર્ટર ફાઈનલ મેચમાં આંધ્ર પ્રદેશને 4 રનથી હાર આપી સેમિફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે. મેચનો હીરો ભોપાલનો 27 વર્ષનો અનુભવ રહ્યો હતો. જેમણે બીજી ઈનિગ્સમાં આંધ્ર પ્રદેશના બેટ્સમેનોને સસ્તામાં પેવેલિયન મોકલી પોતાની ટીમને જીત અપાવી હતી. મધ્યપ્રદેશ સેમિફાઈનલમાં પહોંચનારી બીજી ટીમ ફાસ્ટ બોલર અનુભવે મેચમાં કુલ 9 વિકેટ લીધી છે. તેમણે પહેલી ઈનિગ્સમાં 33 રન આપ્યા જ્યારે બીજી ઈનિગ્સમાં 52 રન આપી 6 વિકેટ લીધી હતી. તેની મદદથી મધ્યપ્રદેશે આંધ્રપ્રદેશને બીજી ઈનિગ્સમાં 165 રનમાં આઉટ કરી હતી.



# શુભમન ગિલે રાંચીમાં જે કર્યું તે અત્યાર સુધી વિરાટ-રોહિત પણ નથી કરી શક્યા

રાંચી | તા.27



રાંચી ટેસ્ટ ટીમ ઈન્ડિયાના નામે રહી હતી. પ્રથમ દાવમાં પાછળ રહી જવા છતાં ટીમ ઈન્ડિયાએ રાંચી મેચ 5 વિકેટે જીતી લીધી હતી. આ જીત ખૂબ જ ખાસ છે કારણ કે આ મેચમાં ટીમ ઈન્ડિયાએ ટોસ હાર્યો હતો, પીચ બેટિંગ માટે મુશ્કેલ હતી, ટીમ ઈન્ડિયા પણ પ્રથમ દાવમાં ઈંગ્લેન્ડથી પાછળ રહી ગઈ હતી અને સૌથી મોટી વાત એ છે કે તેની પાસે અનુભવી બેટ્સમેનોની ભારે કમી હતી. આમ છતાં ટીમ ઈન્ડિયા આ મેચ આસાનીથી જીતી ગઈ. ટીમ ઈન્ડિયાની આ જીતનો હીરો હતો ધ્રુવ જુરેલ, જેણે પ્રથમ દાવમાં 90 રન બનાવ્યા હતા અને બીજી ઈનિંગમાં પોતાના બેટથી અણનમ 39 રન બનાવ્યા હતા. પરંતુ બીજી ઈનિંગમાં અન્ય બેટ્સમેને શાનદાર ઈનિંગ રમી અને તેણે ટીમ ઈન્ડિયાની જીતની સ્ક્રિપ્ટ લખી. અમે વાત કરી રહ્યા છીએ શુભમન ગિલની, જેના બેટથી તેણે રાંચી ટેસ્ટમાં અણનમ 53 રન બનાવ્યા હતા. આ ઈનિંગ દરમિયાન ગિલે એવું પણ કર્યું કે જેના પર વિશ્વાસ કરવો ઘણા લોકો માટે મુશ્કેલ હશે. શુભમન ગિલે બીજી ઈનિંગમાં 53 રનની અણનમ ઈનિંગ રમીને 210 રનના વિશેષ આંકડાને સ્પર્શ કર્યો હતો. ગિલે પોતાની કારકિર્દીમાં ટેસ્ટ મેચ જીતવાની ચોથી ઈનિંગમાં 210 રન બનાવ્યા છે. તમને જાણીને નવાઈ લાગશે કે વિરાટ, રોહિત, રહાણે, ગંભીર જેવા ખેલાડીઓએ પોતાની આખી કારકિર્દીમાં ટેસ્ટ મેચ જીતવાની ચોથી ઈનિંગમાં એટલા રન નથી બનાવ્યા.

# રોહિતે કહ્યું: ચાન્સ ફક્ત તેમને જ આપવામાં આવશે જેઓ ટેસ્ટ ક્રિકેટમાં સફળતાની ભૂખ બતાવશે



**ભારતીય કેપ્ટન રોહિત શર્માએ રણજી છોડ્યા બાદ IPLની તૈયારી કરી રહેલા ખેલાડીઓને જોરદાર સંદેશ આપ્યો છે. સોમવારે રોહિતે કોઇનું નામ લીધા વગર કહ્યું - 'ચાન્સ ફક્ત તેમને જ આપવામાં આવશે જેઓ ટેસ્ટ ક્રિકેટમાં સફળતાની ભૂખ બતાવશે' ઇંગ્લેન્ડ વિરૂદ્ધ રાંચી ટેસ્ટ જીત્યા બાદ ભારતીય કેપ્ટન યુવા ખેલાડીઓના પ્રદર્શનથી ખુશ દેખાતા હતા. તેમણે કહ્યું- 'અમે તેમને જ તક આપીશું જેઓ સફળતાના ભૂખ્યા છે. જો જીતવાની ભૂખ ન હોય તો આવા ખેલાડીઓને રમાડવાનો કોઇ અર્થ નથી. 'મેં અહીં ટીમમાં એવો કોઇ ખેલાડી જોયો નથી જેને રમવાની ભૂખ ન હોય. જે છોકરાઓ અહીં છે અને જેઓ અહીં નથી, તે બધા રમવા માગે છે, પરંતુ ટેસ્ટ ક્રિકેટમાં તમને બહુ ઓછી તક મળે છે. જો તમે તેમનો લાભ લેશો નહીં, તો તેઓ જતા રહેશે.'**

**ઐયર અને કિશન રણજી રમતા નથી :** રોહિતની આ પ્રતિક્રિયા ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) ના આદેશ પછી આવી છે, જેમાં ઈશાન કિશન અને શ્રેયસ અય્યર જેવા ખેલાડીઓને રણજી ટ્રોફી રમવા માટે કહેવામાં આવ્યું હતું, પરંતુ બંનેએ બોર્ડના આદેશની અવગણના કરી હતી. બંને ખેલાડીઓએ રણજી ટ્રોફીમાં ભાગ લીધો ન હતો. 25 વર્ષનો ઈશાન પોતાની રાજ્યની ટીમ છોડીને IPLની તૈયારી કરતો જોવા મળ્યો હતો. તે મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યા અને તેના ભાઈ કૃણાલ સાથે બરોડામાં ટ્રેનિંગ કરતો જોવા મળ્યો હતો.

### IPL અમારા માટે સારું છે, પરંતુ ટેસ્ટ સૌથી મુશ્કેલ ફોર્મેટ છે

આઈપીએલ અમારા માટે ખૂબ જ સારું ફોર્મેટ છે, પરંતુ આ (ટેસ્ટ ક્રિકેટ) સૌથી મુશ્કેલ ફોર્મેટ છે અને તેમાં શ્રેષ્ઠતા હાંસલ કરવી મુશ્કેલ છે. જીતવા માટે તમારે સખત મહેનત કરવી પડશેછેલ્લી ત્રણ જીત સરળ ન હતી, બોલરોએ લાંબા સ્પેલ બોલિંગ કરવા પડ્યા, બેટરોએ ક્રિઝ પર કોણ નથી જાણતું? રોહિતે કહ્યું- 'એ ખબર પડી જાય છે કે કોણ ભૂખ્યું નથી અને કોણ અહીં રહેવા નથી માંગતું. તે બહાર વળે છે.

# સિંગાપોર એર શોમાં સારંગ હેલિકોપ્ટર ડિસ્પ્લે ટીમનો અદભુત નજારો:HAL ધ્રુવનાં કરતબો જોઈ પ્રેક્ષકો મંત્રમુગ્ધ

ભારતીય વાયુસેનાની સારંગ હેલિકોપ્ટર ડિસ્પ્લે ટીમે સિંગાપોર એર શોમાં ભાગ લીધો હતો. X પરની એક પોસ્ટમાં, સારંગ હેલિકોપ્ટર ડિસ્પ્લે ટીમે જણાવ્યું હતું કે, અમારી અત્યાર સુધીની સફરમાં, અમે દરેક પડકારોનો સફળતાથી સામનો કર્યો છે અને અમારા દરેક વિજયની ઉજવણી કરવા અમે આતૂર છીએ. ભારતીય વાયુસેનાની હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડે એડવાન્સ્ડ લાઇટ હેલિકોપ્ટર (ધ્રુવ)નું નિર્માણ કર્યું છે, જેણે 24 ફેબ્રુઆરીએ સિંગાપોર એર શોમાં પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.સારંગ ટીમ 12 ફેબ્રુઆરીએ સિંગાપોર આવી હતી અને સિંગાપોર એરફોર્સ (RSAF)ના ચાંગી એર બેઝ પરથી તેનું સંચાલન કરાયું હતું.



## ન્યૂઝ ટ્રેક

### સૌથી મોટા પરોપકારી જેકબ રોથસચાઈલ્ડનું 87 વર્ષની વયે નિધન

લંડન | જાણીતા બેંકર અને બ્રિટનના સૌથી મોટા પરોપકારી જેકબ રોથસચાઈલ્ડનું 87 વર્ષની વયે નિધન થયું છે. આ અંગે તેમના પરિવારે માહિતી આપી છે. જોકે તેમના મૃત્યુનું કારણ જણાવ્યું નથી. જેકબના પરિવાર કહ્યું કે, 'પિતા જેકબે ઘણા લોકોનું જીવન સુધાર્યું છે. તેઓ એક શ્રેષ્ઠ ફાઈનાન્સર, આર્ટ એન્ડ કલ્ચરના ચેમ્પિયન, એક સમર્પિત જાહેર સેવક હતા.' જેકબે 1980માં એન. એમ.રોથસચાઈલ્ડ એન્ડ સન્સ લિમિટેડ છોડી દીધું હતું. તેમણે રોથસચાઈલ્ડ ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ પર ધ્યાન કેન્દ્રીત કરવા માટે પોતાની ફેમિલી ફર્મમાંથી રાજીનામું આપી દીધું હતું. ઑફશૂટ નામથી ઓળખવામાં આવે છે, તે UKના ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટોમાંથી એક છે.

### કેપ્ટન માર્વેલ ફેઇમ એક્ટર કેનેથ મિશેલનું 49 વર્ષની વયે નિધન

કેપ્ટન માર્વેલ ફેઈમ એક્ટર કેનેથ મિશેલનું ૪૯ વર્ષની વયે નિધન થયું છે તે છેલ્લા ૫ વર્ષથી બીમારીથી પીડાતા હતા. આ અંગેની માહિતી પરીવારજનોએ સોશિયલ મીડિયામાં પોસ્ટ લઈને આપતા ચાહકો આઘાતમાં સરી પડયા હતા. કેનેથ છેસ્સા ઘણા સમયથી એમિયોટ્રોફિક લેટરલ સ્કલેરોસિસને લગતી બીમારીથી પીડાતા હતા. છેવટે જીવન અને મોત વચ્ચેના સંઘર્ષમાં જીવન હારી ગયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર કેનેથએ ૨૪ ફેબુરઆરીના રોજ અંતિમ પોતાની ફિલ્મોમાં વિવિધ પ્રકારની ભૂમિકા ભજવી હતી. જેમાં ઓલમ્પિકમાં ભાગ લેવા ઉત્સૂક યુવક, એક સર્વાઈવર, અંતરિક્ષયાત્રી, સુપર હિરોના પિતા અને ચાર યુનિક સ્ટાર ટ્રેકર્સનો સમાવેશ થાય છે.

### ૫ સ્ટાર ગુબ્બારામાં બેસીને સાહસિકો અંતરિક્ષનો પ્રવાસ કરશે

ફલોરિડા | સ્પેસ સંશોધનમાં એલન મસ્કના સ્પેસ એકસના આગમન પછી અનેક કંપનીઓ અંતરિક્ષ પ્રવાસનો દાવો કરી રહી છે. આમાંની જ એક કંપની અમેરિકાના ફલોરિડા રાજયની સ્પેસ પર્સેપકિટવ છે, જે ગુબ્બારા દ્વારા લોકોને અંતરિક્ષનો પ્રવાસ કરાવવાની દિશામાં આગળ વધી રહી છે. ૫ સ્ટાર જેવી સેવા ધરાવતા ગુબ્બારામાં એક સાથે આઠ મહેમાનોને બેસાડી શકાય છે. જેમાં કોકટેલ પીણું, રોમાન્ટિક ડિનર અને પાર્ટીઓનું આયોજન કરવાની પણ છુટ આપવામાં આવશે. અંતરિક્ષમાંથી પૃથ્વીને નિહાળતા રહીને લગ્ન કરવાની પણ છુટ આપવામાં આવશે. ડેલી સ્ટારના એક અહેવાલ અનુસાર ફલોરિડાની પ્રકારની હોટલ જ હશે. આ ગુબ્બારાનું નામ નેપ્ચ્યૂન રાખવામાં આવ્યું છે. સામાન્ય રીતે અંતરિક્ષયાન ૧૭૦૦૦ માઈલ પ્રતિ કલાકની ગતિથી સ્પેસમાં જતું હોય છે

---

68 બાળકોને ઝેરી કફ સિરપ આપવાનો મામલો; બેદરકારી, છેતરપિંડી સહિત અનેક ગંભીર આરોપો પણ લાગ્યા

# ઉઝબેકિસ્તાનમાં ભારતીય ઉદ્યોગપતિને 20 વર્ષની સજા





સમરકંદ | તા.27

ઉઝબેકિસ્તાનની સુપ્રીમ કોર્ટે સોમવારે ભારતીય કફ સિરપ પીવાથી 68 બાળકોનાં મોતના કેસમાં 21 લોકોને સજા સંભળાવી છે. NDTVના અહેવાલ મુજબ તમામને 20 વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી છે. આમાં ભારતીય ઉદ્યોગપતિ રાઘવેન્દ્ર પ્રતાપ પણ સામેલ છે. તેમને ભ્રષ્ટાચાર અને છેતરપિંડી માટે દોષિત ઠેરવવામાં આવ્યા છે. હકીકતમાં, ઉઝબેકિસ્તાનમાં 2022 અને 2023ની વચ્ચે ઓછામાં ઓછાં 86 બાળકોને ઝેરી કફ સિરપ આપવામાં આવી હતી. જેના કારણે 68 બાળકોનાં મોત થયાં હતાં.

રાઘવેન્દ્ર વિરુદ્ધ અનેક કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો મૃતકના સંબંધીઓની ફરિયાદ પર ઉઝબેકિસ્તાન પોલીસે કેસ નોંધીને કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી છે. જેમાં ઉઝબેકિસ્તાનમાં ડોક-1 મેક્સ સિરપ વેચતી કંપનીના ડાયરેક્ટર રાઘવેન્દ્ર પ્રતાપને પણ આરોપી બનાવવામાં આવ્યો હતો. તેમની સામે બેદરકારી, છેતરપિંડી સહિતની ગંભીર કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો.જાન્યુઆરી 2023માં, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) એ કહ્યું કે ભારતની મેરિયન બાયોટેક દ્વારા બનાવેલ બે કફ સિરપ બાળકોને ન આપવી જોઈએ. સિરપનાં નામ એમ્બ્રોનોલ સિરપ અને ડીઓકે-1 મેક્સ છે. આ બંને સિરપ નોઈડા સ્થિત કંપની મેરિયન બાયોટેક દ્વારા બનાવવામાં આવે છે.

## મેરિયન બાયોટેકનું ઉત્પાદન લાઇસન્સ રદ કરવામાં આવ્યું

મામલો સામે આવ્યા બાદ ભારત સરકારે માર્ચ 2023માં કફ સિરપ બનાવતી કંપની મેરિયન બાયોટેકનું ઉત્પાદન લાઈસન્સ રદ કરી દીધું હતું. આ દરમિયાન ગામ્બિયામાં 70 બાળકો ભારતમાંથી આયાત કરાયેલ અન્ય કફ સિરપનો ઉપયોગ કર્યા પછી મૃત્યુ પામ્યાં હતાં. તમામ બાળકોની કિડની ફેલ થઈ ગઈ હતી ગામ્બિયાએ 70 બાળકોના મૃત્યુ માટે 4 ભારતીય કફ સિરપને જવાબદાર ઠરાવ્યા ગામ્બિયાએ તેના દેશમાં 70 બાળકોનાં મૃત્યુ માટે ભારતમાં બનેલી ચાર કફ સિરપને પણ જવાબદાર ગણાવી છે. ડબ્લ્યુએચઓએ પણ આ કફ સિરપના ઉપયોગ અંગે ચેતવણી જારી કરી હતી. જોકે, ભારતે કહ્યું હતું કે અમે કફ સિરપની તપાસ કરી હતી. તેની ગુણવત્તા સારી હોવાનું જણાયું હતું. આ પછી, ગેમ્બિયા સરકારે એક નિવેદન જારી કરીને કહ્યું કે ભારતીય સિરપનો તેમના દેશમાં બાળકોનાં મૃત્યુ સાથે કોઈ સંબંધ નથી.

**શું ઇથિલિન ગ્લાયકોલ જીવલેણ છે? :** WHO અનુસાર, ઈથિલિન ગ્લાયકોલ એ કાર્બન સંયોજન છે. તેમાં ન તો સુગંધ છે કે ન રંગ. તે ગળ્યું છે. તેને બાળકોના શરબતમાં ઉમેરવામાં આવે છે જેથી તેઓ તેને સરળતાથી પી શકે. તેની માત્રામાં અસંતુલન જીવલેણ બની શકે છે. તે ઘણા દેશોમાં પ્રતિબંધિત છે. 50 ટકાથી વધુ જેનરિક દવાઓ ભારતની વિશ્વમાં જરૂરી જેનરિક દવાઓમાંથી 50 ટકાથી વધુ ભારતમાંથી મોકલવામાં આવે છે. જ્યારે, લગભગ 40 ટકા જેનરિક દવાઓ અમેરિકામાં અને લગભગ 25 ટકા દવાઓ બ્રિટનમાં સપ્લાય કરવામાં આવે છે. ફાર્માસ્યુટિકલ જનરેશનની દૃષ્ટિએ ભારત વિશ્વમાં ત્રીજા ક્રમે છે. ભારતના ફાર્માસ્યુટિકલ ઉદ્યોગમાં 3,000 ફાર્માસ્યુટિકલ કંપનીઓ અને આશરે 10,500 ઉત્પાદન એકમોનો સમાવેશ થાય છે. એઇડ્સ સામે લડવા માટે હાલમાં વૈશ્વિક સ્તરે ઉપયોગમાં લેવાતી એન્ટિરેટ્રોવાઈરલ દવાઓમાંથી 80 ટકાથી વધુ ભારતીય ફાર્માસ્યુટિકલ કંપનીઓ દ્વારા સપ્લાય કરવામાં આવે છે.WHOએ કહ્યું હતું કે તપાસમાં જાણવા મળ્યું છે કે બંને સિરપ સારી ગુણવત્તાનાં નથી.

# અમેરિકન સૈનિકે પોતાની જાતને આગ લગાડી

વોશિંગ્ટન | તા.27



અમેરિકી રાજધાની વોશિંગ્ટનમાં ઈઝરાયલી દૂતાવાસની બહાર અમેરિકન એરફોર્સના સૈનિકે આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો. તે કહેતો હતો - હું ગાઝામાં થઈ રહેલા નરસંહારમાં ભાગ નહીં લઉં. પેલેસ્ટાઈનને આઝાદ કરવાની જરૂર છે. મુક્ત પેલેસ્ટાઈન. હવે હું હુમલાના વિરોધમાં ખતરનાક પગલાં લેવા જઈ રહ્યો છું. આટલું બોલતાની સાથે જ અમેરિકન સૈનિકે પોતાની જાતને આગ લગાવી દીધી. એમ્બેસીની બહાર હાજર સિક્યોરિટીએ તાત્કાલિક કાર્યવાહી કરી આગ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો. હાલ સૈનિકની હાલત નાજુક છે. આ ફૂટેજ વોશિંગ્ટનમાં ઈઝરાયલી એમ્બેસીની બહારના છે. જેમાં પોલીસ આ કેસની તપાસ કરતી જોઈ શકાય છે. અમેરિકન મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સુરક્ષા અધિકારીઓએ સૈનિક પર બંદૂક પણ તાકી હતી. અહેવાલો અનુસાર જ્યારે સૈનિક દૂતાવાસની બહાર ઊભો હતો ત્યારે સુરક્ષા અધિકારીઓએ તેની સાથે વાત કરવાનો પ્રયાસ કર્યો હતો. તેણે સૈનિકને પૂછ્યું- સાહેબ, અમે તમને કોઈ રીતે મદદ કરી શકીએ? આ સાંભળીને સૈનિકે પોતાની જાતને આગ લગાવી દીધી.

વીડિયો સોશિયલ મીડિયા પરથી હટાવી દેવામાં આવ્યો છે અમેરિકન મીડિયા અનુસાર, આત્મહત્યાનો પ્રયાસ કરનાર સૈનિકને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. તેની હાલત ગંભીર છે. પોતાની જાતને આગ લગાડતા પહેલા તેણે 'Twitch' નામના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લાઈવ સ્ટ્રીમિંગ કર્યું હતું. જોકે, ઘટના બાદ તરત જ પ્લેટફોર્મ પરથી વીડિયો હટાવી લેવામાં આવ્યો હતો.

7 ઓક્ટોબર 2023ના રોજ શરૂ થયેલા ઈઝરાયલ-હમાસ યુદ્ધ અંગે 20 ફેબ્રુઆરીએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)માં એક બેઠક યોજાઈ હતી. જેમાં અમેરિકાએ ગાઝામાં તાત્કાલિક યુદ્ધવિરામના પ્રસ્તાવને ફગાવી દીધો હતો.

# પેલેસ્ટાઇનમાં PM સહિત સમગ્ર કેબિનેટનું રાજીનામું : કહ્યું- ગાઝામાં લોકો ભૂખથી મરી રહ્યા છે

પેલેસ્ટાઇન | તા.27

પેલેસ્ટાઈનના વડાપ્રધાન મોહમ્મદ સતાયેહ સહિત સમગ્ર સરકારે રાજીનામું આપી દીધું છે. કતારના મીડિયા હાઉસ 'અલ જઝીરા' અનુસાર, વડાપ્રધાન મોહમ્મદ સતાયેહે કહ્યું- ગાઝાપટ્ટીમાં પેલેસ્ટિનિયન ભૂખથી પીડાઈ રહ્યા છે. ત્યાં સતત ઈઝરાયલ હુમલાઓ કરી રહ્યું છે. વેસ્ટ બેન્ક અને જેરુસલેમમાં પણ હિંસા વધી રહી છે. આને ધ્યાનમાં રાખીને મેં રાષ્ટ્રપતિ મહમૂદ અબ્બાસને મારું રાજીનામું સોંપ્યું છે. અલ જઝીરા અનુસાર, મોહમ્મદ સતાયેહનું રાજીનામું એવા સમયે આવ્યું છે જ્યારે અમેરિકા પેલેસ્ટાઈનમાં નવું રાજકીય માળખું બનાવવા માટે રાષ્ટ્રપતિ અબ્બાસ પર દબાણ બનાવી રહ્યું છે.

રિપોર્ટ અનુસાર, ઈઝરાયલ-હમાસ યુદ્ધ સમાપ્ત થયા બાદ પેલેસ્ટાઈન રાજ્યની સ્થાપના કરવામાં આવશે. આ રાજ્ય પર કોણ શાસન કરશે એ અંગે અમેરિકા ઈઝરાયલ અને પેલેસ્ટાઈન ઓથોરિટી સાથે વાત કરી રહ્યું છે. અમેરિકાનું કહેવું છે કે અહીં શાસન માટે નવું રાજકીય માળખું બનાવવું જોઈએ. 7 ઓક્ટોબર, 2023થી ઈઝરાયલી સેના ગાઝા પર સતત હુમલો કરી રહી છે. એની અસર વેસ્ટ બેન્કમાં પણ જોવા મળી રહી છે. વેસ્ટ બેન્કમાં 395 લોકોનાં મૃત્યુ થઈ ગયાં છે.

એ જ સમયે ગાઝામાં 29 હજાર પેલેસ્ટિનિયનોનાં મોત થયાં છે.7 ઓક્ટોબર, 2023થી ઈઝરાયલી સેના પર સતત વેસ્ટ બેન્કમાં પણ જોવા મળી રહી છે.

# જાપાનમાં ભુકંપના 8 સપ્તાહ પછી પણ 10 હજાર લોકો આશ્રય સ્થળોમાં રહેવા મજબૂર

ટોકયો | તા.27

જાપાનના મધ્યભાગમાં નોતો પ્રાયદ્વીપમાં ૧ જાન્યુઆરીના રોજ એક શકિતશાળી ભૂંકપ આવ્યો હતો. હચમચાવી દે તેવા આ ભૂકંપને ૨ મહિના જેટલો સમય પસાર થયો હોવા છતાં ૧૦૦૦૦ થી વધુ લોકો શરણ સ્થળોએ આશ્રય લેવા મજબૂર છે. જાપાની મીડિયાના જણાવ્યા અનુસાર ઈશિકાવા પ્રિફેકચરમાં ભુકંપગ્રસ્ત મકાનોની સંખ્યા વધીને ૭૫૬૬૧ થઈ છે. આ ભૂકંપ પ્રભાવિત પ્રીફેકચરમાં કાટમાળ દૂર કરીને, પાણી પુરવઠો તથા અસ્થાયી આવાસ તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે. જો કે મુખ્ય તો નોતો ક્ષેત્રમાં અંદાજે ૨૧૮૮૦ મકાનો તથા કારખાનાઓ વગેરેમાં હજુ પણ પાણી વિતરણનો જથ્થો પહોંચતો નથી.

ભુકંપ પ્રભાવિત લોકોને સતત મદદ આપતા રહેવું એક પડકાર બની ગયો છે. ગત રવીવારે યુનિવર્સિટીના સ્ટુડન્ટસના એક સ્વયંસેવી સમૂહે સુઝુ શહેર નજીક આવેલા એક આશ્રય સ્થળની મુલાકાત લીધી હતી.

અહીંયા તેમણે લોકો સાથે સમય વિતાવ્યો અને કેટલીક સુવિધાઓ આપવા પ્રયાસ કર્યો હતો. કેટલાક આશ્રય સ્થળો એવા પણ છે જયાં ભૂકંપ પીડિતોને પુરતી સહાય મળતી નથી. વાજિમા શહેરની એક શિબિરમાં રોજ ૧૪૦ લોકોનું બે ટંકનું ભોજન માંડ તૈયાર થાય છે. તેના માટે તેઓ ઈશિકાલા અને અન્ય ક્ષેત્રોમાંના રેસ્ટોરન્ટ અને આસપાસના સહાયતા કેન્દ્રો પર નિર્ભર છે.

# મંત્રીની મિલકત: બાંગ્લાદેશના પૂર્વ મંત્રી બ્રિટનમાં બે હજાર કરોડ રૂપિયાની સંપત્તિના માલિક

ઢાકા | તા.27


બાંગ્લાદેશના પૂર્વ મંત્રી બ્રિટનમાં લગભગ બે હજાર કરોડ રૂપિયાની સંપત્તિના માલિક છે. સૈફુઝ્ઝમાં ચૌધરીએ જાન્યુઆરી 2024 સુધી પાંચ વર્ષ મંત્રી તરીકે સેવા આપી હતી. 2016થી તેમની માલિકીની કંપનીઓએ બ્રિટનના રિયલ એસ્ટેટમાં 350થી વધુ મિલકતો વસાવી છે. આ મિલકતોમાં સેન્ટ્રલ લંડનમાં લક્ઝરી એપાર્ટમેન્ટ્સ, બ્રિટનમાં બાંગ્લાદેશી સમુદાયના સૌથી મોટો રહેણાક વિસ્તાર ટાવર હેમલેટ્સમાં ઘર અને લિવરપૂલમાં વિદ્યાર્થી આવાસનો સમાવેશ થાય છે. અમેરિકાના મેનહટનમાં ચૌધરીની મિલકતો છે, ડિસેમ્બરમાં ચૂંટણી પહેલાં ચૌધરીએ તેમની કુલ સંપત્તિ લગભગ 20 કરોડ રૂપિયા અને તેમની પત્ની રુખમિલા જામની લગભગ 8 કરોડ રૂપિયા હોવાનું જાહેર કર્યું હતું. રાજ્યમંત્રી તરીકે તેમનો 2022-23નો પગાર આશરે રૂ. 10 લાખ છે. હું ખાલી હાથે આવ્યો છું અને ખાલી હાથ જઈશ

ચૌધરીએ 2013માં તેમના પિતા અખ્તરુઝમાન ચૌધરી બાબુના મૃત્યુ પછી રાજકારણમાં પ્રવેશ કર્યો, જે વડાપ્રધાન શેખ હસીનાના નજીકના સાથી હતા. 2014માં ઢાકા ટ્રિબ્યુનમાં છપાયેલા એક લેખમાં તેમણે કહ્યું હતું કે, 'હું ખાલી હાથે આવ્યો છું અને ખાલી હાથ જઈશ.''




# મારી જીત દરેક પાકિસ્તાની મહિલાની જીત છે-મરિયમ નવાઝ

કરાંચી | તા.27



મરિયમ નવાઝ પાકિસ્તાનના પંજાબ પ્રાંતની પ્રથમ મહિલા મુખ્યમંત્રી બન્યા છે. પાકિસ્તાની મીડિયા 'ધ ડોન' અનુસાર, સોમવારે તેમણે પંજાબના ગવર્નર હાઉસમાં પિતા નવાઝ શરીફ અને કાકા શાહબાઝ શરીફની હાજરીમાં સીએમ તરીકે શપથ લીધા. આ દરમિયાન તે તેની માતા કુલસુમ મરિયમનો ફોટો રાખતો હતો. આ પહેલા સોમવારે પંજાબ વિધાનસભાનું સત્ર 2 કલાક મોડું શરૂ થયું હતું. પીટીઆઈ તરફી ધારાસભ્ય, જે હવે સુન્ની ઈત્તેહાદ કાઉન્સિલ (એસઆઈસી) પાર્ટીનો ભાગ છે, તેમણે આરોપ લગાવ્યો કે તેમના સભ્યોને ગૃહમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી નથી. આ પછી SICના 103 ધારાસભ્યોએ વોકઆઉટ કર્યું. જો કે આ પછી પણ ગૃહ અધ્યક્ષે સત્ર ચાલુ રાખવાનો આદેશ આપ્યો હતો. આ પછી પંજાબ એસેમ્બલીમાં વોટિંગ થયું, જેમાં મરિયમ નવાઝનો વિજય થયો. જિયો ન્યૂઝ અનુસાર, મરિયમને 220 ધારાસભ્યોનું સમર્થન મળ્યું, જ્યારે SIC ઉમેદવાર રાણા આફતાબ, જેમણે ગૃહનો બહિષ્કાર કર્યો હતો, તેમને એક પણ મત મળ્યો ન હતો. શપથ સમારોહ પછી લગભગ દોઢ કલાકના ભાષણ દરમિયાન મરિયમે કહ્યું- હું ઈચ્છું છું કે વિપક્ષ પણ આ લોકતાંત્રિક પ્રક્રિયાનો ભાગ બને. આ પછી, જો તેમણે મારા ભાષણ દરમિયાન પ્રદર્શન પણ કર્યું હોત, તો મને આનંદ થયો હોત. મારા કાર્યાલય અને હૃદયના દરવાજા વિરોધી પક્ષ માટે હંમેશા ખુલ્લા રહેશે. મરિયમે કહ્યું- મારી જીત દરેક પાકિસ્તાની મહિલાની જીત છે

મરિયમે કહ્યું- ચૂંટણી દરમિયાન અને તે પહેલા મારી અને મારા પરિવાર પર ઘણા ગુના થયા, પરંતુ હું કોઈની પાસેથી બદલો લેવા માંગતી નથી. મારી જીત પાકિસ્તાનની દરેક મહિલાની જીત છે. મારા પિતા અને પીએમએલ-એનના સુપ્રીમો નવાઝ શરીફે આ પદ સુધી પહોંચવામાં હંમેશા મારો સાથ આપ્યો છે.મરિયમ નવાઝ 2011માં સક્રિય રાજકારણમાં આવી હતી. તેમણે પોતાની રાજનીતિની શરૂઆત યુનિવર્સિટીઓમાં અને મહિલાઓના મુદ્દાઓ પર ભાષણો આપીને કરી હતી. વર્ષ 2017 મરિયમ માટે સર્વશ્રેષ્ઠ હતું, પરંતુ તે જ વર્ષે તેના પિતા નવાઝ શરીફનું નામ પનામા પેપર્સમાં આવ્યા બાદ પાકિસ્તાની સુપ્રીમ કોર્ટે ચૂંટણી માટે અયોગ્ય જાહેર કર્યું હતું. અહીંથી મરિયમે પોતાની પાર્ટી પાકિસ્તાન મુસ્લિમ લીગ (નવાઝ)ની કમાન સંભાળી. તે જ વર્ષે, બીબીસીએ તેનો 100 પ્રભાવશાળી મહિલાઓની યાદીમાં સમાવેશ કર્યો. આ પછી, તે ન્યૂયોર્ક ટાઈમ્સની વિશ્વની 11 શક્તિશાળી મહિલાઓની યાદીમાં સ્થાન મેળવવામાં સફળ રહી.મરિયમ અને અન્ય ધારાસભ્યોના શપથ ગ્રહણ દરમિયાન પૂર્વ પીએમ ઈમરાન ખાનની પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ) પાર્ટીના સભ્યોએ સૂત્રોચ્ચાર કર્યા હતા. પંજાબ એસેમ્બલી 371 બેઠકો સાથે પાકિસ્તાનનું સૌથી મોટું ચૂંટાયેલું ગૃહ છે.

# રિલાયન્સની સાથે જોડાયેલ આ વિદેશી કંપનીને ધરતીમાં ધરબાયેલો અમૂલ્ય ખજાનો મળ્યો

દુંબઈ | તા.27

વિશ્વના સૌથી મોટા તેલ ઉત્પાદક દેશોમાંનો એક દેશ સાઉદી અરેબિયા છે. તેલના મોટા ભંડારો ઉપરાંત, અહીં મોટી સંખ્યામાં ગેસ ફિલ્ડ આવેલા છે. સાઉદી અરેબિયાની સરકારી કંપની સાઉદી અરામકોએ તેની નવી શોધમાં 229 ટ્રિલિયન સ્ટાન્ડર્ડ ક્યુબિક ફીટ ગેસ અને 75 બિલિયન બેરલ કન્ડેન્સેટની શોધ કરી છે. ઉર્જા મંત્રાલયે ઉર્જા મંત્રી પ્રિન્સ અબ્દુલ અઝીઝ બિન સલમાનને ટાંકીને જાહેર કરેલા એક નિવેદનમાં જણાવ્યું છે કે, સાઉદી અરામકોએ પૂર્વીય પ્રાંતના જુફેરાહમાં બે નવા ગેસ ફિલ્ડ શોધી કાઢ્યા છે. ઉર્જા મંત્રાલયના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, પ્રથમ શોધ અલ-હિરાન-1 કૂવાના હનીફા વોટર રિઝર્વમાં કરવામાં આવી હતી અને બીજી શોધ અલ-મહાકેક-2 કૂવામાં કરવામાં આવી હતી. સાઉદી અરેબિયા પહેલેથી જ સંકેત આપી ચૂક્યું છે કે તે ઈંધણ પર તેની નિર્ભરતા ઘટાડવા માટે ઊર્જાના અન્ય સ્ત્રોતો શોધી રહ્યું છે. જેમાં સૌર ઉર્જા અને ગેસ ઉર્જાનો પણ સમાવેશ થાય છે. આટલા મોટા ગેસ ભંડારની શોધથી સાઉદી અર્થતંત્રને ઘણો ફાયદો થવાનો છે. આ પહેલા, સાઉદી અરેબિયાને 5 વધુ ક્ષેત્રોમાં ગેસ મળ્યો છે જ્યાં દરરોજ 46 મિલિયન SCF ગેસ વહે છે. ગયા વર્ષે નવેમ્બરમાં સાઉદી અરામકોએ દક્ષિણ ઘાવરમાં બિનપરંપરાગત ગેસનું ઉત્પાદન શરૂ કર્યું હતુંબિનપરંપરાગત ગેસ, જેને શેલ ગેસ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે સામાન્ય રીતે અનામતમાં જોવા મળે છે, જ્યાં હાઈડ્રોકાર્બન ખડકોના સ્તરોમાં સખત રીતે સ્તરો વચ્ચેથી ગેસ કાઢવા માટે ખાસ ટેક્નોલોજીની જરૂર પડે છે. અહેવાલ મુજબ, દક્ષિણ ઘાવરમાં ગેસ નિષ્કર્ષણ માટે ચાલુ સુવિધા 300 મિલિયન SCF અને કન્ડેન્સેટ માટે પ્રતિ દિવસ 38 હજાર બેરલની ક્ષમતા ધરાવે છે.

# બ્રિટનમાં આવકમર્યાદાને લીધે ભારતીયોનાં લગ્ન પર બ્રેક, પરિવાર સાથે રહેવું મુશ્કેલ




લંડન | તા.27

બ્રિટિશ સરકારે ગેરકાયદે પ્રવાસીઓની સંખ્યા ઘટાડવા માટે કડક પગલાં ભરવાની જાહેરાત કરી છે. જે અંતર્ગત ફેમિલી વિઝા માટેની ન્યૂનતમ આવકમર્યાદા 19.5 લાખ રૂપિયાથી વધારીને લગભગ 40.6 લાખ રૂપિયા કરાશે. આ નિર્ણયથી 20 લાખ બ્રિટિશ ભારતીયો પર સીધી અસર થશે. હજારો ભારતીયોનાં લગ્નની યોજનાઓ પર બ્રેક લગાવી દીધી છે. સૌથી મોટી અસર નર્સ જેવા કેર વર્કર્સ પર પડશે, જેઓ એકલા રહે છે. માન્ચેસ્ટરમાં બ્રિટિશ ભારતીય હર્ષોષ સિંહાએ જણાવ્યું કે હું દિલ્હીમાં રહેતી મંજુષા સાથે લગ્ન કરવાની તૈયારી કરી રહ્યો હતો. મારી આવક માત્ર 26 લાખ છે. આવી સ્થિતિમાં મંજુષા સાથે લગ્નનું સપનું તૂટી જશે. બ્રિટિશ નાગરિક જેસિન્ડા મેથ્યુસ તેના ભારતીય પતિ સાથે બેંગલુરુમાં રહે છે. તે તેનાં માતા-પિતા સાથે રહેવા બ્રિટન જવાનું વિચારી રહી હતી પરંતુ 38 લાખ રૂપિયામાં લેબ આસિસ્ટન્ટ તરીકે નોકરી મેળવવી અશક્ય છે.ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં માઈગ્રેશન ઓબ્ઝર્વેટરીના ડાયરેક્ટર ડૉ મેડેલીન સમ્પશનએ કહ્યું કે પરિવારના સભ્યો અન્ય દેશોમાં સ્થાયી હોવાને કારણે લોકોને ભારે હાલાકી વેઠવી પડશે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં લોકોની આવક અને પગાર વધ્યાં નથી તે પણ ચિંતાનો વિષય છે. બીજી તરફ આવકમાં વધારો કરવો કોઈ મતલબ નથી. તેનાથી સૌથી વધુ અસર ઓછી આવક ધરાવતા બ્રિટિશ નાગરિકો અને ખાસ કરીને મહિલાઓ અને યુવાનો પર પડશે, જેમને ઓછો પગાર મળે છે. વિપક્ષી લેબર પાર્ટીએ પણ આ મુદ્દો ઉઠાવ્યો હતો અને સરકારને તેના પર ફરી વિચાર કરવા અંગે તાકિદ કર્યું છે.

### આંદોલન બાદ અવરજવર કરી રહેલા પ્રવાસીઓની મુશ્કેલી વધતા પોલીસે એક માર્ગ ખોલ્યો

# ખેડૂત આંદોલન : દિલ્હી પોલીસે સિંધુ અને ટીકરી બોર્ડર પરથી બેરિકેડ હટાવ્યા, આ કારણે લીધો નિર્ણય

નવી દિલ્હી | ખેડૂતોના 'દિલ્હી ચલો' આંદોલનના કારણે અવર-જવર કરી રહેલા પ્રવાસીઓની મુશ્કેલી વધી ગઈ છે, જોકે હવે દિલ્હી પોલીસે (Delhi Police) તેમની મુશ્કેલી નિવારવા સિંધુ અને ટીકરી બોર્ડર (Singhu And Tikari border) પરના એક બાજુના માર્ગ પરથી બેરિકેડ હટાવવાનો નિર્ણય કર્યો છે.



વરિષ્ઠ પોલીસ અધિકારીએ કહ્યું કે, 'અમે પ્રવાસીઓ માટે પોઈન્ટ-એથી પોઈન્ટ-બી સુધીના બેરિકેડનો એક ભાગ હટાવવાનો નિર્ણય લીધો છે. જોકે પોલીસ અને અર્ધસૈનિક દળો 24 કલાક તહેનાત રહી સ્થિતિ પર નજર રાખશે તેમજ વાહનોની અવર-જવર બંધ રહેશે.' સિંધુ અને ટીકરી બોર્ડર એક રસ્તો દિલ્હી તરફ જાય છે, જ્યાં એક નાના માર્ગ પરથી બે વિશાળ સીમેન્ટના બેરિકેડ હટાવાયા છે. પોલીસે પ્રવાસીઓના હિતમાં ગઈકાલે જ આ બેરિકેડ હટાવી નાખ્યા છે. આ ઉપરાંત દિલ્હી પોલીસે શહેરની ટીકરી, સિંધુ અને ગાજીપુર બોર્ડર પર સુરક્ષા કર્મચારીઓને સતર્ક રહેવા પણ આદેશ આપ્યો છે. આ દરમિયાન તેમણે મોકડ્રીલ પણ યોજી હતી. દિલ્હી પોલીસના એક અધિકારીઓએ કહ્યું કે, 'ત્રણેય બોર્ડર પર તહેનાત સુરક્ષા કર્મચારીઓને સતર્ક રહેવા અને કડક દેખરેખ રાખવા આદેશ અપાયો છે. દિલ્હી આવનારા અને દિલ્હીથી અન્ય સ્થળે જનારા પ્રવાસીઓ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. જોકે અમે પહેલેથી અવર-જવર માટે એક માર્ગની વ્યવસ્થા કરી છે, પરંતુ જે લોકો પગપાળા અવર-જવર કરી રહ્યા છે, તે લોકો માટે અમે એક માર્ગની વ્યવસ્થા કરી છે, જેનાથી લોકો સરળતાથી રસ્તો પાર કરી શકશે.'ઉલ્લેખનિય છે કે, ટેકાના ભાવ (MSP) માટે કાયદો બનાવવા સહિતની માંગ મુદ્દે પંજાબ અને હરિયાણાના ખેડૂત સંગઠનો 13મી માર્ચથી આંદોલન કરી રહ્યા છે. આ દરમિયાન ખેડૂત પ્રતિનિધિઓ અને કેન્દ્ર સરકારના મંત્રીઓ વચ્ચે ચાર વખત બેઠક યોજાઈ હતી, જોકે તમામ બેઠકો નિષ્ફળ ગઈ છે. આજે પણ ખેડૂતોએ ગાજિયાબાદમાં ટ્રેક્ટર-ટ્રોલીઓ સાથે વિરોધ પ્રદર્શન ક્યું હતું અને રાજ્યના ઘણા રસ્તાઓ બ્લોક કરી દીધા હતા. સંયુક્ત કિસાન મોરચા દ્વારા આંદોલનના આજે 14માં દિવસે દેશભરમાં ટ્રેક્ટર માર્ચ નિકાળવાની જાહેરાત કરાઈ હતી, જેને પગલે હરિયાણા, પંજાબ સહિતના રાજ્યોમાં ખેડૂતો રસ્તા પર ઉતરી વિરોધ પ્રદર્શન કર્યું હતું.

## યાના મીરનો દિલ્હી એરપોર્ટના કસ્ટમ અધિકારીઓ પર હેરાનગતિનો આરોપ

નવી દિલ્હી | જમ્મુ-કાશ્મીરના પત્રકાર અને સોશિયલ એક્ટિવિસ્ટ યાના મીરે તાજેતરમાં બ્રિટનમાં એક કાર્યક્રમમાં આપેલ નિવેદન સોશિયલ મીડિયામાં ખૂબ જ વાયરલ થયું છે. બ્રિટનમાં જમ્મુ કાશ્મીર સ્ટડી સર્કલના એક કાર્યક્રમમાં યાના મીરે બોલવાની સ્વતંત્રતા પર નિવેદન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે તે મલાલા યુસુફઝઇ નથી, અને ભારતમાં સુરક્ષિત છે. તેમના નિવેદનની ક્લિપને સોશિયલ મીડિયા અને ન્યૂઝ ચેનલોએ ખૂબ જ વાયરલ કર્યુ હતું. જો કે હવે યાના મીરે આરોપ મૂક્યો છે કે દિલ્હી એરપોર્ટ પર કસ્ટમ અધિકારીઓએ તેમને ખૂબ જ હેરાન કર્યા હતાં. યાના મીરે એક્સ પર વીડિયો પોસ્ટ કરી દિલ્હી એરપોર્ટના કસ્ટમ અધિકારીઓ પર અનેક પ્રશ્નો ઉભા કર્યા હતાં. તેમણે આરોપ મૂક્યો છે કે તેમને દાણચોરની જેમ હેરાન કરવામાં આવ્યા હતાં.યાના મીરે આરોપ મૂક્યો છે કે તેમના સામાનમાં કેટલીક ખાલી બેગ્સ હતી. તે અંગે કસ્ટમ અધિકારીઓએ એવું વર્તન કર્યુ હતું કે જાણે કે તે ડ્રગ્સ પેડલર હોય. યાના મીરના તમામ આરોપો અંગે દિલ્હી એરપોર્ટની કસ્ટમ ઓફિસની તરફથી સ્પષ્ટીકરણ આપવામાં આવ્યું છે. દિલ્હી કસ્ટમે જણાવ્યું છે કે કાયદાની આગળ કોઇને પણ કોઇ પ્રિવિલેજ મળી શકે નહીં.

### ન્યૂઝ કોર્નર

#### ઉત્તર પ્રદેશમાં કાર અને જીપ વચ્ચે ભીષણ અકસ્માત, છ લોકોનાં મોત, 4ની હાલત ગંભીર

નવી દિલ્હી | દેશમાં રોડ અકસ્માતની ઘટના દિવસેને દિવસે વધી રહી છે ત્યારે ઉત્તર પ્રદેશના બલિયામાં આજે વહેલી સવારે એક કાર અને જીપ વચ્ચે ભીષણ અકસ્માત થયો હતો, જેમાં છ લોકોના મોતના અહેવાલ મળી રહ્યા છે જ્યારે છ કરતા પણ વધારે લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. પોલીસે અકસ્માતની ઘટના વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે વહેલી સવારે લગભગ 3.30 વાગ્યે બલિયાના બૈરિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બે કાર અને એક જીપ વચ્ચે ભીષણ અકસ્માતની ઘટના બની હતી. આ અકસ્માતમાં 6 લોકોના મોત થયા છે અને અનેક લોકો ઘાયલ થયા છે. ઘાયલોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જેમાંથી આ ઘાયલ લોકોમાંથી ચારની હાલત ગંભીર છે, જેમને સારવાર માટે વારાણસી રિફર કરવામાં આવ્યા છે.

#### શાહજહાં શેખની ક્યારે ધરપકડ થશે ? TMCએ સમય જણાવ્યો : હાઈકોર્ટના હુમકથી મમતા દબાણમાં

કોલકત્તા | બંગાળના સંદેશખાલીમાં હિન્દુ મહિલાઓના યૌન ઉત્પીડન અને તેમની જમીનોના કબ્જાના મામલામાં ઘેરાયેલા ટીએમસી નેતા શાહજહાં શેખને તત્કાળ ગિરફતાર કરવા હાઈકોર્ટે આપેલા આદેશ પછી મમતા બેનર્જી અને તેમની પાર્ટી ટીએમસી ''બેક-ફૂટ'' પર આવી ગઈ છે. હવે તો, ટીએમસીના સીનીયર નેતા કૃણાલ ઘોષે તો જાહેર કર્યું છે કે ૭ દિવસમાં જ શાહજહાં શેખની ધરપકડ થઈ જશે. કૃણાલ ઘોષની આ ''શેખી'' અંગે કટાક્ષ કરતા કેટલાયે વિપક્ષી નેતાઓ કહે છે કે ''તે સંભવિત જ નથી. હવા તો તેમ વહે છે કે કદાચ શાહજહાં શેખ લંડન નાસી ગયો છે.'' જોકે તે આક્ષેપો અંગે કોઈ નક્કર પુરાવા તો મળી શકતા નથી.

બીજી તરફ હાઈકોર્ટે કહ્યું હતું કે શાહજહાં શેખની ધરપકડ અંગે અમારા દ્વારા તો કાઈ ''રોક'' છે જ નહીં. કૃણાલ ઘોષે વળી, પલટી મારતા તેમ કહ્યું હતું કે ''શાહજહાં શેખની ધરપકડ અંગે તૃણમૂલના નેતા અને મમતા બેનર્જીના ભત્રીજા અભિષેક બેનર્જીની વાત યોગ્ય લાગે છે. તેઓએ કહ્યું હતું કે ''કેસ સબ-જ્યુડીસ હોવાથી તે વિષે કશું કહેવું યોગ્ય નથી.''

### આ તપાસ હાઇકોર્ટના સીટીંગ-જજ કે. નિવૃત્ત જજની નજર નીચે જ થવી જોઇએ તે નિધન કૈં કુદરતી ન હતું ? આર.એસ. કાંડીયન

## ચૂંટણી પહેલાં હરિયાણામાં સૌથી પહેલી રાજકીય હત્યા, રાઠી હત્યા અંગે CBI તપાસની કોંગ્રેસની માગણી

ચંડીગઢ | ઈંડીયન નેશનલ લોકદળે (આઈએનએલડી) હરિયાણાના પ્રદેશ પ્રમુખ નાફેસિંઘ રાઠવાની હત્યાને રાજ્યમાં થયેલી સૌથી પહેલી રાજકીય હત્યા કહી છે. સાથે આ હત્યા અંગે હાઈકોર્ટના જજ કે. નિવૃત્ત જજની દેખરેખ નીચે સીબીઆઈ તપાસની માગણી કરી છે.કોંગ્રેસના વરીષ્ઠ નેતા રઘુવીર સિંહ કાંડીયાને કહ્યું હતું કે રાઠીનું મૃત્યુ કૈં નૈસર્ગિક કારણોસર તો થયું જ નથી. તે તો રાજકીય હત્યા હતી અને હરિયાણાં જુદાં રાજ્ય તરીકે રચાયું (૧૯૬૬માં) તે પછી રાજ્યમાં થયેલી આ સૌથી પહેલી રાજકીય હત્યા છે. આજે રાજ્યવિધાન સભામાં પોતાનો તે હત્યા વિષે આ પ્રમાણે આક્રોશ ઠાલવતાં કાંડીયન થોડા ભાવૂક બની ગયા હતા.




આજે રાજ્ય વિધાનસભામાં સત્ર શરૂ થયું. ગૃહે તાજેતરમાં જ નિધન પામેલા લોકસભાના પૂર્વ અધ્યક્ષ મનોહર જોષીને શ્રદ્ધાંજલિ અર્પી હતી, આ સાથે મુ.મં.નાં. નેતૃત્વ નીચે ગૃહે રાઠીને પણ શ્રદ્ધાંજલી અર્પી હતી. તેઓને અર્પેલી શ્રદ્ધાંજલીમાં કહ્યું હતું કે રાઠી એક ખેડૂત કુટુમ્બમાંથી આવ્યા હતા અને અનેકવિધ જીવન સંઘર્ષ ખેડી તેઓ વિધાન સભા સુધી પહોંચ્યા હતા. રાઠી હત્યા કરનારાઓની ધરપકડ થવી જ જોઈએ અને તેમને સખતમાંથી સખત સજા થવી જોઈએ.રાઠી જ્યારે તેઓની સ્પોર્ટ્સ યુટિલિટી વ્હીકલ (એસ.યુ.વી.) કારમાં જતા હતા ત્યારે તેઓની સાથે એક આઈએનએલડી કાર્યકર પણ હતો ત્યારે હત્યારાઓએ કાર ઉપર ગોળીઓની બિછાર કરી હતી આ પછી તેઓને હોસ્પિટલમાં લઈ જવાયા હતા જ્યાં તેઓને નિધન પામેલા દર્શાવવામાં આવ્યા હતા.

લોકસભાની ચૂંટણી આડે જ્યારે માત્ર બે માસથી પણ ઓછો સમય રહ્યો છે ત્યારે તેમનાં થયેલાં મૃત્યુ સંદર્ભે વિપક્ષો સરકાર ઉપર તૂટી પડયા હતા અને આક્ષેપ કર્યો હતો કે હરિયાણામાં કાયદો અને વ્યવસ્થા તદ્દન ભાંગી પડયાં છે. આના ઉત્તરમાં મુ.મં. ખટ્ટરે કહ્યું હતું કે આ કેસમાં સંડોવાયેલાં એક પણ ગુનેહગારને છોડવામાં નહીં આવે. આ હત્યા અંગે રાજ્યના પૂર્વ વિધાયક ભાજપના નરેશ કૌશિક સહિત કુલ ૧૨ જણા ઉપર પોલીસે ગુનો દાખલ કર્યો છે.

### હું એક જાહેરાત કરુ છુ કે મેં વાનપ્રસ્થ ગ્રહણ કરી લીધો છે

## એમપીના વિધાયક બગડયા, મને જીવતો જોવો હોય તો પગે લાગવાનું બંધ કરો

ભોપાલ | મધ્યપ્રદેશના વિદિશાના વિધાનસભ્ય ઉમાકાંત શર્માનો એક વીડિયો જે સોશિયલ મીડિયામાં ખૂબ વાયરલ થયો છે. જેમાં તેઓ એક જંગલમાં વ્યાયામ કરતા નજરે પડે છે. આ વીડિયો અને ફોટો તેમને ખૂબ પોતાના સોશિયલ એકાઉન્ટ પર અપલોડ કર્યો છે. બીજો એક વીડિયોમાં તેમનો સંવાદ ચોંકાવનારો છે. ગ્રામીણોને સંબોધતા જણાવી રહયા છે કે ઉમાકાંત શર્મા આપનો ચરણ સેવક સાદર પ્રણામ કરુ છું.



હું એક જાહેરાત કરુ છુ કે મેં વાનપ્રસ્થ ગ્રહણ કરી લીધો છે. ધોતિ અને કુર્તા સિવાય કશુંજ લીધા વિના ઘર છોડી દીધું છે. તેમ છતાં તમે પરાણે ખૂબ ખર્ચ કરી રહયા છો. આજકાલ બાળકો ટેનિસ બોલથી ક્રિકેટ રમે છે જે જિંદગીમાં કયારેય સારા ક્રિકેટર બની શકતા નથી. ઉમાકાંત આટલેથી અટકયા નહી. તેમણે લગ્ન સમારોહમાં પણ જવાનું બંધ કરી દીધું છે. માત્ર ગ્રામીણોના કાર્યક્રમમાં જઈશ એ દરમિયાન મારા કોઈએ પગ પકડવા નહી. ઉમાકાંતને જીવતો જોવા માંગતા હોયતો પગ પકડીને પગે લાગશો નહી.આ વીડિયો જોઈને લોકો એવી ચર્ચા કરવા લાગ્યા છે આવનારા સમયમાં ઉમાકાંત રાજકારણ પણ છોડી શકે છે. પોતે એક જનપ્રતિનિધિ હોવા છતાં સ્વાગત, સત્કાર અને જાહેર સમારોહમાં જવાની ના પાડી રહયા છે. ધારાસભ્યોએ સાર્વજનિક પ્રસંગોમાં આમંત્રણ હોય ત્યારે હાજરી આપવી પડતી હોય છે પરંતુ વિદિશાના ધારાસભ્ય વીડિયોમાં જે વાત કરે છે તે અટપટ્ટી લાગે છે.

### 'બંનેની ઉંમર 50થી વધુ અને બંને યુવાનો...': સપા-કોંગ્રેસના ગઠબંધન પર BJP સાંસદનો કટાક્ષ

નવી દિલ્હી | ઉત્તર પ્રદેશના રાજ્યસભા સાંસદ અને ભાજપના ઉમેદવાર સુધાંશુ ત્રિવેદીએ સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસના ગઠબંધન પર પ્રતિક્રિયા આપી છે. તેમણે કટાક્ષ કરતા કહ્યું કે, આ બે યુવાનોનું ગઠબંધન છે. સુધાંશુ ત્રિવેદીએ કહ્યું કે, આ બે યુવાનોનું અનોખુ ગઠબંધન છે અને તેની અદભૂત વિશેષતાઓ છે. બંનેની ઉંમર 50 વર્ષથી વધુ છે અને બંને યુવાનો છે. બંનેની વિશેષતા એ છે કે, રાહુલ ગાંધીના પિતા દિવંગત રાજીવ ગાંધીએ 400 બેઠકો પર જીત મેળવી હતી અને રાહુલ ગાંધી તેને 44 બેઠકો પર લઈ આવ્યા. આ સાથે જ મુલાયમ સિંહનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે મુલાયમ સિંહે 2012માં પોતાના દમ પર સ્પષ્ટ બહુમતી સાથે પોતાની સરકાર બનાવી હતી અને સત્તા અખિલેશ યાદવને આપી અને તેઓ બેઠકોને 57 પર લઈ આવ્યા છે. તેમનો ઈતિહાસ જોતા તેમનું ભવિષ્ય સ્પષ્ટ છે.

### ફરવા જવાનો પ્લાન કરતા લોકો માટે હવામાન વિભાગની ચેતવણી, ભારે વરસાદની કરી આગાહી

નવી દિલ્હી | જો તમે પણ આવનારા કેટલાક દિવસો જમ્મુ કાશ્મીર કે હિમાલયી વિસ્તારોમાં જવાનો પ્લાન બનાવી રહ્યા છો તો હવામાન વિભાગે એક આગાહી કરી છે. હવામાન વિભાગના અનુસાર, આવનારા કેટલાક દિવસોમાં જમ્મુ કાશ્મીર અને કેટલાક હિમાલયી વિસ્તારોમાં ભારે હિમવર્ષાની સંભાવના છે. જમ્મુ કાશ્મીરમાં હવામાન વિભાગે પ્રવાસીઓ અને મુસાફરો માટે સલાહ પણ જાહેર કરી છે.હવામાન વિભાગ દ્વારા કહેવાયું છે કે, પોતાના પ્રવાસની યોજના બનાવો. કેટલાક મધ્ય અને ઊંચા વિસ્તારોમાં ભારેથી અતિભારે હિમવર્ષાને ધ્યાને રાખીને તંત્ર અને પોલીસની સલાહનું પાલન કરવા કહેવાયું છે. સાથે જ પહાડી વિસ્તારોમાં રહેનારી સામાન્ય જનતાને પણ ચેતવણી આપી છે કે તેઓ હિમસ્ખલન-સંભવિત અને ઢોળાવ વાળા વિસ્તારોમાં ન જાય. કેટલાક સ્થળો પર ભૂસ્ખલન અને પથ્થર પડવાની શક્યતાઓ છે.

### સ્પેસમાં જીરો ગ્રેવિટીમાં શરીર સંતુલન જાળવવું ખૂબ મોટો પડકાર છે

## ગગનયાનના 4 ભારતીય એસ્ટ્રોનટસ, રશિયામાં 13 મહિનાની કઠોર તાલીમ લીધી

નવી દિલ્હી | ભારતના સમાનવ ચંદ્ર પર જનારા ગગનયાનના ૪ એસ્ટ્રોનટના નામ અને ઓળખ જાહેર કરવામાં આવી છે. ગગન મિશનએ ભારતનો પ્રથમ સમાનવ અવકાશ ઉડાન કાર્યક્રમ છે, જેના માટે ઈસરો દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ગગનયાન પ્રોજેકટ અંર્તગત ૩ દિવસના મિશન માટે ૪૦૦ કિમીની ભ્રમણકક્ષામાં લોંચ કરીને ભારતીય સમુદ્ર પરથી સફળ ઉતરાણ કરવા સુધીનો સમાવેશ થાય છે. યાનમાં બેસીને ચંદ્ર પર જનારા સાહસિકો ભારતીય વાયુસેનાના ગુ્પ કેપ્ટન અને વિંગ કમાંડર છે.




ચંદ્ર પ્રવાસ માટે ભારતના અંતરિક્ષયાત્રીઓએ રશિયાના યુરી ગાગારિન કોસ્મોનટ ટ્રેનિંગ સેન્ટરમાં ૧૩ મહિના સુધીની તાલીમ લીધી છે. સ્પેસ સંશોધનો અને સ્પેસ સાયન્સમાં લાંબો અનુભવ ધરાવતું રશિયાનું યુરી ગાગારિન ટ્રેનિંગ સેન્ટર તાલિમ માટે વિખ્યાત છે. આ સેન્ટરમાં ભારતના પ્રથમ અવકાશયાત્રી હોવાનું ગૌરવ ધરાવતા રાકેશ શર્માએ ૧૯૮૪માં સ્પેસ ટ્રેનિંગ લીધી હતી. આ કોસ્મોનૉટ ટ્રેનિંગ સેન્ટર સ્ટાર સીટી ખાતે આવેલું છે જે રશિયાના પાટનગર મોસ્કોથી ૩૦ કિમી દૂર છે. યુરી ગાગારિન અવકાશમાં જનારા પ્રથમ રશિયન એસ્ટ્રોનટ હતા તેમની યાદમાં નામ રાખવામાં આવ્યું છે. આ સેન્ટરમાં આપવામાં આવેલી તાલીમ દરમિયાન અંતરિક્ષમાં તમામ પરીસ્થિતિ અને પડકારોનો સામનો કરવાનો સમાવેશ થાય છે.સ્પેસમાં જીરો ગ્રેવિટીમાં શરીર સંતુલન જાળવવું ખૂબ મોટો પડકાર હોય છે આથી ખાસ પ્રકારના જીરો ગ્રેવેટી વાતાવરણમાં તેની શરીર પર થતી અસર ચકાસવામાં આવે છે. કલાકો સુધી સ્પેસના વાતાવરણમાં સર્વાઇવ કરવાનું શિખવવામાં આવે છે. આ ટ્રેનિંગમાં વિષમ પરિસ્થિતિઓમાં એસ્ટ્રોનટને સાચો નિર્ણય લેવા પર ભાર મુકવામાં આવે છે. સ્પેસમાં તાપમાન ખૂબ ઓછું હોય છે.

### સપાને મોટો ઝટકો, ધારાસભ્ય મનોજ પાંડેએ SPના 'ચીફ વ્હિપ' પદેથી આપ્યું રાજીનામું



રાજ્યસભાની ચૂંટણી વચ્ચે સમાજવાદી પાર્ટીને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. પાર્ટીના ધારાસભ્ય મનોજ પાંડેએ ચીફ વ્હીપના પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમણે પોતાનું રાજીનામું રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવને મોકલી આપ્યું છે. ઉત્તર પ્રદેશમાં રાજ્યસભાની 10 બેઠકો માટે ચાલી રહેલા મતદાન વચ્ચે, સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવના નજીકના નેતા મનોજ પાંડેએ વ્હીપ પદ પરથી રાજીનામું આપી દીધું છે. હવે એવું માનવામાં આવી રહ્યું છે કે મનોજ ભારતીય જનતા પાર્ટીને વોટ આપી શકે છે. સપા નેતા અખિલેશ યાદવને લખેલા પત્રમાં મનોજ પાંડેએ કહ્યું હતું કે- 'હું ચીફ વ્હીપના પદ પરથી રાજીનામું આપી રહ્યો છું કૃપા મારા રાજીનામાનો સ્વીકાર કરશો.'


### ઘાયલ પોલીસકર્મીઓને પૂર્ણિયાની હોસ્પિટલમાં સારવાર અપાઇ

## તેજસ્વી યાદવની જન વિશ્વાસ યાત્રાની એસ્કોર્ટ કારનો અકસ્માત, એકનું મોત

નવી દિલ્હી : બિહારમાં પૂર્ણિયાના બેલૌરીમાં પૂર્વ ઉપમુખ્યમંત્રી તેજસ્વી યાદવના કાફલામાં સામેલ વાહન અને એક કાર વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ ભયંકર અકસ્માતમાં પોલીસ એસ્કોર્ટ વાહનના ચાલકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે 6થી વધુ પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા. હાલમાં તમામ ઘાયલ પોલીસકર્મીઓને પૂર્ણિયાની એક હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. કાફલામાં સામેલ વાહનનો માલિક પૂર્ણિયાનો રહેવાસી છે. મૃતક ડ્રાઈવરની ઓળખ મધુબની ટીઓપી પોલીસ સ્ટેશન વિસ્તારના રહેવાસી મોહમ્મદ હલીમ તરીકે થઈ છે. ઘટનાની માહિતી મળતાની સાથે જ પૂર્ણિયાના એસપી ઉપેન્દ્ર નાથ વર્મા હોસ્પિટલ પહોંચ્યા હતા.



ઘટના અંગે સ્થાનિક લોકોનું કહેવું છે કે કાફલામાં સામેલ કાર અચાનક કાબૂ બહાર નીકળી ગઈ હતી અને પછી ડિવાઈડર તોડીને અન્ય રૂટ પર જતી કાર સાથે અથડાઈ હતી, જેમાં કારમાં સવાર અન્ય 3 લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. સ્થાનિક લોકોની મદદથી તમામ ઘાયલ જવાનોને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તમામની સારવાર ચાલી રહી છે. પોલીસ હાલમાં મોહમ્મદ હલીમના મૃતદેહના પોસ્ટમોર્ટમની પ્રક્રિયામાં છે.


મહિલા કોસ્ટ ગાર્ડ અધિકારીની અરજીને ધ્યાને સુપ્રીમ કોર્ટે આ ટિપ્પણી કરી હતી

### કોસ્ટ ગાર્ડ આર્મી અને નેવીથી અલગ હોવાની તેમજ બોર્ડની રચનાની સરકારની દલીલો સુપ્રીમે ફગાવી

# મહિલાઓને પાછળ છોડી ના શકાય, સરકાર આદેશ નહીં આપે તો અમે આપીશું : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી | ભારતીય કોસ્ટ ગાર્ડમાં મહિલા અધિકારીઓને કાયમી કમીશન આપવાની માગને લઈને સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારની ફરી ઝાટકણી કાઢી હતી. સુપ્રીમે કહ્યું હતું કે જો તમે કાયમી કમીશન આપી શકો તેમ ના હોય તો અમે આદેશ જારી કરી દઈશું.

એક મહિલા કોસ્ટ ગાર્ડ અધિકારીની અરજીને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટે આ ટિપ્પણી કરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે તમે મહિલા અધિકારીઓને કાયમી કમીશન આપો અન્યથા અમે આદેશ આપી દઈશું. હવે આ મામલે ૧ માર્ચના રોજ વધુ સુનાવણી કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટે ઈન્ડિય કોસ્ટ ગાર્ડના એક મહિલા અધિકારીએ કરેલી અરજીની સુનાવણી કરી હતી. જેમાં આઈસીજી માટે યોગ્ય મહિલા શોર્ટ સર્વિસ કમીશન અધિકારીઓને કાયમી કમીશન આપવાની માગણી કરવામાં આવી છે. એટર્ની જનરલ આર વેંકટરમણીએ કહ્યું હતું કે કોસ્ટ ગાર્ડ નેવી અને આર્મીથી તદ્દન અલગ છે. આ મામલે એક બોર્ડનું ગઠન કરવામાં આવી ચુક્યું છે. સાથે જ સ્ટ્રક્ચરલ ફેરફારોની પણ જરૂર છે. મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચૂડે કહ્યું હતું કે તમે જે દલિલો કરી રહ્યા છો તેમાં કોઈ જ દમ નથી, મહિલાઓને પાછળ ના છોડી શકાય, જો તમે કાયમી કમીશન નહીં આપો તો અમે આદેશ આપી દઈશું. આ મામલે હવે ૧ માર્ચના રોજ સુનાવણી કરવામાં આવશે.

**ઉત્તર મધ્ય રેલવે**

**ઈ-ટેન્ડરીંગ ટેન્ડર સૂચના**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (વર્કસ) ઉત્તર મધ્ય રેલ્વે ઝાંસી ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી નીચેના કામો માટે ઓનલાઈન (ઈ-ટેન્ડરીંગ) દ્વારા સીલબંધ 'ઓપન ટેન્ડર' આમંત્રિત કરે છેઃ-

| | |
|---|---|
| ઈ-ટેન્ડર નંબર :- JHS-ENGG-E-2024-24 | અંદાજીત કિંમત :- 37782390.09 |
| અર્નેસ્ટ મની :- 338900.00 | ટેન્ડર બંધ થવાની તારીખ :- 20/03/2024 ના રોજ 15:00 કલાક |

કાર્યનું વર્ણન :-લલિતપુર-ખજુરાહો વિભાગઃ- ઉદયપુરા ખાતે મર્યાદિત ઉંચાઈ સબવેની જોગવાઈ.

ઈશ્યૂ સ્વીકૃતિ પત્રથી પૂર્ણ થવાની તારીખ/અવધિઃ - 10 મહિના - ટેન્ડર ઓનલાઈન 20-03-2024 ના રોજ 15:00 કલાક સુધી સબમિટ કરી શકાય છે. સંપૂર્ણ વિગતો અને બિડ સબમિશન માટે કૃપા કરીને ભારતીય રેલવેની વેબસાઇટ www.ireps.gov.in જુઓ.

326/24(K)

@northcentralrailway North central railways www.ncr.indianrailways.gov.in @CPRONCR

**ઉત્તર મધ્ય રેલવે**

ઈ-નિવિદા સંખ્યાઃ- PRYJ-GSU-Sig-016-2023-24 તારીખ :- 22-02-2024

**ઈ-નિવિદા સૂચના**

ડેપ્યુટી સીએસટીઈ ગતિ શક્તિ યુનિટ ( સિગ્નલ અને ટેલીકમ્યુનિકેશન ) દ્વારા ઉત્તર મધ્ય રેલવે પ્રયાગરાજ ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના અને નીચેના કાર્ય માટે નિર્ધારિત ફાર્મ ખુલી ઈ-નિવિદા વર્ણન ખુલવાની તારીખ 15:00 વાગ્યા સુધી સમર્થિત જાતિ કાર્યનું વર્ણન નીચે પ્રકાર છે.

| | |
|---|---|
| કાર્યનું અંદાજીત ખર્ચ :- રૂ: 14239376.59 | અનામત રકમ :- રૂ:- 221200.00 |

કાર્યનું વર્ણન :- પ્રયાગરાજ વિભાગ - S & T ચુનાર જંક્શન સ્ટેશન પર સ્થિત SM રુમ થી S & T માત્ર અને ગિયર્સ કો નવા SM રૂમમાં શિફ્ટ કરવા સંબંધમાં.

ટેન્ડર સંખ્યા :-016 , પ્રપત્રની નિવિદા કિંમત :-0.00, સમાપન અવધિ :- બાર મહિના, ટેન્ડર ખુલવાની તારીખ :- 21-03-2024, 2. નિવિદા પ્રપત્ર ની ઉપલબ્ધતા :- નિવિદા પ્રપત્ર www.ps.gov.in પર ઉપલબ્ધ છે. 3.- અનામત રાશિ જમા કરવા માટે અને તેનુ રૂપઃ- ઉપાર્જિત માત્ર માત્ર ઈન્ટરનેટ બેંકિંગ અથવા ઓનલાઈન ચૂકવણી ગેટવે ના માધ્યમ થી ઓનલાઈન પ્રપત્ર ના માધ્યમ થી જ જમા કરવાની રહેશે. કોઈ પણ કિસ્સામાં ઉપરોક્ત આપવા ઉપરાંત કોઈ અન્ય સ્વરૂપે ધરોહર (ઓ) ને ધ્યાન આપવું જોઈએ. યોગ્ય બાનાના નાણાં વિનાના ટેન્ડર કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં અને સંપૂર્ણ રીતે નકારવામાં આવશે. 4. ટેન્ડર ખુલવાનો સમય અને સ્થળ :- ડિવિઝનલ રેલ્વે મેનેજર પ્રયાગરાજની ઓફિસમાં 15:30 કલાકે ઈ-ટેન્ડર દ્વારા ટેન્ડર ખોલવામાં આવશે. જો આ ટેન્ડર ખોલવાની તારીખે રજા હોય તો બીજા કામકાજના દિવસે ટેન્ડર ખોલવામાં આવશે. 5. ટેન્ડરની માન્યતા :- ટેન્ડર ખોલવાની તારીખથી 60 દિવસ. 6.- ટેન્ડર રદ કરવાના રેલ્વેના અધિકારોઃ- રેલ્વે વહીવટીતંત્ર કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડરને મુલતવી/સંશોધિત કરવા અથવા રદ કરવાનો અધિકાર અનામત રાખે છે. , 7.- કામની સમાન પ્રકૃતિઃ- ડિઝાઈન, ઈન્સ્ટોલેશન, પરીક્ષણ, કમિશનિંગ અથવા EI ના ફેરફાર દ્વારા સંબોધિત કોઈપણ સિગ્નલિંગ કાર્ય.

323/24(DG)

North central railways @CPRONCR @northcentralrailway www.ncr.indianrailways.gov.in

# ઉત્તર પ્રદેશ-ઉભરતો પ્રદેશ



"ખેડૂત, નવયુવાન, મહિલા અને ગરીબ, ઉત્તર પ્રદેશ સરકારની નીતિઓના કેંદ્રમાં છે. હમારી નીતિ અને નિયત સાફ છે. આજે ઉત્તર પ્રદેશ પોતાના આત્મનિર્ભર સ્વરુપને તેજીની સાથે આકાર આપી રહ્યુ છે. અંત્યોદયના સંકલ્પને આત્મસાત કરીને, સર્વોદયની ભાવના સાથેના અમારા સામૂહિક પ્રયાસો વિકાસના વૈશ્વિક મંચ પર નવા ઉત્તર પ્રદેશની ભવ્ય સ્થાપના સુધી ચાલુ રહેશે."

**- યોગી આદિત્યનાથ**
**મુખ્યમંત્રી, ઉત્તર પ્રદેશ**

**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના 'સબકા સાથ-સબકા વિકાસ- સબકા વિશ્વાસ-સબકા પ્રયાસ'ના સૂત્રને અપવાનીને યોગી સરકાર સમાજના બધા વર્ગો, ખાસ કરીને ગરીબો, ખેડૂતો, મહિલાઓ અને યુવાનોના હિતમાં કાર્ય કરી રહી છે. ઉત્તર પ્રદેશનનો મજબૂત કાયદો-વ્યવસ્થા દેશ-દુનિયાની સામે એક મોડલ તરીકે ઉભરી આવ્યુ છે. ઉદ્યોગ ફ્રેંડલી નીતિઓ, સારુ ઈન્ફ્રાસ્ટ્રકચર અને વિશાળ ઉપભોક્તા બજારના અંતર્ગત પ્રદેશમાં રોકાણનો માહોલ બન્યો છે. ઉત્તર પ્રદેશ મોબાઈલ મેન્યુફેક્ચરિંગનું સૌથી મોટુ હબ બનીને ઉભરી આવ્યુ છે. વિવિધ યાત્રાધામોના વિકાસને કારણે વારસાના સંરક્ષણ અને સંવર્ધન થયા છે.ઓડીઓપી કાર્યક્રમ અને વિશ્વકર્મા શ્રમ સમ્માન યોજનાના પરંપરાગત ઉત્પાદો તેમજ આનાથી જોડાયેલા કારીગરોને જીવાદોરી મળી છે. વિકસિત ભારતના સંકલ્પને પૂરુ કરવા માટે ઉત્તર પ્રદેશ પોતાની ભૂમિકા સારી રીતે ભજવી રહ્યુ છે.**



"2017માં ડબલ એન્જિનની સરકાર બનાવ્યા પછીથી યુપીને જૂના પડકારોનો સામનો કરવાની સાથે, આર્થિક વિકાસને નવી ગતિ આપી છે. ભારતમાં બે મોટા ડિફેન્સ કોરિડોર પર કામ ચાલી રહ્યુ છે, એમાંથી એક યુપીમાં બની રહ્યુ છે. અમે યુપીના દરેક હિસ્સામાં આધુનિક એક્સપ્રેસ વે સાથે કનેક્ટ કરી રહ્યા છે. યુપીના કેટલાક શહેર મેટ્રો સુવિધાથી જોડાઈ રહ્યા છે."

**- નરેન્દ્ર મોદી**
**પ્રધાનમંત્રી**

### એરપોર્ટ

2016-17માં 2 એરપોર્ટ
2024માં 10 એરપોર્ટ સંચાલિત (4 આંતરરાષ્ટ્રીય એરપોર્ટ સહિત)
11 એરપોર્ટ બની રહ્યા છે.

### વીજ ઉત્પાદન ક્ષમતા

| 2016-17માં | 2023-24માં |
|---|---|
| 5600 મેગાવોટ | 8688 મેગાવોટ |

### કૃષિ વિકાસ દર

| 2016-17માં | 2024માં |
|---|---|
| 6.6 ટકા | 18.2 ટકા |

### સૌર ઉર્જા ક્ષમતા

| 2017 સુધી | 2023-24માં |
|---|---|
| 288 મેગાવોટ | 2596 મેગાવોટ |

**સૌથી આકર્ષક**
જીબીસી-4.0માં 10 લાક કરોડથી વધુના પ્રોજેક્ટની શરુઆત, 34 લાખથી વધુ લોકોને રોજગાર/નોકરી

**ગરીબી નાબૂદી**
6 કરોડથી વધુ લોકો ગરીબી રેખાની બહાર

**પ્રવાસીઓનું પ્રિય સ્થળ**
44 કરોડ પ્રવાસીઓનું આગમન

**96 લાખથી વધુ એકમો સાથે**
સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગની સ્થાપનામાં પ્રથમ

## સંસ્કૃતિનું સમ્માન



- અયોધ્યામાં શ્રી રામજન્મભૂમિ મંદિરમાં રામલલ્લા બિરાજમાન
- શ્રી કાશી વિશ્વનાથ ધામ કોરિડોરનો વિકાસ
- અયોધ્યામાં દિવ્ય-ભવ્ય-દીપોત્સવ, કાશીમાં દેવ-દિવાળી મથુરામાં શ્રી કૃષ્ણોત્સવ, રંગોત્સવ અને વ્રજ રજોત્સવનું આયોજન
- પ્રયાગરાજ મહાકુંભ-2025 માટે રૂ. 2,500 કરોડનું બજેટ
- સાંસ્કૃતિક વારસાની જાળવણી માટે ઉત્તર પ્રદેશ વ્રજ તીર્થ વિકાસ પરિષદ, સ્ત્રી વિંધ્ય ધામ તીર્થ વિકાસ પરિષદ, શ્રી ચિત્રકૂટ ધામ તીર્થ વિકાસ પરિષદ, શ્રી નૈમિષારણ્ય ધામ તીર્થ વિકાસ પરિષદની રચના

## નિષ્પક્ષ ભરતી દ્વારા રોજગાર



- 6 લાખથી વધુ યુવાનોને સરકારી નોકરી
- 1.50 લાખથી વધુ મહિલાઓને સરકારી નોકરી
- બેઝિક શિક્ષામાં 1 લાખ 26 હજારથી વધુ શિક્ષકોની ભર્તી
- માધ્યમિક શિક્ષામાં 33 હજારથી વધુ શિક્ષકોની ભર્તી
- ઉચ્ચ શિક્ષામાં 5 હજારથી વધુ શિક્ષકોની ભર્તી
- એમએસએમઈ/ખાનગી ક્ષેત્રમાં 2 કરોડથી વધુ લોકોને રોજગાર
- 58 હજારથી વધુ બીસી સખીઓની નિમણૂક
- 16.5 લાખથી વધુ યુવાનોનો કૌશલ્ય વિકાસ

## નવી ઓળખ




- ઓડીઓપી ઉત્પાદનોની ઈ-માર્કેટિંગ માટે 'ઓડીઓપી માર્ટ પોર્ટલ' લોન્ચ
- એક જનપદ એક ઉત્પાદ વિત્ત પોષણ યોજના અંતર્ગત 13,597 લાભાર્થીઓના માધ્યમથી 1,92,193 રોજગારનું સર્જન
- ક જનપદ-એક ઉત્પાદ કાર્યક્રમ અંતર્ગત ઈ-કોમર્સ પોર્ટલ પર 20,000થી વધુ ઉત્પાદનોનું વેચાણ

## રોકાણ માટે અનુકૂળ વાતાવરણ



- યૂપી ઈન્વેસ્ટર્સ સમિટ-2018ના માધ્યમથી અત્યાર સુધી રુ. 4.28 લાખ કરોડથી વધુનું રોકાણ પ્રોજેક્ટો પર કાર્ય શરુ, 15.52 લાખ લોકોને રોજગાર
- યૂપી ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-2023ના અંતર્ગત રુ. 40 લાખ કરોડના એમઓયૂ, 1.10 કરોડથી વધુ લોકોને રોજગાર મળશે
- સિંગલ વિંડો નિવેશ મિત્ર પોર્ટલના માધ્યમથી 37 વિભાગોની 479 ઓનલાઈન સેવાઓ ઉપલબ્ધ

## દરેક ઘર પ્રકાશિત



- પાવર ફોર ઓલ યોજના અંતર્ગત 1.58 કરોડ ઘરોમાં મફત વીજળી કનેક્શન
- અયોધ્યા અને વારાણસીના મોડલ સોલર સિટીના રુપમાં વિકાસ
- 1,21,324 મુખ્ય વીજળીકરણ
- ગ્રામીણ ક્ષેત્રોમાં 18 કલાક, તાલુકા મુખ્યાલયોમાં 21.30 કલાક અને જિલ્લા મુખ્યાલયોમાં 24 કલાક વીજ પૂરવઠો
- 1000થી વધુ વસતી વાળા 12,137 ગામો/મુખ્યમાં 26,805 કિમી એબી કેબલની સ્થાપના
- 33/11 કેવીના 736 નવા વીજ સબસ્ટેશનની સ્થાપના અને 1,528 વીજ સબસ્ટેશનોની ક્ષમતામાં વધારો
- 176 ટ્રાન્સમિશન સબસ્ટેશનો અને સંબંધિત લાઈનોનું રુ. 21,000 કરોડના ખર્ચે ઉર્જાવાન બાંધકામ કરવામાં આવ્યુ

## બધા માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ



- સ્કૂલ ચલો અભિયાનમાં 1.98 કરોડથી વધુ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓની નોંધણી
- 40 લાખથી વધુ બાળકોની નોંધણી ડ્રોપ આઉટ દરમાં નોંધપાત્ર ઘટાડો
- પી.એમ. શ્રી યોજના અંતર્ગત પસંદ કરેલ શાળાઓમાં અલ્ટ્રામોડર્ન ટેકનીક અને ડિજિટલ શિક્ષણ વ્યવસ્થાનું વિકાસ
- સ્વામી વિવેકાનંદ યુવા સશક્તિકરણ યોજના અંતર્ગત 25 લાખ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને ટેબલેટ/સ્માર્ટફોનનું વિતરણ
- 18 મંડળોમાં અટલ આવાસીય વિદ્યાલયોનું સંચાલન
- 39 નવી હાઈસ્કૂલ અને 14 નવી ઈન્ટર કોલેજોનું બાંધકામ બિનસલામત વિસ્તારોમાં.
- શિક્ષણમાં ટેકનોલોજીને વધારવા માટે પ્રાથમિક સ્કૂલોમાં 2.09 લાખથી વધુ શિક્ષકોને ટેબલેટ વિતરણ
- 57 જિલ્લાઓમાં મુખ્યમંત્રી મોડલ કમ્પોજિટ સ્કૂલોની સ્થાપનાનું નિર્ણય

### જૂનું દેવું ચૂકવ્યું



પૈસાના અભાવના કારણે હું દુકાનમાં પૂરતો સ્ટોક રાખી શકતી નહોતી. પીએમ સવનિધિ યોજના માટે અરજી કરી. 10 હજાર રૂપિયાની લોન સરળતાથી મળી ગઈ. આ પૈસાથી જૂનું દેવું ચૂકવ્યું અને દુકાન માટે નવી વસ્તુઓ ખરીદી. દુકાનમાં વેરાયટી વધવાને કારણે ગ્રાહકો વધ્યા છે.

**ગીતા દેવી,** વારાણસી

### પારદર્શક પ્રક્રિયાથી સરકારી નોકરી મળી



હું હાલમાં ડૉ. રામ મનોહર લોહિયા હોસ્પિટલમાં ગેસ્ટ્રો મેડિસિન વિભાગમાં કામ કરું છું. સંપૂર્ણ ન્યાયી અને પારદર્શક ભરતી પ્રક્રિયા દ્વારા પરીક્ષાનું આયોજન કરવા બદલ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ જીનો ખૂબ ખૂબ આભાર. આજે સરકારી નોકરી મળવાથી ખૂબ આનંદ થયો છે.

**યોગેન્દ્ર કુમાર,** લખીમપુર ખીરી


### સરળતાથી વીજળી ઉપલબ્ધ



એક સમય હતો જ્યારે માત્ર મોટા ઘરોને જ વીજળી મળતી હતી, પરંતુ હવે સરકારના પ્રયાસોને કારણે ગરીબો સુધી વીજળી સરળતાથી પહોંચી રહી છે. ગરીબોના ઘરો વીજળીથી ઝળહળી રહ્યા છે. કોઈ દિવસ ઘરોમાં વીજળીનું કનેક્શન આવશે, આ યોજના પહેલા આવી કલ્પના પણ નહોતી, પરંતુ 'સૌભાગ્ય યોજના'થી ઘરો ચમકી રહ્યાં છે.

**શિવરતન યાદવ, મહોબા**

### અભ્યાસ માટે મદદ મળી



કન્યા સુમંગલા યોજના દ્વારા રાજ્યના આર્થિક રીતે નબળા વર્ગની દીકરીઓને અભ્યાસ માટે આર્થિક સહાય આપવામાં આવે છે. મને પણ આ યોજનાનો લાભ મળ્યો છે, આ લાભ મળ્યા પછી હું મારો અભ્યાસ ચાલુ રાખી શકી. યોગી સરકારનો આભાર.

**રિયાંશી,** બાગપત